સીટી માટે....

પાનાં : ૩૨ કિંમત : રૂા. ૬-૦૦ * * તા. ૧ નવેમ્બર ૨૦૨૬ રવિવાર
અમદાવાદ, વડોદરા, સુરત, રાજકોટ, ભાવનગર, ભૂજ અને મુંબઈથી પ્રગટ થતું દૈનિક

ગુજરાત સમાચાર

વાંચન વિશેષ રવિપૂર્તિ

અધિષ્ઠાપક તંત્રી : સ્વ. શાંતિલાલ અ. શાહ ▶ સંવત ૨૦૮૨ શકે ૧૯૪૮ આસો વદ - ૭ વર્ષ : ૯૪, અંક : ૨૯૭ ▶ ટે.નં.૨૫૫૦૮૦૦૧-૨-૩-૪ ▶ http://www.gujaratsamachar.com AHMEDABAD
મેનેજિંગ તંત્રી : શ્રેયાંસ શાંતિલાલ શાહ ▶ મુદ્રક અને પ્રકાશક : શ્રેયાંસ શાંતિલાલ શાહ ખાનપુર, અમદાવાદ-૧▶ RNI Reg. No. 1562/57/REG.No. GAMC-28/2025-2026 Valid upto 31 Dec., 2026 Posting at A'bad RMS 1-2-3-4

અનેક રાજ્યોમાં ભારે વરસાદની હવામાન વિભાગની એલર્ટ

અર્નબ પછી આંધ્ર - ઓડિશા પર વધુ એક વાવાઝોડાનું જોખમ

(પીટીઆઈ) નવી દિલ્હી, તા.૩૧

બંગાળની ખાડીમાંથી ઊઠેલા અર્નબ વાવાઝોડાંએ આંધ્ર પ્રદેશ, ઓડિશા સહિતના રાજ્યોમાં ભારે વિનાશ વેર્યો હતો. રાજ્યો આ વિનાશમાંથી બહાર આવે તે પહેલાં જ અંદામાન અને નિકોબાર ટાપુ નજીક બંગાળની ખાડીમાં વધુ એક વાવાઝોડું તૈયાર થઈ રહ્યું છે. આ વાવાઝોડું ત્રણ નવેમ્બરને મંગળવારે આંધ્ર પ્રદેશમાં ત્રાટકી શકે છે. જોકે, આ વાવાઝોડું અર્નબ કરતાં નબળું હશે તેમ હવામાન વિભાગે જણાવ્યું હતું.

વાવાઝોડાની અસર હેઠળ આંધ્રમાં પ્રતિ કલાક ૯૦થી ૧૧૦ કિ.મી.ની ગતિએ પવન ફૂંકાવાની હવામાન વિભાગની ચેતવણી

હવામાન વિભાગે કહ્યું કે, બંગાળની ખાડીમાં નીચા દબાણનું ક્ષેત્ર બની રહ્યું છે, જે રવિવારે વાવાઝોડાંમાં બદલાઈ શકે છે અને મંગળવારે આંધ્ર પ્રદેશ તથા પુડુચેરીના દરિયા કિનારે ત્રાટકી શકે છે. વાવાઝોડાંની અસર હેઠળ સોમવારે અને મંગળવારે આંધ્ર પ્રદેશ, પુડુચેરીમાં ભારે વરસાદ થશે જ્યારે મંગળવાર અને બુધવારે રાયલસીમા તેમજ બુધવારે અને ગુરુવારે ઓડિશામાં ભારે વરસાદ થશે તેમ હવામાન વિભાગે જણાવ્યું હતું.

હવામાન વિભાગ મુજબ નવું વાવાઝોડું અર્નબ કરતાં નરમ હશે અને તેની અસર હેઠળ મંગળવારે વહેલી સવારે પ્રતિ કલાક ૯૦થી ૧૧૦ કિ.મી.ની ઝડપે પવન ફુંકાઈ શકે છે.

હવામાન વિભાગે ઉમેર્યું કે, દક્ષિણ ભારતમાં આગામી સપ્તાહે અનેક રાજ્યોમાં હળવાથી ભારે વરસાદ થઈ શકે છે. આ સિવાય પૂર્વીય ભારતમાં ગંગાના મેદાની વિસ્તારોમાં પશ્ચિમ બંગાળ, સિક્કિમ, બિહારમાં પણ ભારે વરસાદ વરસી શકે છે.

અર્નબ ચક્રવાત ૨૮ ઓક્ટોબરે વિશાખાપટ્ટનમના બીચ આંધ્ર પ્રદેશ અને પુડુચેરીના દરિયા કિનારે ત્રાટક્યું હતું. આ વાવાઝોડાંની અસરથી પ્રતિ કલાક ૧૫૦ કિ.મી.ની ઝડપે પવન ફૂંકાયો હતો. આંધ્ર પ્રદેશ, ઓડિશા સહિત અનેક રાજ્યોમાં મૂશળધાર વરસાદ વરસ્યો હતો અને લાખો લોકોને સલામત

(અનુસંધાન ૧૩મે પાને)

ઉત્તરાખંડના કેદારતાલ ટ્રેક પર હિમસ્ખલન થતાં આઠ લોકો ફસાયા, ચારને સુરક્ષિત બચાવાયા

વિકાસના નામે બેફામ બાંધકામોથી જોખમ વધ્યું : સંશોધન

હિમાલયમાં ખતરો વધ્યો, ભારતીયો સહિત ત્રણ લાખ લોકોના જીવને જોખમ

નવી દિલ્હી, તા. ૩૧

હિમાલયના ક્ષેત્રોમાં નિર્માણ કાર્ય બહુ જ ઝડપથી વધી રહ્યું છે. જેને કારણે પર્યાવરણને ભારે નુકસાન થઈ રહ્યું છે જેનું પરિણામ પણ માનવીએ જ ભોગવવું પડી શકે છે અને ભારે તારાજી સર્જી શકે છે. એક નવા આંતરરાષ્ટ્રીય સંશોધન મુજબ આ આંધળા વિકાસ અને આડેધડ બાંધકામોને કારણે ત્રણ લાખ લોકો પર મોતનો ખતરો મંડરાઈ રહ્યો છે.

નેપાળ, તિબેટ, ઉત્તરાખંડના સંવેદનશીલ વિસ્તારોમાં ૨૦૧૬થી ૨૦૨૩ વચ્ચે ૪૫ ટકા નિર્માણ વધી ગયું

સાઈન્ટિફિક રિપોર્ટ્સ જર્નલમાં પ્રકાશિત સંશોધન મુજબ ઉત્તરી નેપાળ, દક્ષિણ-પૂર્વી તિબેટ તેમજ ભારતના ઉત્તરાખંડના સંવેદનશીલ વિસ્તારોમાં વર્ષ ૨૦૧૬થી ૨૦૨૩ વચ્ચે જોખમવાળા ક્ષેત્રોમાં નિર્માણ ૪૫ ટકા વધી ગયું છે. જ્યારે ગ્લેશિયર તળાવો ફાટવાનો ખતરો છે તેવા વિસ્તારોમાં નિર્માણની ગતી ૭૮ ટકા નોંધવામાં આવી છે. બ્રિટન, નેપાળ તેમજ ભારતના મળીને કુલ નવ શોધકર્તાઓના એક સમૂહ દ્વારા હિમાલયી નદીઓના વહેણ ક્ષેત્રમાં નદીથી ૫૦ કિલોમીટર સુધીના વિસ્તારોમાં લગભગ ૧૩૬૦ ગ્લેશિયર તળાવો આસપાસ તૈયાર બાંધકામોનું વિશ્લેષણ કરવામાં આવ્યું હતું.

આ સંશોધનમાં જણાવવામાં આવ્યું છે કે નિયમોને બાજુમાં રાખીને હોટેલ, રિસોર્ટ, રિયલ એસ્ટેટ અને મોટા ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ ઉભા કરવામાં આવી રહ્યા છે. વૈજ્ઞાનિકોનું સ્પષ્ટ કહેવું છે કે પ્રાકૃતિક હોનારતની હદમાં રહેતા લોકોની વાસ્તવિક સંખ્યા આશરે ત્રણ લાખથી વધુ છે જેમના પર જીવનું જોખમ

(અનુસંધાન ૧૩મે પાને)

‘સર’ની પ્રક્રિયાના અંત બાદ પણ નામ ઉમેરી શકાય

‘સર’ની પ્રક્રિયા પૂર્ણ થવાથી મતદાર યાદી ફ્રીઝ થઈ જતી નથી : સુપ્રીમ

નવી દિલ્હી, તા. ૩૧

મતદારોના વેરિફિકેશનની પ્રક્રિયા એટલે કે ‘સર’ અંગે સુપ્રીમ કોર્ટે સ્પષ્ટતા કરી હતી અને કહ્યું હતું કે આ સરની પ્રક્રિયા પૂર્ણ થવાનો અર્થ મતદાર યાદી ફ્રીઝ કરવાનો નથી. કેટલાક રાજ્યોમાં સરની પ્રક્રિયાને લઈને સુપ્રીમ કોર્ટમાં અરજી કરવામાં આવી છે. જેની સુનાવણી દરમિયાન આ સ્પષ્ટતા કરવામાં આવી હતી.

મતદાર વેરિફિકેશન માટે કેરળ, છત્તીસગઢ અને ઉ.પ્રદેશમાં ડેડલાઈન લંબાવવાની માગ સુપ્રીમે ફગાવી

કેરળ, છત્તીસગઢ અને ઉત્તર પ્રદેશમાં સરની પ્રક્રિયાને પડકારતી અરજીની સુનાવણી દરમિયાન સુપ્રીમ કોર્ટે સમય મર્યાદા વધારવાની ના પાડી દીધી હતી. મુખ્ય ન્યાયાધીશ સૂર્યકાંત, ન્યાયાધીશ જોયમાલ્યા બાગચી તેમજ વી. મોહનાની બેંચે કહ્યું હતું કે સમય મર્યાદા વધારવાની કોઈ જરૂર નથી કેમ કે મતદારોના નામોનો યાદીમાં સમાવેશ કરવાની પ્રક્રિયા શરૂ રહેશે.

સરની પ્રક્રિયાનો અંત આવવાનો મતલબ એ નથી કે મતદારોનું નામ યાદીમાં કાયમ માટે ફ્રીઝ કરી દેવામાં આવ્યું છે.

બીજી તરફ ચૂંટણી પંચે સ્વીકાર કર્યો હતો કે ઉત્તર પ્રદેશના અધિકારીઓએ ફોર્મ-૭ સ્વીકાર કરવામાં મોટી ગડબડ કરી હતી.

જવાબદાર અધિકારીઓની સામે કાર્યવાહીની પણ ચૂંટણી પંચે ખાતરી આપી

(અનુસંધાન ૧૩મે પાને)

મણિપુરમાં શાંતિ માટે જનતાની આજીજી

દેશમાં એક નવી પ્રથા શરૂ થઈ છે. જે કોઈપણ સરકારનો વિરોધ કરે તે વ્યક્તિ કે જૂથ ખોટા, તે દિમાગી નક્સલ. આ તસવીર જુઓ મણિપુરમાં જનતા રસ્તા પર ઉતરી. સરકારને એટલી આજીજી કરવા માટે કે, ૨૦૨૩ના મે મહિનાથી શરૂ થયેલી હિંસા બંધ કરાવો. ઉલ્લેખનીય છે કે, આ હિંસામાં ૩૦૦થી વધુના મોત થયા છે. શું આ જનતાની સરકારને વિનંતી સાચી છે કે, પછી આ બધા પણ દિમાગી નક્સલ છે?

રામપુર જેલમાંથી છુટતા જ આઝમ ખાનની ઈડીએ ધરપકડ કરી

લખનૌ, તા. ૩૧

ઉત્તર પ્રદેશની રામપુર જેલમાંથી આઝમખાનની મુક્તિ બાદ ઈડી દ્વારા તેની ધરપકડ કરવામાં આવી હતી. શનિવારે ઈડીની ટીમ સીઆરપીએફ જવાનોની સાથે જેલની બહાર પહોંચી હતી અને આઝમખાનને પોતાની સાથે લઈ ગઈ હતી. ઈડીએ ૧૪ ઓક્ટોબરે કેસ દાખલ કર્યો હતો. આ અગાઉ ઈલાહાબાદ હાઈકોર્ટે બે પાનકાર્ડ કેસમાં આઝમખાન અને અબ્દુલ્લા આઝમ ની જામીન અરજી મંજૂર કરી હતી અને સજા સ્થગિત કરી હતી. ઈડી આઝમખાનને રવિવારે સવારે ૧૦ વાગે કોર્ટમાં રજૂ કરીને કસ્ટડીની માંગ કરશે.

એર ચીફ માર્શલ આશુતોષ દીક્ષિત હવાઈદળના નવા વડા

(પીટીઆઈ) નવીદિલ્હી,તા.૩૧

એર ચીફ માર્શલ આશુતોષ દીક્ષિતે શનિવારે દેશના હવાઈદલના ૨૯મા વડા (ચીફ ઓફ ધ એર સ્ટાફ) તરીકે કાર્યભાર સંભાળ્યો છે. તેઓ અલગ - અલગ ૨૦ પ્રકારના વિમાનોને ૩૫૦૦ કલાક સુધી ઉડાવી ચૂકેલા કાબેલ ફાઈટર પાઈલોટ છે. તેઓ ૪૨ વર્ષની નમૂનારૂપ સેવા પછી નિવૃત્ત થયેલા એર ચીફ માર્શલ એ.પી. સિંઘના અનુગામી બન્યા છે. ભારતીય હવાઈ દળની વ્યૂહાત્મક આક્રમણ ક્ષમતાના પ્રતીકરૂપ બનેલા ઓપરેશન સિંદૂરના અમલીકરણમાં સિંઘની મુખ્ય ભૂમિકા હતી.

હવાઈ દળના સૈનિકો સાથે ગાઢ અને અંગત સંપર્ક ધરાવવા માટે એ.પી. સિંઘને યાદ કરાશે.

ભારતની વિદેશી જીપીએસ પર નિર્ભરતા ઘટશે

સ્વદેશી નેવિગેશન માટે ઈસરોના એનવીએસ-૩ સેટેલાઈટનું લોન્ચિંગ

(પીટીઆઈ) શ્રીહરિકોટા, તા.૩૧

ભારતે ફરી એક વખત દુનિયાને તેની વૈજ્ઞાનિક ક્ષમતાનો પરચો બતાવી દીધો છે. ભારતીય અવકાશ સંશોધન સંગઠન (ઈસરો)એ શ્રીહરિકોટાના સતીશ ધવન સ્પેસ સેન્ટરમાંથી શુક્રવારે મોડી રાતે એનવીએસ-૦૩ સેટેલાઈટનું સફળ લોન્ચિંગ કર્યું હતું. દેશની સ્વદેશી નેવિગેશન સિસ્ટમ ‘નાવિક’ને નવી શક્તિ આપવા માટે આ સેટેલાઈટને જિયોસિંક્રોનસ ટ્રાન્સફર ઓર્બિટ (જીટીઓ)માં સ્થાપિત કરાયો છે. આ સાથે જ સ્વદેશી નાવિક સિસ્ટમ અત્યંત શક્તિશાળી અને સચોટ થઈ ગઈ છે. હવે ભારતની વિદેશી જીપીએસ પરની નિર્ભરતા ઘટી જશે.

‘નાવિક’ સિસ્ટમને અમેરિકાના જીપીએસની જેમ લોકેશન, નેવિગેશન અને ટાઈમિંગ સેવાઓ માટે વિકસાવાઈ

ઈસરોએ જીએસએલવી રોકેટ મારફત સ્વદેશી નેવિગેશન સેટેલાઈટ એનવીએસ-૦૩ના લોન્ચિંગ સાથે ઈસરોએ ભારતની સ્વતંત્ર પ્રાદેશિક નેવિગેશન સેટેલાઈટ સિસ્ટમ નાવિકને તેના ચાર ઉપગ્રહના લઘુત્તમ કાર્યકારી માળખામાં પુનઃ સ્થાપિત કરી છે. બીજી પેઢીનો નેવિગેશન સેટેલાઈટ એનવીએસ-૦૩ સ્વદેશી અણુ ઘડિયાળથી સજ્જ છે, જેનો ઉપયોગ ટ્રેનો, વાહનો અને શિપિંગ જહાજોને રિયલ ટાઈમમાં ટ્રેક કરવા જેવા નાગરિક ઉપયોગની

(અનુસંધાન ૧૩મે પાને)

દિલ્હીની વાત

કોંગ્રેસની મહારેલી પર વરસાદનું સંકટ

નવીદિલ્હી, તા. ૩૧

દિલ્હીના રામલીલા મેદાનમાં રવિવારે યોજાનાર રેલીને કારણે દિલ્હી પોલીસે સુરક્ષા વ્યવસ્થા વધારી દીધી છે. વરસાદને કારણે રામલીલા મેદાનમાં પાણી ભરાઈ ગયું હતું. મેદાનમાં કાદવ અને પાણીની અસર રેલીની તૈયારી પર થઈ છે. રેલીમાં લગભગ ૫૦ હજાર લોકો પહોંચવાની શક્યતા હોવાથી મેદાનને ૧૪ ઝોનમાં વહેંચવામાં આવ્યું છે. સુરક્ષા તેમજ ભીડની વ્યવસ્થા માટે લગભગ ૪ હજાર જેટલા પોલીસ કર્મચારીઓ તૈયાર રહેશે. રામલીલામાં પ્રવેશ માટે મેટલ ડીટેક્ટર લગાવવામાં આવ્યા છે. લોકોની સુરક્ષા તપાસ થયા પછી જ એમને મેદાનમાં પ્રવેશ આપવામાં આવશે. રેલીને કારણે દિલ્હીના અગત્યના સ્થળોએ ૧૫૦

(અનુસંધાન ૧૩મે પાને)

બેધડક -મંજુલ

આમાં તો ગૃહના અધ્યક્ષ વિપક્ષના નેતાઓને જરા પણ ટોક્યા વગર બોલવાની છૂટ આપે છે... નક્કી આ ફેક ઘટના લાગે છે !



સુપ્રીમકોર્ટના જસ્ટિસ નિલય અંજારિયાના હસ્તે પુસ્તકનું વિમોચન

નૈતિકતા, પ્રમાણિકતા અને ઉચ્ચ મૂલ્યોનું બીજું નામ એટલે સુરેશ એન.શેલત

અમદાવાદ,શનિવાર

ગુજરાતના પૂર્વ એડવોકેટ જનરલ અને સિનિયર એડવોકેટ સુરેશભાઈ એન.શેલત- એ લેગસી રિમેમ્બર્ડ નામના પુસ્તકનું આજે અમદાવાદમાં સુપ્રીમકોર્ટના જસ્ટિસ નિલય વી.અંજારિયાના હસ્તે વિમોચન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે જસ્ટિસ નિલય અંજારિયાએ પોતાના વકતવ્યમાં જણાવ્યું હતું કે, નૈતિકતા, પ્રમાણિકતા, વ્યવસાયિક નીતિમત્તા અને જાહેરજીવનમાં પણ સાદગી અને સૌહાર્દપૂર્ણ સ્વભાવ અને પ્રેરણાદાયી જીવનના ઉચ્ચ મૂલ્યોનું બીજું નામ એટલે સુરેશભાઈ શેલત. સુરેશભાઈ શેલત આદર્શ પ્રેરણામૂર્તિ હતા. કાયદા પ્રત્યેની યોગ્યતા, લગાવ અને વકીલાત પ્રત્યેના તેમના ઝીણવટભર્યા અભ્યાસ અને કટિબધ્ધતા જટિલ કાનૂની પ્રશ્નોને ઉકેલવાની તમની ક્ષમતા આપણને યાદ અપાવે છે. તેમના ગુણો જ્યારે વ્યાવસાયિક પ્રામાણિકતા સાથે હોય છે ત્યારે તે ફક્ત એક સક્ષમ વકીલને જ નહીં, પરંતુ બેન્ચ અને બારનો આદર મેળવનાર અને સહન કરનાર વ્યક્તિને અલગ પાડે છે એમ જસ્ટિસ અંજારિયાએ ઉમેર્યુ હતું.

દરમ્યાન ગુજરાત હાઈકોર્ટના કાર્યકારી મુખ્ય ન્યાયમૂર્તિ માનશ રંજન પાઠકે જણાવ્યું કે, સ્વ. એસ.એન. શેલતનું બારમા સ્થાન તેમના અસાધારણ આદર્શ, કાયદા પ્રત્યેની તેમની આગવી કુનેહ-સૂઝબૂઝ અને વકીલાત પ્રત્યેના તેમના ઝીણવટભર્યા અભિગમને પ્રતિબિંબિત કરે છે. વકીલમિત્રોએ ખાસ કરીને જુનીયર વકીલોએ તેમના જીવનમાંથી પ્રેરણા મેળવી તે પ્રમાણે આગળ વધવુ જોઈએ.

આ પ્રસંગે ભારતના સોલિસિટર જનરલ, તુષાર મહેતાએ જણાવ્યુ કે, એસ.એન.શેલત સાહેબે મને ઘણા ગુણો

ગુજરાતના પૂર્વ એડવોકેટ જનરલ અને સિનિયર એડવોકેટ સ્વ.સુરેશભાઈ શેલત - એ લેગસી રિમેમ્બર્ડ નામના પુસ્તકનું આજે અમદાવાદમાં સુપ્રીમકોર્ટના જસ્ટિસ નિલય વી.અંજારિયાના હસ્તે વિમોચન કરવામાં આવ્યું હતું, તે પ્રસંગની તસ્વીરમાં હાઈકોર્ટના કાર્યકારી મુખ્ય ન્યાયમૂર્તિ માનશ રંજન પાઠક, સુપ્રીમકોર્ટના જસ્ટિસ નિલય અંજારિયા, ભારતના સોલીસીટર જનરલ તુષાર મહેતા, હાઈકોર્ટના જસ્ટિસ વૈભવી ડી.નાણાવટી અને સ્વ.એસ.એન.શેલતના પત્ની પૂર્ણિમા શેલત દ્રશ્યમાન થાય છે.

માટે સંસ્થા(ગુજરાત હાઈકોર્ટ - ન્યાયતંત્ર) હંમેશા સર્વોચ્ચ અને આદરણીય રહ્યા હતા.

ગુજરાત હાઈકોર્ટના કાર્યકારી મુખ્ય ન્યાયમૂર્તિ માનશ રંજન પાઠક, ભારતના સોલિસિટર જનરલ તુષાર મહેતા, એડ્વોકેટ જનરલ કમલભાઈ ત્રિવેદી, પ્રો. ડાૅ. તેજસ પટેલ, ગુજરાત હાઈકોર્ટના જસ્ટિસ વૈભવી ડી.નાણાવટી સહિતના કાનૂની દિગ્ગજો અને પ્રખ્યાત વ્યક્તિઓની ઉપસ્થિતિમાં યોજાયેલા આ પુસ્તકના વિમોચન પ્રસંગે જસ્ટિસ નિલય અંજારિયાએ વધુમાં જણાવ્યું કે, સુરેશભાઈનો એક સહજ અને ઉત્કૃષ્ટ ગુણ એ પણ હતો કે, તેમણે કયારેક કોઈ જજીસ તો ઠીક, તેમના સમકક્ષ, સાથીદાર, વકીલો કે સામાન્ય કલાર્ક-કર્મચારી પર પણ કયારેય કોઈ ટિપ્પણી કરી ન હતી કે કોઈના માટે ખરાબ શબ્દ ઉચ્ચાર્યા ન હતા. અસરકારક વકીલાત તૈયારી, તથ્યોની સંપૂર્ણ સમજ અને સ્પષ્ટતા અને ચોકસાઈ સાથે પોતાનો કેસ રજૂ કરવાની ક્ષમતા પર આધારિત છે. આ શીખવ્યા છે, જે શીખવવાનો પ્રયાસ કર્યા વિના પણ શીખવ્યા છે એવો તેમનો સરળ અને સહજ સ્વભાવ હતો. સુરેશભાઈ શેલત ઉદ્યોગ, પ્રામાણિકતા, ચારિર્ત્ય અને નમ્રતાનું સંયોજન છે. પ્રામાણિકતાનો અર્થ પૈસાની દ્રષ્ટિએ પ્રામાણિક હોવું જરૂરી નથી. વ્યવસાયિક અને જીવનની સાચી નૈતિકતા હોવી જરૂરી છે. એડ્વોકેટ જનરલ કમલભાઈ ત્રિવેદી અને ડો. તેજશ પટેલએ એસ.એન. શેલતને ભાવભરી સ્મરણાંજલી અને ઉમદા વ્યક્તિત્વને ઉજાગર કર્યુ હતું. આ પ્રસંગે એસ.એન.શેલતના પુત્રી હાઈકોર્ટના જસ્ટિસ વૈભવી નાણાવટી, જમાઈ દેવાંગ નાણાવટીએ આમંત્રિત મહેમાનોનું સ્વાગત અને આભાર વિધિ કરી હતી. આ પુસ્તકપૂર્ણિમા શેલત દ્વારા સંપાદિત કરવામાં આવ્યું હતું. આજના પ્રસંગે હાઈકોર્ટ અને સુપ્રીમકોર્ટના પૂર્વ ન્યાયમૂર્તિઓ, કાયદાજગતના મહાનુભાવો અને વકીલો ખૂબ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

સુરેશ શેલત - એ લેગસી રિમેમ્બર્ડના વિમોચન પ્રસંગે એક્ટિંગ ચીફ જસ્ટિસ પાઠક, સોલિસીટર જનરલ તુષાર મહેતા, જસ્ટિસ વૈભવી નાણાવટીની ઉપસ્થિતિ



જળ આપદા અને વીજ આપદાના આગોતરા આયોજનને લઈને આ વખતે દિવાળીના તહેવારો દરમ્યાન અ.મ્યુ.કો. તંત્ર અનેક સ્થળોએ તહેવારોની વિશેષ લાઈટિંગ નહીં કરે. સિંધુભવન, એસ.જી. હાઈવે, પરીમલ- થલતેજ અંડરપાસ, રિવરફ્રન્ટ હાઉસ - જેવા અનેક સ્થળોએ લાઈટીંગ જોવા નહીં મળે. જ્યાં લાઈટિંગ કરવામાં આવશે તેનો સમય પણ સાંજે ૭થી ૧૨ સુધીનો જ રહેશે. આમ દિવા તળે અંધારું આ વર્ષે અમદાવાદ શહેરમાં જોવા મળશે. (તસ્વીર : સુરેશ મિસ્ત્રી)

૧૫૩ને નોટિસ આપી રૂ.૨.૬૭ લાખ દંડ

તહેવારો સમયે પશ્ચિમ ઝોનમાં જ ત્રણ દિવસમાં ૨૦ દુકાનો સીલ

અમદાવાદ, શનિવાર

અમદાવાદ શહેરના પશ્ચિમ ઝોનમાં ગંદકી અને પ્લાસ્ટિકના વપરાશ મામલે તહેવારો ટાંણે જ ત્રણ દિવસમાં ૨૦ દુકાનો દુકાનો સહિતના એકમો મ્યુનિ.ના સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગ દ્વારા સીલ કરી દેવામાં આવ્યા છે.

નવરંગપુરામાં ઓનેસ્ટ, ડ્રાઈવ ઈન રોડ પર હોટલ સ્વેલ સહિતના એકમો સામે ગંદકી ફેલાવવા બદલ કાર્યવાહી

અમદાવાદ મ્યુનિ.ના પશ્ચિમ ઝોન સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગ દ્વારા ત્રણ દિવસમાં વિવિધ વોર્ડમાં પ્રતિબંધિત પ્લાસ્ટિકના વપરાશ, જાહેરમાં ગંદકી ફેલાવવા તેમજ રસ્તા પર બાંધકામનું મટિરિયલ રાખવા સહિતની બાબતે તપાસ કરવામાં આવી હતી. ૨૩૯ની તપાસ કરીને ૧૫૩ યુનિટને નોટિસ ફટકારી ૨૦ એકમ સીલ કરાયા હતા. આ તમામ કાર્યવાહી દરમિયાન રૂ.૨.૬૭ લાખ દંડ વસૂલ કરવામાં આવ્યો છે. સીલ કરાયેલા એકમોમાં નવરંગપુરામાં કોમર્સ છ રસ્તા સ્થિત હોનેસ્ટ અને ડ્રાઈવ ઈન રોડ પર આવેલી હોટલ સ્વેલ, પાલડીના પ્રીતમનગરમાં મહારાજ હેન્ડલૂમ વગેરેનો સમાવેશ થાય છે. દિવાળીના તહેવારો આડે હવે માત્ર એક સપ્તાહ બાકી રહ્યું છે. બજારમાં ધીમે ધીમે ઘરાકી ખુલી છે. નિયમો અને કાયદાનું પાલન ચોક્કસ થવું જોઈએ. પરંતુ તહેવારો સમયે જ મ્યુનિ.ની આ કહેવાતી કડક કાર્યવાહી વેપારીઓમાં ટીકાનું કેન્દ્ર બની છે.

પાનના ૧૩૫૫ ગલ્લાની તપાસમાં માત્ર ૩૫.૭ કિલો પ્લાસ્ટિક મળ્યું!

અમદાવાદ શહેરમાં આજે પાનના ગલ્લાઓની તપાસની ડ્રાઈવ રાખવામાં આવી હતી. જેમાં સાતેય ઝોનમાં કુલ ૧૩૫૫ ગલ્લાની તપાસ કરાઈ હતી. આ દરમિયાન કુલ ૩૫.૭ કિલો પ્રતિબંધિત પ્લાસ્ટિક જપ્ત કરીને રૂ.૧.૧૫ લાખ દંડ વસૂલાયો હતો.

સરકાર તેલલોબી પાસે લાચાર કે મોંઘવારી ઘટાડવાની જ અનિચ્છા

દિવાળી પર્વે સિંગતેલનો ડબ્બો વધીને રૂ.૩૦૫૦ની વિક્રમી સપાટીએ પહોંચ્યો

રાજકોટ,શનિવાર

ગુજરાતમાં વર્ષે સરેરાશ ૫૦થી ૫૧ લાખ ટન અને દેશમાં ૧૨૫ લાખ ટન મગફળીના ઉત્પાદન સાથે ભારત વિશ્વમાં અગ્રેસર છે, રાજ્યનો ઉત્પાદનનો ફાળો દેશમાં ૪૫થી ૫૦ ટકા જેટલો નોંધપાત્ર છે છતાં ગુજરાતીઓને રાજ્યમાં જ મગફળીમાંથી નીકળતું સિંગતેલ મોંઘુદાટ મળી રહ્યું છે. હાલ દિવાળી પર્વોમાં ખાદ્યતેલની માંગ સ્વાભાવિક વધતી હોય છે તે સ્થિતિને લઈને તેલલોબીએ આજે વધુ રૂા.૩૦ના વધારા સાથે સિંગતેલનો ડબ્બો ત્રણ વર્ષ બાદ રૂા.૩૦૫૦ની વિક્રમી સપાટીએ પહોંચાડી દીધો છે.

અન્ય તેલોના ભાવ ઘટ્યા છતાં સિંગતેલમાં વધારો! મગફળીનું ઉત્પાદન ૫૦ લાખ ટનને પાર જે વાર્ષિક સરેરાશ જેટલું જ છે

આશ્ચર્યજનક અને શંકાજનક બાબત એ છે કે કપાસિયા તેલના ભાવ રૂા.૨૫૯૦-૨૬૫૦થી ઘટીને આજે ૨૫૮૦-૨૬૩૦ અર્થાત્ રૂા.૨૦નો ઘટાડો થયો છે અને પામતેલમાં પણ ડબ્બાએ રૂા.૧૫નો ઘટાડો થયો છે. સૂર્યમુખી સહિત તેલના ભાવ સ્થિર રહ્યા છે જે ખરેખર તો કસ્ટમડ્યુટી ઘટાડા પછી ઘટવા જોઈતા હતા.

રાજ્યમાં આ વર્ષે ચોમાસુ આંશિક નબળુ રહ્યું છે પરંતુ, મગફળીનો ખરીફ પાક નોર્મલ થયો છે. કૃષિ વિભાગે ચાલુ વર્ષના ચોમાસામાં આશરે ૫૦.૩૩ લાખ ટન પાકનો અંદાજ જારી કર્યો છે જ્યારે ઈ.સ.૨૦૨૨-૨૩ અને ઈ.૨૦૨૩-૨૪માં તે ૪૫ લાખ ટન જ રહેતો હતો. યાર્ડમાં આવક પણ જારી છે પરંતુ, ખેડૂતોને મગફળીના પોષણક્ષમ ઉંચા ભાવ મળવાની સાથે ગ્રાહકોને વાજબી ભાવે તેલ મળી રહે તે સુનિશ્ચિત કરવામાં સરકારી તંત્ર કાં તો તેલલોબી પાસે લાચાર છે અથવા તો મોંઘવારી ઘટાડવા ઈચ્છા દેખાતી નથી. ઉલ્લેખનીય છે કે ગત વર્ષની સાપેક્ષે સિંગતેલ માટે ૨૫થી ૩૦ ટકા વધુ ભાવ ચૂકવવા પડે છે.

રાજ્યમાં પાંચ વર્ષ દરમિયાન મગફળીનું ઉત્પાદન

વર્ષ	ઉત્પાદન ટનમાં	યીલ્ડ હેક્ટર-કિલો
૨૦૨૨-૨૩	૪૪,૦૭,૫૫૪	૨૫૭૯
૨૦૨૩-૨૪	૪૫,૧૦,૦૭૯	૨૫૫૮
૨૦૨૪-૨૫	૫૦,૮૫,૬૦૬	૨૬૬૫
૨૦૨૫-૨૬	૬૧,૦૩,૩૬૦	૨૭૨૪
*૨૦૨૬-૨૭	૫૦,૩૩,૧૪૦	૨૪૨૦
વાર્ષિક સરેરાશ	૫૦,૨૭,૯૪૭	૨૫૮૯

(*સત્તાવાર પ્રથમ અંદાજ)

સિવિલથી જેલમાં લઈ જવાના બદલે રામોલ લઈ ગયો

દુષ્કર્મના આરોપીને વસ્ત્રાલમાં લઈ જઈ ASIએ ભગાડી મૂક્યો

અમદાવાદ, શનિવાર

નરોડામાં દુષ્કર્મના ગુનામાં જેલમાં સજા ભોગવી રહેલા કાચા કામના આરોપીને એ.એસ.આઈએ ભગાડી દીધો છે. સિવિલમાંથી સાબરમતી સેન્ટ્રલ જેલમાં લઈ જવાના બદલે વસ્ત્રાલમાં લઈ જઈ ઈરાદા પૂર્વક ભગાડી દીધો હતો. એટલું જ નહીં દૂધેશ્વર બ્રિજ પાસે ટ્રાફિકજામનો લાભ લઈને આરોપી ભાગી ગયો હોવાનો કન્ટ્રોલમાં ફોન પણ કર્યો હતો. આ બનાવ અંગે રામોલ પોલીસે આરોપી અને એએસઆઈ સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

દૂધેશ્વર બ્રિજ પાસે ટ્રાફિકજામનો લાભ લઈને ભાગ્યાનો કન્ટ્રોલમાં ફોન કર્યો : આરોપી અને ASI સામે ફરિયાદ

શાહીબાગ મુખ્ય મથકમાં નોકરી કરતા પીઆઈ, બી.ડી.કોટડાએ રામોલ પોલીસ સ્ટેશનમાં નરોડા પોલીસ સ્ટેશનમાં દુષ્કર્મ કેસના આરોપી રાજુ ઉર્ફે ગોપાલ ઠક્કર તથા એ.એસ.આઈ રાજેશ દયારામ સામે ફરિયાદ નોધાવી છે કે આરોપીને સાબરમતી જેલમાંથી તા. ૨૭-૧૦-૨૬ના રોજ કોર્ટ મુદત માટે પોલીસ જાપ્તા સાથે લાવવામાં આવ્યો હતો. જ્યાં તેની તબિયત લથડતાં સિવિલ હોસ્પિટલમાં લવાયો હતો જો કે વધુ સારવાર બાકી હતી સારવાર પુરી ન થાય ત્યાં સુધી લોકઅપ ગાર્ડમાં દાખલ કરાયો હતો. બે દિવસ પછી ડિસ્ચાર્જ કરતા પોલીસ જાપ્તા સાથે જેલ હવાલે કરવાનો હતો.

બીજીતરફ એ.એસ.આઈ. રાજેશ દયારામ આરોપી પોતાનો સંબંધી થતો હોવાનું કહી અન્ય સ્ટાફને સાથે રાખ્યા વગર એકલા જ તેને રિક્ષામાં બેસાડીને નીકળ્યા હતા. અને કન્ટ્રોલમાં ફોન કરીને દૂધેશ્વર સર્કલ પાસે ટ્રાફિક જામનો લાભ લઈને આરોપી ફરાર થઈ ગયો છે તેવી વાત કરી હતી. જો કે માધવપુરા અને રામોલ પોલીસની તપાસમાં એ.એસ.આઈ આરોપીને જેલ લઈ જવાને બદલે વસ્ત્રાલ તરફ લઈ ગયા હતો અને નિરાંત ચાર રસ્તા પાસેથી આરોપીને ભગાડી મૂક્યો હોવાનું બહાર આવ્યું હતું.

મોંઘા રોડ પર મોંઘીદાટ ફૂટપાથ!

સાઉથ બોપલમાં વીઈપી રોડ પાસે રૂ. ૧.૨૦ કરોડની ફૂટપાથ બનશે

અમદાવાદ, શનિવાર

સ્માર્ટ સિટી ફક્ત વાહનો માટે હોય તેમ શહેરના માત્ર ત્રીસેક ટકા રસ્તા પર જ ફૂટપાથ છે. જો કે કોમનવેલ્થ ગેમ્સ અને ઓલિમ્પિક દરમિયાન શહેરને પેડેસ્ટ્રિઅન ફ્રેન્ડલી બતાવવા મ્યુનિ.એ વીઆઈપી વિસ્તારોમાં મોંઘીદાટ ફૂટપાથ બનાવવાનું શરૂ કરી દીધું છે. જેને પગલે સાઉથ બોપલના વીઆઈપી રોડ પાસે રૂ. ૧.૨૦ કરોડની ફૂટપાથ બનાવવાનું આયોજન કરાયું છે.

એક કિમી ફૂટપાથનો સરેરાશ ખર્ચ રૂ.૨૫ લાખ, મ્યુનિ. ત્રણ કિલોમીટર માટે દોઢ ગણી રકમ ચૂકવશે

અમદાવાદના ટ્રાફિકથી ધમધમતા માર્ગો પર ફૂટપાથ વગર રાહદારીઓની સલામતી જોખમમાં મુકાઈ છે. ત્યારે સફાળા જાગેલા મ્યુનિ. દ્વારા શહેરમાં વર્ષ ૨૦૨૬-૨૭માં રૂ. ૫૦ કરોડના ખર્ચે ૨૦૦ કિમી રસ્તા પર ફૂટપાથ બનાવવાનું આયોજન કરાયું હતું. એટલે એક કિલોમીટર ફૂટપાથનો ખર્ચે આશરે ૨૫ લાખ જેટલો થઈ શકે છે. પરંતુ વાસ્તવામાં ફૂટપાથના નામે લખલૂટ ખર્ચ કરાય છે. બોપલ ઘુમા વિસ્તારમાં મેરીગોલ્ડ સર્કલથી ૪૫ મીટર વીઆઈપી રોડ સુધી દોઢેક કિલોમીટરના રસ્તા પર બંને બાજુ ફૂટપાથ બનાવવા રૂ. ૧.૨૦ કરોડ ખર્ચાશે. તેમજ આસપાસના અન્ય માર્ગોપર ૫૦ લાખ સહિત વિસ્તારમાં ૧.૭૦ લાખની ફૂટપાથ બનશે. ત્રણેક કિમી ફૂટપાથ માટે દોઢ ગણા પૈસા વાપરી નંખાશે. ફૂટપાથના કામ માટે કોન્ટ્રાક્ટર તૈયાર ન થતા હોવાથી મ્યુનિ. વધુ રકમ ચૂકવવા તૈયાર થઈ જતું હોવાની ચર્ચા છે.વીઆઈપી રોડ ગોધાવીમાં તૈયાર થનારા સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સને જોડતો હોવાથી આસપાસના રસ્તા પર પ્રાથમિક સુવિધાઓના નામે તંત્ર પાણીની જેમ પૈસા વહાવી રહ્યું છે. બીજી બાજુ અડધું વર્ષ પૂરું થઈ ગયું છે, ત્યારે ૨૦૦ કિમીમાંથી ખરેખર કેટલાક કિલોમીટર રસ્તા પર નવી ફૂટપાથ બની છે, તેની સાબિતી શહેના રસ્તા આપી રહ્યા છે!

શિયાળ તાણે સીમ ભણી, શ્વાન તાણે ગામ ભણી

અમદાવાદ મ્યુનિ.માં વિપક્ષના નેતાની વરણીનો વિવાદ, છ મહિને પણ મડાગાંઠ

અમદાવાદ, શનિવાર

અમદાવાદ મ્યુનિ. કોર્પોરેશનની સામાન્ય ચૂંટણી યોજાયા બાદ છ મહિને પણ વિપક્ષ કોંગ્રેસના નેતાની વરણીની મડાગાંઠ ઉકેલાઈ નથી. પ્રદેશ નેતાઓ આ મામલે ટૂંકા પડતા દિલ્હીથી નિરિક્ષકને દોડાવવામાં આવ્યા હતા. તેમણે લીધેલી સેન્સને એકાદ મહિનો થવા આવ્યો છે. છતાં હજી સુધી કોંગ્રેસ દ્વારા અમદાવાદ મ્યુનિ.ના વિપક્ષી નેતા જાહેર કરાયા નથી. જેના પગલે લોકોમાં કોંગ્રેસ પક્ષની છબી ખરડાઈ રહી છે. કારણ કે અત્યાર સુધીમાં મળેલા મ્યુનિ.ના છ જનરલ બોર્ડમાં વિપક્ષ તરીકે કોંગ્રેસના કાઉન્સિલરો કોઈ મહત્વના મુદ્દા ઉઠાવી શક્યા નથી.

લોકોમાં કોંગ્રેસની છબી ખરડાઈ, છ બોર્ડમાં કોંગ્રેસના કાઉન્સિલરો કોઈ મહત્વના મુદ્દા ઉઠાવી શક્યા નહીં

અમદાવાદ મ્યુનિ. કોર્પોરેશનની સામાન્ય ચૂંટણીનું પરિણામ ગત ૨૮ એપ્રિલના રોજ જાહેર થયું હતું. જેમાં ૧૬૦ બેઠકો પર ભાજપ અને ૩૨ બેઠકો પર કોંગ્રેસના ઉમેદવારો વિજેતા બન્યા છે. ભાજપે તો થોડા સમયમાં જ પદાધિકારીઓની વરણી કરી દીધી હતી. પરંતુ કોંગ્રેસ હજી સુધી વિપક્ષના નેતાની પસંદગી કરી શક્યું નથી. એક સમયે આખા દેશમાં એકચક્રી શાસન કરનાર કોંગ્રેસ પક્ષની આટલી ખરાબ સ્થિતિ લોકોએ ક્યારેય જોઈ નથી. કારણ કે ચૂંટણીના છ મહિના સુધીમાં વિપક્ષી નેતા નક્કી થઈ શક્યા નથી! સૂત્રોના જણાવ્યા અનુસાર કોંગ્રેસના માત્ર ૩૨ કાઉન્સિલર હોવા છતાં આ બાબતે ભારે ખેંચતાણ ચાલી રહી છે. ૨ કાઉન્સિલરો વિપક્ષી નેતાના ઉમેદવાર છે. બાકીના ૧૭ કાઉન્સિલરો પ્રદેશ પ્રમુખ કહે તેવી રીતે ચાલવા તૈયાર છે. પ્રદેશ કક્ષાએથી ખાડિયાની ચાર મહત્વની બેઠકો અપાવનાર દરિયાપુરના કાઉન્સિલર નિરવ બક્ષી પર પસંદગીનો કળશ ઢોળવામાં આવ્યો છે. અન્ય ૧૩ કાઉન્સિલરો ગત ટર્મમાં વિપક્ષી નેતા રહેલા શહેઝાદખાન પઠાણને ફરી વિપક્ષી નેતા બનાવવાની ભલામણ કરી રહ્યા છે. આ આંતરિક ખેંચતાણ ઉકેલવામાં પ્રદેશના નેતાઓ ટૂંકા પડતા દિલ્હીથી કુલદિપ ઈન્દોરાને નિરિક્ષક તરીકે સેન્સ લેવા માટે મોકલાયા હતા. તેઓ સેન્સ લઈને ગયાને પણ એકાદ મહિનો થવા આવ્યો છે. છતાં હજી સુધી કોંગ્રેસે વિપક્ષી નેતા જાહેર કર્યા નથી. વિપક્ષી નેતા ન હોવાથી કોંગ્રેસના કાઉન્સિલરો મ્યુનિ.ના જનરલ બોર્ડમાં એક સૂરે અવાજ ઉઠાવી શકતા નથી.

કોંગ્રેસના તત્કાલીન પ્રદેશ પ્રમુખે વિપક્ષી નેતાનો સમય એક વર્ષનો નક્કી કર્યો હતો

કોંગ્રેસના તત્કાલિન પ્રદેશ પ્રમુખે અમદાવાદ મ્યુનિ.માં વિપક્ષી નેતાનો સમય એક વર્ષ માટેનો નક્કી કર્યો હતો. જેથી બધા કાર્યકરોને તક મળી શકે. પરંતુ મ્યુનિ.ની ગત ટર્મમાં ચાર વર્ષ સુધી એક જ કાઉન્સિલર શહેઝાદખાનને વિપક્ષી નેતા તરીકે યથાવત રાખવામાં આવ્યા હતા. ત્યાર બાદ હાલમાં વિપક્ષી નેતાની રેસમાં પણ તેઓ સામેલ છે.

નલિયામાં ૧૮.૬ ડિગ્રી સાથે સૌથી નીચું તાપમાન

અમદાવાદ, શનિવાર

નલિયામાં ગત રાત્રિના ૧૮.૬ ડિગ્રી સાથે સૌથી નીચું તાપમાન નોંધાયું હતું. આગામી ૩ દિવસમાં તાપમાન ૧૬ ડિગ્રી જેટલું થવાની સંભાવના છે. અમદાવાદમાં ૨૨.૭ ડિગ્રી સરેરાશ લઘુતમ તાપમાન નોંધાયું હતું. અન્યત્ર અમરેલીમાં ૨૦.૬, ભુજમાં ૨૨.૨, વડોદરામાં ૨૨.૪, રાજકોટમાં ૨૪, ભાવનગરમાં ૨૪.૯, સુરતમાં ૨૬.૨ ડિગ્રીએ સરેરાશ લઘુતમ તાપમાનનો પારો હતો.

અમદાવાદ સુપરફાસ્ટ ટ્રેનમાં બે બિનવારસી બેગોમાં ગાંજાનો જથ્થો મળ્યો

વડોદરા,શનિવાર

લાંબા અંતરની ટ્રેનમાં ફરી એક વખત બિનવારસી બેગોમાં મૂકેલો ગાંજાનો જથ્થો રેલવે પોલીસે ઝડપી પાડ્યો છે. વરણામા પાસેથી પસાર થતી વખતે ટ્રેનમાં તપાસ દરમિયાન બે બેગમાંથી ૧૧.૮૫ કિલો ગાંજાનો જથ્થો કબજે કરવામાં આવ્યો છે.એન્ટી નાર્કોટિક્સ ટીમનો સ્ટાફ ટ્રેનોમાં નશાકારક પદાર્થોની હેરાફેરી રોકવા માટે પેટ્રોલિંગમાં હતો. ગઈકાલે તેઓ અમદાવાદ સુપરફાસ્ટ એક્સપ્રેસ ટ્રેનમાં ચેકિંગ કરતા હતા ત્યારે વરણામા રેલવે સ્ટેશન પસાર થયા બાદ બે બેકપેક બિનવારસી હાલતમાં જોવા મળી હતી.જેમાં ખાખી રંગની સેલોટેપ બાંધેલ ૧૨ બંડલો મળ્યા હતાં. આ બંડલોમાં વનસ્પતિજન્ય માદક પદાર્થ હોય તેવી તીવ્ર વાસ આવતી હોવાથી તેમાં ગાંજો હોવાની આશંકા સાથે ટ્રેન વડોદરા રેલવે સ્ટેશન પર આવતા બંને બેગો સાથે સ્ટાફ ઉતરી ગયો હતો.

જાહેર નોટિસ

આથી જાહેર જનતાને જણાવવામાં આવે છે કે જિલ્લે ભરુચનાં તાલુકા વાગરાનાં મોજે નાંદીડા ગામની સીમનાં રીસર્વે સર્વે/બ્લોક નં.૪૭૩ (જુના સર્વે/બ્લોક નં.૨૦૮) ની ૧૩૮૧૦ ચો.મી. બીનખેતીની જમીન તથા (૨) રીસર્વે સર્વે/બ્લોક નં.૫૧૩ (જુના સર્વે/બ્લોક નં.૧૮૯) ની ૨૫૬૦૫ ચો.મી. બીનખેતીની જમીન તથા (૩) રીસર્વે સર્વે/બ્લોક નં.૫૧૭ (જુના સર્વે/બ્લોક નં.૧૭૧) ની ૧૯૦૦૧ ચો.મી. બીનખેતીની જમીન (૧) આરીફ ઉમરજી પટેલ તથા (૨) ઉમરજી મોહમદ પટેલ એ પોતાની કુલ સંયુકત માલીકી પ્રત્યક્ષ કબજા ભોગવટામાં કોઈનાં કોઈપણ જાતનાં અવરોધ કે અંતરાય સીવાય આવેલી હોવાનું જણાવી અમારા અસીલને વેચાણ આપવાનું નકકી કરેલ છે, અને અમારા અસીલે સદરહુ જમીનો ખરીદ કરવાનાં હેતુથી અમારી પાસેથી સદરહુ જમીનોનાં ટાઈટલ સર્ટીફીકેટની માંગણી કરેલ છે. ઉપરોકત જમીનોમાં ઉપર પેરામાં જણાવેલ માલીકો સીવાય અન્ય કોઈનો કોઈપણ પ્રકારનો લાગભાગ, હકક, હીત, હિસ્સો, દાવો, બોજો, અલાખો, વેચાણ, તબદીલી, ગણોત હકક, ફેરબદલી, લીયન, ચાર્જ, ગીરો, ટ્રસ્ટ, બક્ષીસ, ભાડાપટ્ટો, લાયસન્સ, કબજો, ડેવલપમેન્ટ હકકો, મેઈન્ટેનન્સ, ઈઝમેન્ટ, વારસાઈ, વીલ કે અન્ય કોઈ હકક પોશાતો હોય તો તેની લેખીત જાણ આધાર પુરાવાની પ્રમાણીત નકલ સાથે નીચેના સરનામે દિન-૭ માં અમોને પહોંચે તે રીતે કરવી. જો તેમ કરવામાં નહી આવે અગર કસુરદાર થશે તો ઉપરોકત જમીનોમાં કોઈનો કોઈપણ પ્રકારનો લાગભાગ, હીત, હિસ્સો કે અન્ય કોઈ હકક નથી અને જો હોય તો તેવા તમામ હકકો જે તે ઈસમોએ જમીનોનાં માલીકોની તરફેણમાં જતાં ''વેઈવ''કરેલ છે, તેમ સમજી સદરહુ જમીનોનું ટાઈટલ કલીયરન્સ સર્ટીફીકેટ આપવામાં આવશે અને ત્યારબાદ કોઈની કોઈપણ પ્રકારની તકરાર ચાલશે નહી.

કિરાટ એ. દામાણી, એડવોકેટ
એ. સી. દામાણી એન્ડ એડવોકેટસ્,
હેડ ઓફીસ : ''દામાણીસ''
૧-એ, નેશનલ પાર્ક સોસાયટી, પાંચ બંગ્લા ગવર્નમેન્ટ કવાર્ટર સામે, ગુલબાઈ ટેકરા, અમદાવાદ-૩૮૦૦૧૫.
ફોન નં. ૨૬૩૦૭૪૨૩, ૨૬૩૦૪૫૨૮
શાખા : ''દામાણીસ''
૧૦-એ, શ્રી નિકેતન સોસાયટી, સંપતરાવ કોલોની, ફલાય ઓવર પાસે, આર.સી. દત્ત રોડ, ઓફ અલ્કાપુરી, જેતલપુર, વડોદરા.

જાહેર નોટિસ

આથી જાહેર જનતાને જણાવવામાં આવે છે કે જિલ્લે ભરુચનાં તાલુકા વાગરાનાં મોજે નાંદીડા ગામની સીમનાં (૧) રીસર્વે સર્વે/બ્લોક નં.૪૭૫ (જુના સર્વે/બ્લોક નં.૧૯૮) ની ૯૪૦૨ ચો.મી. બીનખેતીની જમીન તથા (૨) રીસર્વે સર્વે/બ્લોક નં.૪૯૫ (જુના સર્વે/બ્લોક નં.૧૯૯) ની ૭૧૧૨ ચો.મી. બીનખેતીની જમીન (૧) આદમ મોહમદ પટેલ તથા (૨) ફૈસલ આદમ મોહમદ પટેલ એ પોતાની કુલ સંયુકત માલીકી પ્રત્યક્ષ કબજા ભોગવટામાં કોઈનાં કોઈપણ જાતનાં અવરોધ કે અંતરાય સીવાય આવેલી હોવાનું જણાવી અમારા અસીલને વેચાણ આપવાનું નકકી કરેલ છે, અને અમારા અસીલે સદરહુ જમીનો ખરીદ કરવાનાં હેતુથી અમારી પાસેથી સદરહુ જમીનોનાં ટાઈટલ સર્ટીફીકેટની માંગણી કરેલ છે. ઉપરોકત જમીનોમાં ઉપર પેરામાં જણાવેલ માલીકો સીવાય અન્ય કોઈનો કોઈપણ પ્રકારનો લાગભાગ, હકક, હીત, હિસ્સો, દાવો, બોજો, અલાખો, વેચાણ, તબદીલી, ગણોત હકક, ફેરબદલી, લીયન, ચાર્જ, ગીરો, ટ્રસ્ટ, બક્ષીસ, ભાડાપટ્ટો, લાયસન્સ, કબજો, ડેવલપમેન્ટ હકકો, મેઈન્ટેનન્સ, ઈઝમેન્ટ, વારસાઈ, વીલ કે અન્ય કોઈ હકક પોશાતો હોય તો તેની લેખીત જાણ આધાર પુરાવાની પ્રમાણીત નકલ સાથે નીચેના સરનામે દિન-૭ માં અમોને પહોંચે તે રીતે કરવી. જો તેમ કરવામાં નહી આવે અગર કસુરદાર થશે તો ઉપરોકત જમીનોમાં કોઈનો કોઈપણ પ્રકારનો લાગભાગ, હીત, હિસ્સો કે અન્ય કોઈ હકક નથી અને જો હોય તો તેવા તમામ હકકો જે તે ઈસમોએ જમીનોનાં માલીકોની તરફેણમાં જતાં ''વેઈવ'' કરેલ છે, તેમ સમજી સદરહુ જમીનોનું ટાઈટલ કલીયરન્સ સર્ટીફીકેટ આપવામાં આવશે અને ત્યારબાદ કોઈની કોઈપણ પ્રકારની તકરાર ચાલશે નહી.

કિરાટ એ. દામાણી, એડવોકેટ
એ. સી. દામાણી એન્ડ એડવોકેટસ્,
હેડ ઓફીસ : ''દામાસ્સ્''
૧-એ, નેશનલ પાર્ક સોસાયટી, પાંચ બંગ્લા ગવર્નમેન્ટ કવાર્ટર સામે, ગુલબાઈ ટેકરા, અમદાવાદ-૩૮૦૦૧૫.
ફોન નં. ૨૬૩૦૭૪૨૩, ૨૬૩૦૪૫૨૮
શાખા : ''દામાણીસ્''
૧૦-એ, શ્રી નિકેતન સોસાયટી, સંપતરાવ કોલોની, ફલાય ઓવર પાસે, આર.સી. દત્ત રોડ, ઓફ અલ્કાપુરી, જેતલપુર, વડોદરા.

જાહેર નોટિસ

આથી જાહેર જનતાને જણાવવાનું કે, (૧) શ્રી ગોવિંદભાઈ બેચરદાસ પટેલ તથા (૨) શ્રીમતી તારાબેન ગોવિંદભાઈ પટેલ, બન્ને રહેવાસી-અમદાવાદનાએ જીલ્લા અમદાવાદના તાલુકા ઘાટલોડીયાના ગામ મોજે શીલજના બ્લોક નંબર-૭૨૮, ૭૫૪ પૈકી, ૭૫૬, ૭૫૮, ૭૫૯, ૭૬૩, ૭૮૨ તથા ૭૬૦ (ભાડાપટ્ટાના હકકોવાળી) ની જમીન, જેને ટાઉન પ્લાનીંગ સ્કીમ નંબર- ૨૧૬ (શીલજ) માં ફાઈનલ પ્લોટ નંબર- (૯૨+૧૧૦+૧૧૧+૧૦૧+૧૦૨)૧, (૯૨+૧૧૦+૧૧૧+૧૦૧+૧૦૨)૨, ૧૦૦/૧, ૧૦૦/૨, ૧૦૦/૩ તથા ૧૦૬ (ભાડાપટ્ટાના હકકોવાળી) ની જમીન ફાળવવામાં આવેલી છે, તે બીનખેતી થયેલી જમીનમાં ''ત્રિદેવ મેમ્બર્સ એસોસીએશન'' ધ્વારા મુકવામાં આવેલી ''ઓર્નેટ પાર્ક''ના નામની સ્કીમમાં સેકટર-૨ માં આવેલા જુદા જુદા પ્લોટો પૈકી પ્લોટ નંબર-૦૬ ની આશરે ૧૪૮૫.૬૩ ચોરસમીટર યાને ૧૭૭૭ ચોરસવાર તથા આંતરીક રોડ-રસ્તા તથા કોમન પ્લોટની કુલ જમીન પૈકીની વગર વહેંચાયેલી વરાડે પડતી આશરે ૧૪૮.૫૬ ચોરસમીટર યાને ૧૭૮ ચોરસવાર મળી કુલ આશરે ૧૬૩૪.૧૯ ચોરસમીટર યાને ૧૯૫૫ ચોરસવારના ક્ષેત્રફળની બીનખેતી થયેલી જમીન સદરહુ એસોસીએશનના સભાસદ તરીકે તથા શેરહોલ્ડર તરીકે તથા એલોટમેન્ટની રૂઈએ તેઓની સંપૂર્ણ, સ્વતંત્ર, સંયુકત માલીકી અને કબજા ભોગવટાની બોજારહીત હોવાનુ જણાવી અમારા અસીલને વેચાણ આપવાનુ નકકી કરેલુ છે અને અમારા અસીલે સદરહુ જમીન પરત્વેના ઉપરોકત જમીનમાલીકોના ટાઈટલ્સ કલીયર અને માર્કેટેબલ હોવા બદલના પ્રમાણપત્રની અમારી પાસે માંગણી કરેલી છે. તો સદરહુ પ્લોટની જમીન ઉપર તથા શેરસર્ટીફીકેટ, એલોટમેન્ટ લેટર, વિગેરે ઉપર જો અન્ય કોઈ શખ્સનો કોઈપણ પ્રકારનો લાગભાગ, હકક, હિત, હિસ્સો, દાવો કે બોજો હોય તો તેઓએ આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૭ (સાત) માં અમોને તે બદલના પુરાવા સહીત લેખિત જાણ નીચેના સરનામે કરવી. જો તેમ કરવામા નહીં આવે, તો સદરહુ પ્લોટની જમીન ઉપર તથા શેરસર્ટીફીકેટ, એલોટમેન્ટ લેટર, વિગેરે ઉપર અન્ય કોઈનો કોઈપણ પ્રકારનો લાગભાગ, હકક, હિત, હિસ્સો, દાવો કે બોજો નથી અને હોય, તો તે જતો કરેલો છે, તેમ સમજી અમો ટાઈટલ્સ કલીયરન્સનું સર્ટીફીકેટ આપીશું અને ત્યારબાદ કોઈની તકરાર ચાલશે નહીં તથા અમારા અસીલ ધ્વારા સદરહુ જમીન ખરીદવાની કાર્યવાહી કરવામાં આવશે.

તારીખ : ૩૧-૧૦-૨૦૨૬.

જાની એન્ડ કંપની.
સોલીસીટર્સ, એડવોકેટસ એન્ડ કોર્પોરેટ એટર્નીઝ,
હાઉસ ''એમ'', મોન્ડીયલ રીટેઈલ પાર્ક, ઈસ્કોન મંદિર અને રાજપથ કલબની વચ્ચે, એસ.જી. હાઈવે, બોડકદેવ, અમદાવાદ-૩૮૦૦૫૯.
ફોન નંબર : ૨૯૭૧૦૧૦૦, ૨૯૭૧૦૨૦૦,


Hero
હીરોની સંગે
તહેવાર છે
બધે અહીં...
Herotsav
1 થી 4 નવેમ્બર 2026
દરરોજ એક હીરો ટુ-વ્હીલર*
જીતવાનો મોકો મેળવો.
જીતવાનો મોકો મળે સોનાના સિક્કા અને ઘણું બધું
HF Deluxe Pro
Splendor+
કેશ ડિસ્કાઉન્ટ
₹3 000* સુધી
ઈન્સ્ટન્ટ કેશબેક
₹10 000* સુધી
SBI card
HDFC BANK
pine labs
ફાઇનાન્સ
100% સુધી
કોર્પોરેટ ઓફર
₹2 200* સુધી
For bulk / institutional inquiries, please write to us at : institutionalsales@heromotocorp.com | Available in CSD
5 Year Warranty
Hero GoodLife
Also Available on:
Flipkart amazon.in
Finance Powered by:
Hero FinCorp
TOLL FREE
1800 266 0018
Authorised Dealers: AHMEDABAD: Ambavadi: Shradha Hero: 9289922503; Bopal: Raj Hero: 9289233435; CTM: Rajdeep Hero: 9289922511; Gota: Shradha Hero: 9289922209; Laldarwaja: Shradha Hero: 9289922209; Maninagar (Kankaria): Rajdeep Hero: 9289922511; Naroi: Rajdeep Hero: 9289922511; Navrangpura: Bikes Hero: 9289922253; Nikol: Mann Hero: 9875090031 RTO Circle: Chiraniya Hero 9289235287; Sanand: Bikes Hero: 9289923080; Sarkhej: Raj Hero: 9289233435; ANAND: Chikhodra Road: Prakash Hero : 9289922237; Lambhvel Road: Legacy Hero: 9289923138; ANJAR: Shiv Shakti Hero: 9821739780; ANKLESHWAR: Anas Hero : 9289922241; AMRELI: Navnit Hero : 9289922254; BARDOLI: Vamdola Hero : 9289923136; BHARUCH: Vimco Hero : 9289922428; BHAVNAGAR: Chitra: Patel Hero: 9289922512; Crescent Circle: Capital Hero : 9289922238; BHUJ: K.D. Hero : 9289922480; BOTAD: Patel Hero: 9289923201; CHIKHLI: Supreme Hero: 9289922542; DAHOD: Shree Laxminarayan Hero: 9289922242; GANDHIDHAM: Quality Hero : 9289922248; GANDHINAGAR: Nanda Hero : 9289922236; GODHRA: Century Hero: 9104400559; GONDAL: Everest Hero : 9289922694; HALVAD: Shreeji Hero : 9289923041; HIMMATNAGAR : Harsolia Motors : 9289923821 JAMNAGAR: Saru Section Road: Karan Hero : 9289922670; Hapa: Gokul Hero: 9289923051; JAMKHAMBHALIA: Ashok Hero : 9289922815; JUNAGADH: Jagdish Hero: 9289922239; MEHSANA: Nagalpur: Umiya Hero : 9289922249; Radhanpur Road: Umiya Hero : 9289922249; KALOL: Shakti Hero: 9289922809; KAMREJ: Shubham Hero: 9289922790; MAHUVA: Vinay Hero: 9289922825; MODASA: Pavan Hero : 9289922826; MORBI: Jai Ganesh Hero : 9289922481; NAVSARI: Metro Hero : 9289922250; NADIAD: Horizon Hero : 9289922247; NARMADA: Rajpipla: Anas Hero : 9289922241; PALANPUR: Sarthi Hero : 9289923155; Shiv Hero : 9289922243; PATAN: Sarthi Hero : 9289922426; PORBANDAR: Jayshree Hero : 9289922494; RAJKOT: Gondal Road: Jay Kay Hero : 9289922715; Vavdi: Perfect Hero : 9289922235; 150 Ft Ring Road: Jai Ganesh Hero : 9289923067; Rajkot: Kuvadva Road: Gopinath Mobility : 7490904512; SILVASA : Anil Motors : 9289924306 SURAT: Adajan Road: Jalaram Hero : 9289923027; Surat: Tapi Motors : 7069726000; Katargam: Sadguru Hero : 9289922982; Puna-Kumbharia Road: Shivani Hero : 9289922755; Udhna: Sadguru Hero: 9289923809; Ring-Road: GK Hero : 9289923810; Varracha: Rajdeep Hero: 9821737520; SURENDRANAGAR: Jai Ganesh Hero : 9289923144; VADODARA: Pandya Bridge: Century Hero : 9289922210; Nizampura: Century Hero: 9289922210; Subhanpura: Century Hero : 9289922210; Bahucharaji Road, Karelibagh: Kumar Hero : 9289922208; Dandia Bazar: Kumar Hero: 9289922208; O P Road: Kumar Hero : 9289922252; Gotri : Kumar Hero: 9289922252; Makarpura: Jaydeep Hero : 9289923199; VAPI: Metro Hero : 9289922251; Shanti Hero : 9289923195; VISNAGAR: Auto World Hero : 9289923055; VERAVAL: Jagdish Hero : 9289922300; VALSAD: Shanti Hero : 9289922234; UNA: Modheshwary Hero : 9289922596; VYARA: Wheel Hero : 9289922732

ધરતીપુત્રો પાયમાલ, સરકાર તાયફા-ઉત્સવોમાં મશગૂલ

સૌરાષ્ટ્રમાં દુષ્કાળની લપડાકે બે અન્નદાતાની જિંદગી છીનવી લીધી

અમદાવાદ, શનિવાર

એક બાજુ, ગુજરાતમાં કુદરત રૂઠતાં નબળા ચોમાસાને લીધે ધરતીપુત્રો પાયમાલ થયાં છે. ઓછા વરસાદને કારણે સૌરાષ્ટ્ર અને કચ્છ સહિતના વિસ્તારોમાં દુકાળ જેવી પરિસ્થિતિ નિર્માણ પામી છે. કપાસ અને મગફળી જેવા રોકડીયા પાકો નિષ્ફળ જવાની ભીતિ વચ્ચે સૌરાષ્ટ્રમાં બે ખેડૂતોએ ફાંસો ખાઈને પોતાની જીવનલીલા સંકેલી લીધી છે. બીજી બાજુ, ભાજપ સરકાર એકતા દિનની ઉજવણીના બહાને સરકારી'મહોત્સવ' ઉજવવામાં મસ્ત છે.

નબળું ચોમાસું, દેવું ઉપરાંત પાક નિષ્ફળ જવાની ભીતિમાં જોડિયા-સાવરકુંડલાના ખેડૂતે ફાંસો ખાઈ જીવનલીલા સંકેલી

દેવભૂમિ દ્વારકા, પોરબંદર, જામનગર અને કચ્છમાં સરકારે દુષ્કાળ જાહેર કર્યો છે પણ જ્યાં ૫૦ ટકા કરતાં ઓછો વરસાદ વરસ્યો છે ત્યાં સિંચાઈના પાણી વિના ખેતી પર વ્યાપક અસર પડી રહી છે. શિયાળુ સિઝનની શરૂઆતમાં પણ સિંચાઈના પાણીની બૂમરાણ ઉઠી છે. સરકારે જ લેખિત આદેશ આપી ખેડૂતોને સિંચાઈનુ પાણી આપવા ધરાર ના પાડી દીધી છે. પાક નિષ્ફળ જતા ખેડૂતોને ફરી આર્થિક થપાટ ખાવી પડે તેવી સ્થિતીનુ નિર્માણ થયુ છે. દિવાળીના તહેવારો પણ ઉજવવા ધરતીપુત્રો સામે કોયડો બની રહ્યો છે. આ ચિંતાજનક પરિસ્થિતી વચ્ચે ખેડૂતો દેવાના ભારણની સાથે સાથે પાક નિષ્ફળ થવાના ડરે આત્મહત્યા કરવા મજબૂર બન્યાં છે.

સરકારે ચાર જિલ્લામાં દુષ્કાળ જાહેર કર્યો પણ ૫૦ ટકા કરતાં ઓછો વરસાદ વરસ્યો છે તે વિસ્તારોમાં સ્થિતિ ચિંતાજનક

જામનગર જિલ્લાના જોડિયા તાલુકાના વાવડી ગામે રહેતા ૪૭ વર્ષીય ખેડૂત હેમંત મકવાણાને પશુધનના ઘાસચારા તથા ભરણપોષણની ચિંતા સતાવતી હતી. આ ઉપરાંત ખેતરમાં કપાસનો પાક નિષ્ફળ જશે તેવા ડરને લીધે ગળે ફાંસો ખાઈ આત્મહત્યા કરી લીધી હતી. આવી જ હૃદયદ્રાવક ઘટના અમરેલીના સાવરકુંડલામા બની હતી. આ શહેરમાં શ્રમજીવી નગર રહેતાં ૫૫ વર્ષીય કનુભાઈ ઉનાવા નામના શ્રમિક ખેડૂતે ભાગીદારીમાં ખેતર રાખી મહેનત કરી હતી, પરંતુ કપાસનો પાક થશે કે કેમ અને માથે ચડેલુ દેવું કેવી રીતે ચૂકવવું તેની સતત ચિંતામાં ખેતરમાં જ ફાંસો ખાઈ પોતાનો જીવ આપી દીધો હતો. આમ બે ખેડૂતોની આત્મહત્યાને લીધે સમગ્ર પંથકમાં ચકચાર જાગી છે.

તાજેતરમાં નોંધાયેલા ખેડૂતોની આત્મહત્યાના કિસ્સાઓમાંથી ૫૦ ટકાથી વધુ કેસો માત્ર સૌરાષ્ટ્ર વિસ્તારમાંથી સામે આવ્યા છે. આ વિસ્તારના ખેડૂતો મુખ્યત્વે કપાસ અને મગફળીના પાક પર નિર્ભર હોય છે. વરસાદ ખેંચાતા પાક બળીને ખાખ થઈ ગયો છે અને બજારમાં પાકના યોગ્ય ભાવ ન મળવાને કારણે ખેડૂતો આર્થિક સંકટમાં સપડાયા છે.

નબળા ચોમાસા વચ્ચે મહેનત પર પાણી ફરી વળ્યું

જગતના તાતની માઠી દશા બેઠી દુષ્કાળ વચ્ચે હવે માવઠાનો માર

અમદાવાદ, શનિવાર

સૌરાષ્ટ્રના વાતાવરણમાં અચાનક પલટો આવતા ખેડૂતો પર આકાશી આફત આવી પડી છે. અમરેલી, ગીર સોમનાથ, જૂનાગઢ અને રાજકોટ જિલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાં પવન અને વીજળીના કડાકા સાથે કમોસમી વરસાદ ખાબક્યો છે. કમોસમી વરસાદને લીધે ખેડૂતોની મહેનત પર જાણે પાણી ફરી વળ્યુ છે. મગફળીના પાથરા પલળ્યાં છે જેથી ધરતીપુત્રોના મોમાંથી કોળિયો છિનવાયો હોય તેવી સ્થિતીનું નિર્માણ થયું છે.

અમરેલી,બાબરા,ગીરપંથકમાં મગફળીના પાથરા પલળ્યાં : ખેડૂતોની દશા, એક સાંધે ત્યાં તેર તૂટે

ખાંભા ગીર, બગસરા, અમરેલી, બાબરા, કુકાવાર અનેવડિયા પંથકમાં ધોધમાર વરસાદ તૂટી પડતાં માગી પાણી-પાણી થઈ ગયા હતા અને અનેક વિસ્તારોમાં વીજ પુરવઠો ગુલ થઈ જતાં જનજીવન પ્રભાવિત થયું હતું.દિવાળીના તહેવારો ટાણે જ માવઠાના કારણે ખેડૂતો ચિંતામાં ગરકાવ થઈ ગયો છે. ખેતરોમાં કાપણી માટે તૈયાર થયેલા કપાસ, મગફળી અને સોયાબીન જેવા પાકો પાણીમાં પલળી જતાં વ્યાપક નુકસાનીની ભીતિ સેવાઈ રહી છે.

ખાસ કરીને મગફળીનો પાક તૈયાર થઈને ખેતરોમાં ખુલ્લામાં પડ્યો છે અથવા તો પાથરા પાથરેલા છે. આવા સમયે દોઢ ઈંચ વરસાદ વરસતાં મગફળી ના પાકને નુકશાન થયું છે. મગફળીના દાણાને અસર થશે તો ખેડૂતો ઓછો ભાવ મળશે. ચોમાસુ પાક હાથમાં આવવાની છેલ્લી ઘડીએ જ કુદરતે કહેર વરતાવતા, પીડિત ખેડૂતો દ્વારા સરકાર પાસે તાત્કાલિક સર્વે કરાવી આર્થિક સહાય આપવામાં આવે તેવી માંગ કરવામાં આવી રહી છે. ટૂંકમાં, નબળા ચોમાસામાં એક સાંધે ત્યાં તેર તૂટે તેવી ખેડૂતોની દશા થઈ છે.

સોમવારે વધુ એક

(છેલ્લા પાનાનું ચાલુ)

મૂજબ તે જમણી બાજુ ટર્ન લઈને ઉત્તર પ્રદેશ તરફ આગળ વધ્યું હતું જેના કારણે ગુજરાતને તેની અસર થઈ નથી. પરંતુ, આ વાવાઝોડાની સંભવિત દિશા હૈદ્રાબાદ,મહારાષ્ટ્રમાં નાસિક થઈને દક્ષિણ ગુજરાત તરફ તકાયેલી છે. જો કે હૈદ્રાબાદ પહોંચતા સુધીમાં તે ડીપડીપ્રેશનમાં ફેરવાશે. પરંતુ, આ સીસ્ટમ ડીપ્રેશન અને લોપ્રેશર બનીને પણ જો નિયત ટ્રેક પર આગળ વધે તો દક્ષિણ ગુજરાત સુધી પહોંચે અને રાજ્યમાં દિવાળી પૂર્વે તા.૫ આસપાસ માવઠાં વરસી શકે છે.

ભારતમાં એક તરફ બંગાળની ખાડીમાં એક પછી એક લગાતાર ભારે વરસાદી તોફાન સર્જતી સીસ્ટમ આવી રહી છે અને બીજી તરફ ગુજરાતનો અરબી સમુદ્ર શાંત છે.



વાત વાતમાં

બેન્ક-કૌભાંડીઓની ડિકશનેરી !

સુપ્રીમ કોર્ટ કહે છે કે ઓનલાઈન ફ્રોડમાં જેને 'નુકસાન' થાય છે તેમને બેન્કોએ 'વળતર' આપવું જોઈએ.

હા સાહેબ! પણ જે લોકો ભારતની બેન્કોનું અબજો રૂપિયાનું 'કરી નાંખે' છે એનું વળતર કોણ ચૂકવે છે ? ભારતના નાગરિકો જ ને ?

કેમકે કોર્ટના જજ સાહેબોને ખબર જ નથી કે આ કરુબાજોની આખી 'બેન્ક ડિકશેનરી' જ અલગ છે !

* * *

પાસબુક

જે બેન્ક અધિકારીઓ કરોડોની લોનો 'પાસ' કરે છે એમને જે 'ગુડ-બુક'માં રાખવા પડે છે... એને કહેવાય, 'પાસ-બુક' !

* * *

એન્ટ્રી

બિચારા મામુલી ખાતેદારો પાસબુકમાં 'એન્ટ્રી' કરાવતો ભલે થાકી જાય, પણ આ કૌભાંડીઓ ભારત છોડતાંની સાથે જ વિદેશમાં જે ફટાફટ 'એન્ટ્રી' લઈ લે છે એ જ એનો સાચો અર્થ છે !

* * *

પાસવર્ડ

'બેન્ક તમારા બાપની છે' એવો બેન્ક દ્વારા જ જારી કરાયેલો ખાસ ખાનગી મેસેજ !

* * *

ક્રેડિટ

બેન્કોની લોનો લઈ લઈને તમે કેટલું મોટું કરી નાંખવાની કેપેસિટી ધરાવો છો, બજારની એ 'શાખ'ને જ 'ક્રેડીટ' કહે છે !

* * *

ડિપોઝિટ

આનો તો મિનિંગ પણ 'ફીક્સ' છે ! બેન્કના રૂપિયા લઈને પછી સત્તાવીસ જાતની અલગ અલગ બોગસ કંપનીઓમાં જે 'ડિપોઝિટ' કરી દેવામાં આવે છે તે !

* * *

વિથડ્રોઅલ

કૌભાંડ છેક નાકની ઉપર જતું રહે, પછી એમાંથી 'બહાર નીકળવા' માટે જે અગડમ બગડમ પ્રોસિજર કરવામાં આવે છે, તેને જ વિથડ્રોઅલ કહે છે.

* * *

ઈન્ટ્રેસ્ટ

એટલે 'રસ'! જે માત્ર મિડીયાને પડે છે, એ પણ બે ત્રણ મહિના માટે જ !

* * *

લુકઆઉટ નોટિસ

દેખાવ (લુક) પુરતી બહાર (આઉટ) પાડવામાં આવતી નમાલી, નપુંસક ચેતવણી !

* * *

રીકવરી

ગંભીર બિમારી પછી દવાઓના કારણે દર્દીને જે થોડું સારું લાગે છે તેને જે રીતે આપણે 'રિકવરી' કહીએ છીએ, એવું જ લૂંટાઈ ગયેલા નાણાં પાછા લાવવાના લૂલા પ્રયત્નોનું આ નામ છે !

* * *

વોરંટ

ભારતીય બેન્કિંગ સિસ્ટમની સૌથી મોટી જોક !

- મન્નુ શેખચલ્લી

યુવક રેપિડોની રાઈડ પૂરી કરીને ઘરે જતો હતો

પલ્લવ ચાર રસ્તા પાસે AMTS બસની ટક્કર લાગતા બાઈકચાલક ઈજાગ્રસ્ત

અમદાવાદ,શનિવાર

શહેરના નારણપુરા પલ્લવ ચાર રસ્તા પાસે શનિવારે સવારે એએમટીએસ બસના ચાલકે બેદરકારીથી બસને ચલાવીને સર્જેલા અકસ્માતમાં બાઈક સવાર યુવકને ગંભીર ઈજાઓ પહોંચી હતી. જે અંગે બી ડીવીઝન ટ્રાફિક પોલીસે ગુનો નોંધીને કાર્યવાહી કરી છે. પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું હતું કે કિશનસિંગ ભદોરિયા નામનો યુવક રેપિડોની રાઈડ પુરી કરીને ઘરે જતો હતો.

હાટકેશ્વરથી સિલ્વર ઓક યુનિવર્સિટીના રૂટની બસના ચાલકે અકસ્માત સર્જ્યો : ટ્રાફિક પોલીસે ગુનો નોંધ્યો

બાપુનગર ગુજરાત હાઉસિંગ બોર્ડના મકાનમાં રહેતો કિશનસિંગ ભદોરિયા નામનો ૨૦ વર્ષનો યુવક રેપીડોમાં બાઈક રાઈડર તરીકે કામ કરે છે. શનિવારે સવારે ૧૦ વાગ્યાના સુમારે તે બાઈક રેપીડોની રાઈડ પુરી કરીને બાપુનગર ઘરે પરત જતો હતો ત્યારે નારણપુરા પલ્લવ ચાર રસ્તા પાસે એએમટીએસની હાટકેશ્વરથી સિલ્વર ઓક યુનિવર્સિટી તરફ જઈ રહેલી બસના ચાલકે પુરઝડપે ચલાવીને કાબુ ગુમાવીને કિશનસિંગના બાઈકને ટક્કર મારી હતી. જેમાં તેને માથામાં ગંભીર ઈજા પહોંચી હતી. બીજી તરફ બસચાલકે નાસી જવાનો પ્રયાસ કરતા અન્ય વાહનચાલકોએ તેને ઝડપી લીધો હતો.

કિશનસિંગને ઈજાગ્રસ્ત હાલતમાં ખાનગી હોસ્પિટલમાં સારવાર માટે લઈ જવામાં આવ્યો હતો. જ્યાં તેની સ્થિતિ નાજુક હોવાનું જાણવા મળ્યું હતું. આ સમગ્ર મામલે બી ડીવીઝન ટ્રાફિક પોલીસે એએમટીએસ બસ ચાલક જીતુભાઈ ક્રિષ્ટીની ધરપકડ કરીને કાર્યવાહી કરી છે. સ્થાનિક લોકોના જણાવ્યા મુજબ બસ ચાલક દ્વારા સામાન્ય કરતા વધારે ગતિમાં બસ ચલાવવામાં આવતી હતી. જેના કારણે ગંભીર અકસ્માત થયો હતો.

અવસાન નોંધ

કોઠારી : સ્વ.અરવિંદભાઈ દીપચંદભાઈ કોઠારીનું બેસણું, કચ્છી જૈન ભવન, નવચેતન હાઈસ્કુલ સામે, પાલડી, સવારે ૯થી ૧૧

રાવલ: સ્વ.સચિનભાઈ આઈ. રાવલનું બેસણું, શ્રી કામેશ્વર મહાદેવ હોલ, અંકુર રોડ, નારણપુરા, સવારે ૯થી ૧૧

વાચકોએ નોંધ લેવી કે કોઈપણ જાહેરખબરમાં જણાવેલી માહિતીની સત્યતા બાબતે અમો કોઈ બાંયેધરી આપતા નથી. વાચકોએ પોતાની રીતે પૂરતી ચકાસણી કરીને યોગ્ય નિર્ણય લેવાનો રહેશે.

- જાહેરખબર મેનેજર

લોક પ્રકાશન લી. અમદાવાદ વતી મુદ્રક, પ્રકાશક શ્રી શ્રેયાંસ શાંતિલાલ શાહે (૧) પ્રજાબંધુ પ્રેસ, ખાનપુર, અમદાવાદ-૩૮૦૦૦૧. (૨) નીલગીરી પ્રેસ, સેટેલાઈટ, અમદાવાદ-૩૮૦૦૫૯ ખાતે છાપ્યું અને ગુજરાત સમાચાર ભવન, ખાનપુર ખાતેથી પ્રસિધ્ધ કર્યું. અધિષ્ઠાપક તંત્રી : સ્વ. શાંતિલાલ અ. શાહ

Regd. NI. GAMC 28

Owned by Lok Prakashan Limited for Ahmedabad Edition, Printer & Publisher Shri Shreyansh S. Shah Printed at (1) prajabandhu press, khanpur, Ahmedabad-380001 (2) Nilgiri press, satelite,Ahmedabad- 380059 and Published from Gujarat Samachar Bhavan Khanpur, Ahmedabad. Founder Editor: Lt. Shantilal A.Shah

Regd.NI.GAMC 28

દિવાળીના શુભ મુર્હૂત

રવિ પુષ્ય નક્ષત્ર

આસો વદ - ૭ રવિવાર તા. ૧/૧૧/૨૦૨૬

આસો વદ - ૭ તા. ૧/૧૧/૨૦૨૬ રવિવારના રોજ રવિ પુષ્ય નક્ષત્રનો શ્રેષ્ઠ યોગ છે. પુષ્ય નક્ષત્ર પરોઢના ૪ ક. ૩૧ મિ. સુધી છે.

નવા વર્ષના ચોપડા-સોનું-ચાંદી લાવવા માટે શ્રેષ્ઠ મુર્હૂત

નવા વર્ષ માટેના ચોપડા-સોનું-ચાંદી- આભૂષણ તેમજ પંચાગ ખરીદવા માટે આસો વદ-૭ તા. ૧ નવેમ્બરે રવિવારે રવિ પુષ્ય નક્ષત્રનો શ્રેષ્ઠ યોગ છે.

સમય :- સવારના ૯ ક. ૪૦ મિ. થી ૧૨ ક. ૨૦ મિ.
- બપોરના ૧ ક. ૫૦ મિ. થી ૩ ક. ૧૦ મિ.
- સાંજે ૬ ક. ૦૫ મિ. થી ૯ ક. ૧૦ મિ.

રમા એકાદશી

રમા એકાદશી આસો વદ- અગિયારસ ગુરુવાર તા. ૫-૧૧-૨૦૨૬ ના રોજ આવે છે.

વાક્બારસ-વાઘબારસ

વાક્બારસ-વાઘબારસ આસો વદ અગિયારસને ગુરૂવારે તા. ૫-૧૧-૨૦૨૬ રોજ છે. ગોવત્સ દ્વાદશી પણ છે.

ધનતેરસ-ધન્વંતરી ત્રયોદશી

આસો વદ - ૧૨ શુક્રવાર તા. ૬-૧૧-૨૦૨૬

ધનતેરસ-ધન્વંતરી ત્રયોદશી આસો વદ-૧૨ તા. ૬-૧૧-૨૦૨૬ ને શુક્રવારે આવે છે. ધનપૂજન, ધન્વંતરી પૂજન માટે શ્રેષ્ઠ દિવસ. નવા વર્ષના ચોપડા-સોનું-ચાંદી-આભૂષણ તેમજ પંચાગ ખરીદવા માટે શ્રેષ્ઠ દિવસ.

સમય :--સવારના ૮ ક. ૧૫ મિ. થી ૧૦ ક. ૫૬ મિ. સુધી.
- બપોરના ૧૨ ક. ૨૫ મિ. થી ૧ ક. ૪૫ મિ.
- સાંજે ૪ ક. ૩૭ મિ. થી ૭ ક. ૩૪ મિ. સુધી.
- રાત્રે ૯ ક. ૧૨ મિ. થી ૧૦ ક. ૪૫ મિ. સુધી.

કાળી ચૌદસ

આસો વદ-૧૩ શનિવાર તા. ૭-૧૧-૨૦૨૬

કાળી ચૌદસ તા. ૭-૧૧-૨૦૨૬ આસો વદ-તેરસ ને શનિવારના રોજ છે.

મહાકાલી માતાની આરાધના, ભૈરવ, બટુકવીર, હનુમાનજીની પૂજા, દશ મહાવિદ્યાની આરાધના, તાંત્રિક કાર્યો માટે ઉત્તમ દિવસ છે. રાત્રિ સાધના માટે શ્રેષ્ઠ દિવસ. યમદીપ દાન આજે કરવું.

સમય :-સવારના ૮ ક. ૧૫ મિ. થી ૯ ક. ૩૫ મિ. સુધી.
- બપોરના ૧૨ ક. ૨૨ મિ. થી ૪ ક. ૩૨ મિ.
- સાંજે ૫ ક. ૫૮ મિ. થી ૭ ક. ૩૨ મિ. સુધી.

નરક ચતુર્દશી - રૂપચૌદસ

આસો વદ ચૌદસ રવિવાર તા. ૮ નવેમ્બરે નરક ચતુર્દશી - રૂપચૌદશ છે.

દિવાળી - દિપાવલી

આસો વદ-૧૪ રવિવાર તા. ૮-૧૧-૨૦૨૬

દિવાળી - દિપાવલીનું શુભ પર્વ આસો વદ-૧૪ તા. ૮ નવેમ્બર ને રવિવારે છે. સવારના ૧૧ ક. ૨૯ મિ. પછી અમાવસ્યા શરૂ થાય છે. સ્વાતિયુક્ત અમાવસ્યા છે.

લક્ષ્મી પૂજન, ચોપડા પૂજન, શારદા પૂજન માટે શ્રેષ્ઠ દિવસ છે. સમય :- શાસ્ત્ર મુજબ સવારે ૯ ક. ૩૮ મિ. થી ૧૧ ક. ૨૯ મિ.

સ્વાતિયુક્ત અમાવસ્યાના શ્રેષ્ઠ મૂર્હૂત

સમય :- સવારે ૧૧ ક. ૩૦ મિ. થી ૧૨ ક. ૨૩ મિ.
- બપોરે ૧ ક. ૩૮ મિ. થી ૩ ક. ૧૦ મિ.
- સાંજે ૫ ક. ૫૭ મિ. થી ૧૦ ક. ૪૬ મિ.
- રાત્રે ૧૨ ક. ૫૨ મિ. થી ૩ ક. ૩૬ મિ.

મહુડીમાં હવન

મહુડીમાં ઘંટાકર્ણ ભગવાનની પૂજા તેમજ હવન આસો વદ-૧૪ તા. ૮-૧૧-૨૦૨૬ રવિવારે છે.

મહાવીરસ્વામી નિર્વાણ દિન છે.

અન્નકૂટ - ગોવર્ધન પૂજા

આસો વદ અમાસ સોમવાર તા. ૯-૧૧-૨૦૨૬

અન્નકૂટ - ગોવર્ધન પૂજા, બલી પૂજા, ગોક્રીડા આસો વદ અમાસ તા. ૯-૧૧-૨૦૨૬ ને રવિવારે છે. સવારે ૧૨ ક. ૩૨ મિ. સુધી સોમવતી અમાવસ્યા છે. સ્વાતિયુક્ત અમાવસ્યા સવારના ૭ ક. ૨૫ મિ. સુધી છે.

આજે પડતર દિવસ છે.

નૂતન વર્ષ - બેસતું વર્ષ

કારતક સુદ - ૧ મંગળવાર તા. ૧૦-૧૧-૨૦૨૬

વિક્રમ સંવત ૨૦૮૩ કાલયુક્ત નામ સંવત્સરનો પ્રારંભ કારતક સુદ એકમ તા. ૧૦ નવેમ્બર ને મંગળવારના રોજ થાય છે. કારતક માસનો પ્રારંભ, જૈન મહાવીર સંવત ૨૦૫૩નો પ્રારંભ થાય છે. નૂતન વર્ષ - બેસતા વર્ષનો પ્રારંભ થાય છે.

પેઢી ખોલવાનું મુર્હત

નવા વર્ષે પેઢી ખોલવા માટે પરંપરાગત રીતે પેઢી ખોલતા હોય તેમના માટે શ્રેષ્ઠ દિવસ છે. સમય : સવારના ૧૧ ક. ૦૫ મિ. થી બપોરના ૧ ક. ૪૫ મિ. સુધી.

ભાઈબીજ - યમદ્વિતીયા

ભાઈબીજ - યમદ્વિતીયા કારતક સુદ - બીજ તા. ૧૧-૧૧-૨૦૨૬ ને બુધવારે છે.

પેઢી ખોલવા માટે સારો દિવસ છે.

સમય :- સવારના ૬ ક. ૫૫ મિ. થી ૯ ક. ૩૬ મિ.
-સવારના ૧૧ ક. ૦૫ મિ. થી બપોરના ૧૨ ક. ૨૦ મિ.

લાભ પાંચમ

કારતક સુદ - ૫ શનિવાર તા. ૧૪-૧૧-૨૦૨૬

લાભ પાંચમ કારતક સુદ - ૫ શનિવાર તા. ૧૪ નવેમ્બરે છે. જૈન જ્ઞાન પંચમી, શ્રી પંચમી, પાંડવ પંચમી છે.

પેઢી ખોલવા માટે શ્રેષ્ઠ દિવસ છે.

સમય :- સવારના ૮ ક. ૧૮ મિ. થી ૯ ક. ૩૮ મિ.
- બપોરે ૧૨ ક. ૨૧ મિ. થી ૩ ક. ૦૮ મિ.

જલારામ જયંતી

કારતક સુદ - સાતમ તા. ૧૬-૧૧-૨૦૨૬ સોમવારે જલારામ જયંતી છે.

દેવઉઠી એકાદશી - સ્માર્ત

કારતક સુદ - ૧૦ શુક્રવાર તા. ૨૦-૧૧-૨૦૨૬

દેવઉઠી એકાદશી - સ્માર્ત કારતક સુદ - ૧૦ તા. ૨૦-૧૧-૨૦૨૬ ને શુક્રવારે છે.

અગિયારસનો ક્ષય છે.

દેવઉઠી એકાદશી - ભાગવત

કારતક સુદ - ૧૨ શનિવાર તા. ૨૧-૧૧-૨૦૨૬

દેવઉઠી એકાદશી - ભાગવત કારતક સુદ - ૧૨ શનિવાર તા. ૨૧-૧૧-૨૦૨૬ ના રોજ છે.

તુલસી વિવાહનો પ્રારંભ થશે. ચાતુર્માસની સમાપ્તિ થશે.

દેવ દિવાળી

કારતક સુદ - પૂનમ મંગળવાર તા. ૨૪-૧૧-૨૦૨૬

દેવ દિવાળી કારતક સુદ - પૂનમ તા. ૨૪-૧૧-૨૦૨૬ મંગળવારે છે. વ્રતની પૂનમ છે. ત્રિપુરારી પૂનમ છે. ગુરૂનાનક જયંતી છે.

તુલસી વિવાહ સમાપ્ત થશે.

- અગ્નિદત્ત પદ્મનાભ (અગ્નિહોત્રી)

૩૦ ફૂટ ઊંચા એન્ટ્રી ગેટ અને ૨૦ ફૂટની ચાંદો-સૂરજની ફૂલોની પ્રતિકૃતિ

ફ્લાવર શો : સમૃદ્ધ વારસાથી ઉજ્જવળ ભવિષ્ય સુધીના આઠ ઝોન તૈયાર કરાશે

અમદાવાદ, શુક્રવાર

અમદાવાદમાં ફ્લાવર શો ૨૦૨૭ની તૈયારીઓ શરૂ થઈ ગઈ છે. આઠ કરોડ રૂપિયાના દેશી-વિદેશી ફૂલછોડ અને માટી-કાંપની ખરીદી બાદ હવે ફૂલોમાંથી વિવિધ સ્કલ્પચર બનાવવા રૂ. ૧૨ કરોડનો ખર્ચ કરાશે. આ વખતે જળ સંરક્ષણનો વારસો, વન્ડર્સ ઓફ ગુજરાત, પંચતત્વોની થીમ સાથે આઠ ઝોનમાં વિવિધ ફૂલોથી ૩૦થી વધુ સ્કલ્પચર બનાવવામાં આવશે. આ સાથે અત્યાર સુધીનો ફ્લાવર શોનો ખર્ચ રૂ.૨૦ કરોડે પહોંચી ગયો છે.

કોમનવેલ્થ ગેમ્સ, સફેદ રણ, ઐતિહાસિક વાવ, સમુદ્રી જીવ, શિયાળ-કાગડાની વાર્તા સહિત ૩૦થી વધારે સ્કલ્પચર મૂકાશે

અમદાવાદમાં સંભવિત ૧લી જાન્યુઆરીથી ફ્લાવર શોનું આયોજન કરાશે. ત્યારે ફ્લોપ ફ્લવાર શોને સફળ બનાવવા નીત-નવી થીમ સાથે આ વર્ષે આઠ ઝોન તૈયાર કરાશે. જેમાં ઐતિહાસિક વારસાથી લઈને ટકાઉ ભવિષ્ય સુધીની ઝાંખી જોવા મળશે. ફૂલોથી એક સ્કલ્પચર ઉભું કરવા બે લાખથી ૯૮ લાખ રૂપિયા સુધીનો ખર્ચ કરાશે. તેમજ આગળ અને પાછળ ૩૦ ફૂટ ઉંચા એન્ટ્રી ગેટ બનાવાશે. ઉપરાંત સૂરજ અને ચાંદાના ૨૦ ફૂટના સ્કલ્પચર મુકાશે. તેમજ બાળકો માટે વાર્તાઓ દર્શાવતા સ્કલ્પચરે તૈયાર કરાશે. આ સાથે જ ફ્લાવાર શોનો ખર્ચ રૂ.૨૦ કરોડ વટાવી ગયો છે. નોંધનીય છે કે, ગત વર્ષે ૧૭ કરોડના ખર્ચ સામે મ્યુનિ.ને ૧૧.૬૭ કરોડની જ આવક થઈ હતી. તેમજ મુલાકાતીઓની સંખ્યા ઘટી ગઈ હતી. ત્યારે આ વખતે ફ્લવાર શોને કેવો પ્રતિસાદ મળશે, તેના પર લોકોની મીટ મંડાઈ છે.

૩૮ સ્ટોલ ઊભા કરાશે, એકનું ભાડુ પાંચ લાખ સુધી

ફ્લાવર શોમાં ત્રણ પ્રકારના ૩૮ સ્ટોલ ભાડે આપી મ્યુનિ. દોઢેક કરોડની કમાણી કરશે. જેમાં નર્સરી એટલે ફૂલ-છોડ, કુંડા વગેરે વેચવા માટે ૧૦ બાય ૧૦ મીટરના ૧૦ સ્ટોલ રૂ.૨.૫ લાખ, ખાણીપીણીના પાંચ બાય પાંચ મીટરના ૨૦ સ્ટોલ પાંચ લાખની બેઝ રકમથી ભાડે અપાશે. નોંધનીય છે કે, કામચલાઉ ફૂડ સ્ટોલમાં ગેસ સ્ટવ કે ચૂલાનો ઉપયોગ કરી શકાશે નહીં. ફક્ત અવન અને ઈન્ડકશન વાપરવાની છૂટ અપાઈ છે. આ સાથે ૮ સ્ટોલ અન્ય વસ્તુઓના વેચાણ માટે બે લાખમાં ભાડે અપાશે. જો કે આ લઘુત્તમ ભાડું છે. જેના માટે નવેમ્બરમાં હરાજી કરાશે.

કયા ઝોનમાં કેવા સ્કલપચર જોવા મળશે?

ઝોન	થીમ
ઝોન ૧	જળ સંરક્ષણનો વારસો દર્શાવતી વાવ
ઝોન ૨	વન્ડર્સ ઓફ ગુજરાત - સફેદ રણ, કપાસના ફૂલો
ઝોન ૩	ભારતની કુદરતી સંપત્તિ - દુર્લભ ફૂલો, પાણીના ધોધ,
ઝોન ૪	સામૂહિક સ્વાગત - કોમનવેલ્થ ગેમ્સનો લોગો
ઝોન ૫	બર્ડિંગ વન્ડર - ચાર ટાપુ, શિયાળ અને કાગડાની વાર્તા સહિતની વાર્તાઓ
ઝોન ૬	દરિયાઈ દુનિયા - વ્હેલ, ઓક્ટોપસ, જેલીફિશ, વગેરે
ઝોન ૭	ટકાઉ શહેરી ભવિષ્ય - મિશન મિલિયન ટ્રી, બોનઝાઈ ટ્રી, ટેરેરિયમ
ઝોન ૮	ભવિષ્યનો બગીચો - પંચમહાભૂત (પૃથવી, જળ, અગ્નિ, વાયુ, આકાશ) ટકાઉ વારસો (ચબુતરા, પોળ,વગેરે)

સીબીઆઈસીની રમકડાં પરના જીએસટીના દર અંગે સ્પષ્ટતા

બિનઈલેક્ટ્રોનિક રમકડાં ઉપર પાંચ ટકા ને ઈલેક્ટ્રોનિક રમકડાં પર ૧૮ ટકા જીએસટી

(પ્રતિનિધિ તરફથી) અમદાવાદ,શનિવાર

બિન ઈલેક્ટ્રોનિક રમકડાં પર પાંચ ટકાના દરે અને ઈલ્ક્ટ્રોનિક રમકડાં પર ૧૮ ટકાના દરે જીએસટી લાગુ પડશે, એવી સ્પષ્ટતા સીબીઆઈસીએ હવે કરી દીધી છે. સાદા લાકડાના કે પ્લાસ્ટિકના રમકડાં, ઢીંગલીઓ સહિત વિવિધ પ્રકારના પઝલ્સ, રમકડાંની ગાડીઓને બિન ઈલેક્ટ્રોનિક રમકડાં ગણવામાં આવ્યા છે. બીજીતરફ ઈલેક્ટ્રોનિક રમકડાંમાં બેટરી કે વીજળીથી ચાલતા રિમોટ કંટ્રોલ વાહનો, વિડિયો ગેમ્સના સાધનો, ઈલેક્ટ્રોનિક ગન અથવા અન્ય બેટરીથી ચાલતા રમકડાં અને તેના પૂરજાઓ તથા પૂરક વસ્તુઓને ઈલેક્ટ્રોનિક ઉપકરણોમાં સમાવી લઈને તેના પર ૧૮ ટકાના દરે જીએસટી વસૂલવામાં આવશે તેવી સીબીઆઈસીએ સ્પષ્ટતા કરી છે.

ઈલેક્ટ્રોનિક અને બિનઈલેક્ટ્રોનિક રમકડાંની કેટેગરી સ્પષ્ટ કરી દેવામાં આવતા હજારો વિવાદો પર પડદો પડી જશે

અગાઉ માત્ર અમુક ચોક્કસ રમકડાંનો જ ઉલ્લેખ થતો હોવાથી મૂંઝવણ રહેતી હતી, પરંતુ નવા પરિપત્ર દ્વારા સ્પષ્ટ કરવામાં આવ્યું છે કે નોટિફિકેશનમાં આપેલા વગેરે વગેરે શબ્દમાં એચએસએન કોડ ૯૫૦૩ હેઠળ આવતી રમકડાંની તમામ શ્રેણીઓ એટલે કે ઢીંગલીઓ, પઝલ્સ, સ્કેલ મોડેલ્સનો સંપૂર્ણપણે સમાવેશ કરી દેવામાં આવ્યો છે. જૂની વ્યવસ્થા હેઠળ આ જોગવાઈનું મર્યાદિત અર્થઘટન કરવામાં આવતું હતું અને કેટલાક અધિકારીઓ એવું માનતા હતા કે નિયમો ફક્ત નોટિફિકેશનમાં ખાસ દર્શાવેલા ગણતરીના રમકડાં પર જ એટલે કે ટ્રાયસિકલ, સ્કૂટર અને પેડલ કાર જેવા માત્ર પૈડાવાળા રમકડાં પર જ લાગુ પડે છે. તેથી અન્ય પ્રકારના રમકડાંના વર્ગીકરણ અને ટેક્સ દરો બાબતે ઉદ્યોગો અને વેપારીઓમાં ભારે અનિશ્ચિતતા રહેતી હોવાથી વિવાદો સર્જાતા હતા.

આમ નવા પરિપત્રથી ટેક્સ વિભાગ અને વેપારીઓ વચ્ચેનો મતભેદ દૂર થઈ જશે. હવે દેશભરમાં તમામ પ્રકારના રમકડાં પછી ભલેને તે ઢીંગલી હોય, પઝલ હોય કે ઈલેક્ટ્રોનિક ગેજેટ્સ હોય, તેના પર પાંચ ટકા કે અઢાર ટકા જીએસટી લાગશે તેની સ્પષ્ટતા થઈ ગઈ છે. તેથી રમકડાં બનાવતી ફેક્ટરીઓ, આયાતકારો અને સપ્લાયર્સ માટે જીએસટીના નિયમોનું પાલન કરવાનું સરળ બની રહ્યું છે. કાનૂની જોગવાઈઓના મનસ્વી અર્થઘટનને અવકાશ રહ્યો નથી.

આજ રીતે સબલિમેશન પેપર કસ્ટમ્સ ટેરિફ એક્ટ, ૧૯૭૫ના એચએસએન કોડ ૪૮૦૯ હેઠળ આવે છે અને તેના પર ૧૮ ટકા જીએસટી લાગુ પડે છે. ભૂતકાળમાં એચએસએન કોડ ૪૮૦૯ અને પેટા કોડ ૪૮૧૦ ૨૨ વચ્ચેના વર્ગીકરણ અંગે ચાલતા વિવાદોને દૂર કરવા માટે જીએસટી કાઉન્સિલે ભૂતકાળના સમયગાળાને ધ્યાનમાં રાખીને જેમ છે તેમ, જ્યાં છે તેમ ના સિદ્ધાંતને અનુસરીને તે પ્રમાણેની જોગવાઈ લાગુ કરવાનો નિર્ણય લીધો છે. એઝ ઈઝ, વેર ઈઝનો સી ો અર્થ એ થાય છે કે ભૂતકાળમાં જે વેપારીઓએ જે પ્રકારે ટેક્સ ભર્યો છે અથવા ઓછો ટેક્સ ભર્યો છે, તેને હવે પકડવામાં આવશે નહીં. તેમની પાસે વધારાની ટેક્સ ડિમાન્ડ કાઢીને નોટિસ આપવામાં આવશે નહિ. આમ કોઈ વેપારીએ ભૂતકાળમાં ઓછા દરથી ટેક્સ ભર્યો હોય, તો ટેક્સ વિભાગ હવે પાછલી તારીખથી જૂના બિલ કે ટ્રાન્ઝેક્શન માટે વધારાના ટેક્સની માંગણી કરતી નવી નોટિસો કે દંડની નોટિસો મોકલશે નહીં. તેમ જ ભૂતકાળના રિફંડ પણ આપશે નહીં. તેની સાથે જ જો કોઈ વેપારીએ વધુ ટેક્સ ભરેલો હશે, તો સરકાર તેનું રિફંડ પણ પાછું આપશે નહિ. આમ આ બાબત જ્યાં અને જેવી સ્થિતિમાં હતી ત્યાં જ સ્થગિત કરી દેવામાં આવેલી ગણવામાં આવશે. તેમ જ ભૂતકાળના હિસાબો ફરીથી ખોલવામાં આવશે નહીં.

સબલિમેશન પેપર ઉપર ૧૮ ટકા જીએસટી

સબલિમેશન પેપર ખાસ પ્રકારનું સ્પેશિયલ કોટેડ કાગળ છે. તેનો ઉપયોગ પ્રિન્ટિંગ ઉદ્યોગમાં કપડાં, મગ, ટી-શર્ટ અને અન્ય વસ્તુઓ પર ડિઝાઈન છાપવા માટે થાય છે. પ્રિન્ટેડ કોફી મગ, ફોટો ફ્રેમ, કી-ચેઈન, કપડાં, સ્પોર્ટ્સ જર્સી, પોલીએસ્ટર ટી-શર્ટ્સ.ઘરની ચીજવસ્તુઓથ કુશન કવર, બેડશીટ, પડદામાં તેનો ઉપયોગ થાય છે તેના ઉપર ૧૮ ટકા જીએસટી લાગુ પડશે. આ જ રીતે સી-વીડ એટલે કે દરિયામાં થતી શેવાળ-વનસ્પતિઓની મદદથી થતાં બાયો-સ્ટિમ્યુલન્ટ્સને ફ ટલાઈઝર કંટ્રોલ ઓર્ડર, ૧૯૮૫ના શેડ્યૂલ છ હેઠળ નોંધાયેલા છે, હવે તેમને ખાતર ગણી એચએસએન કોડ ૩૧૦૧ હેઠળ ગણવામાં આવશે. તેના પર ૫ ટકા જીએસટી લાગુ પડશે. ભૂતકાળના આ અંગેના ઊભા થયેલા વિવાદોને પણ જેવા છે તેવા અને જ્યાં છે ત્યાંના ધોરણે રહેવા દેવામાં આવશે. તેમાં કોઈ જ પગલાં લેવામાં આવશે નહિ. આમ સીબીઆઈસીના આ પરિપત્રને પરિણામે જીએસટી અધિકારીઓ ને વેપારીઓ વચ્ચે ચાલતા મતભેદોનો અંત આવશે, તેમ જ વ્યવસાય કરવાની સરળતા વધશે અને દેશભરમાં જીએસટીના નિયમોનું સમાન અમલીકરણ સુનિશ્ચિત કરશે.

નારણપુરામાં અમી એપાર્ટમેન્ટનો બનાવ

વતન જવા પૈસાની જરૂર પડતા ચોરી કરવા ગયેલો તસ્કર પકડાયો

અમદાવાદ,શનિવાર

શહેરના નારણપુરામાં આવેલા અમી એપાર્ટમેન્ટમાં ધોળા દિવસે ચોરી કરવા આવેલા યુવકને સ્થાનિક લોકોએ ઝડપીને ઘાટલોડિયા પોલીસને હવાલે કર્યો હતો. પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું હતું કે તામિલનાડુના વેલ્લારમાં રહેતા યુવકને વતનમાં પરત જવા માટે નાણાંની જરૂર હોવાથી ચોરી કરવા માટે આવ્યો હતો. જો કે તે ગુજરાત શા માટે આવ્યો હતો? તે અંગે ઘાટલોડિયા પોલીસે ગુનો નોંધીને તપાસ શરૂ કરી છે.

સોફ્ટવેર એન્જિનિયર સવારે નાસ્તો કરવા જતા ચોર ઘરમાં ઘૂસી ગયો, સ્થાનિકોએ પકડી પોલીસને સોંપ્યો

નારણપુરામાં આવેલા અમી એપાર્ટમેન્ટમાં ભાડેથી રહેતા દેવરાજભાઈ પાનસુરિયા સોફ્ટવેર એન્જિનીયર તરીકે કામ કરે છે. શુક્રવારે સવારે તે નાસ્તો કરવા માટે બહાર ગયા હતા અને પરત આવ્યા ત્યારે જોયુ તો ઘરનો દરવાજો ખુલ્લો હતો અને અંદર જઈને જોયુ તો બેડરૂમમાં એક યુવક કબાટમાંથી મુદ્દામાલની ચોરી કરી રહ્યો હતો.

જે દેવરાજભાઈને જોઈને તે યુવક નાસી ગયો હતો. પરંતુ, તેમણે બુમાબુમ કરીને પીછો કરીને સ્થાનિક લોકોની મદદથી યુવકને ઝડપીને ઘાટલોડિયા પોલીસને હવાલે કર્યો હતો. પોલીસે પુછપરછ કરતા તેનું નામ અજય કામપ્પા (રહે.વેલ્લાર જિલ્લો, તમિલાનાડુ) હોવાનું જાણવા મળ્યું હતું. તેને તમિલનાડુ જવાનું હોવાથી નાણાંની જરૂર હોવાથી તે ઘરમાં ચોરી કરવા માટે આવ્યો હતો. જો કે તે અમદાવાદ શા માટે આવ્યો હતો? તેણે અગાઉ કોઈ ચોરી કરી છે કે નહી? તે અંગે પોલીસે તપાસ શરૂ કરી છે.



જેતપુરનાં પીઠડીયા ગામે ખેડૂતોએ માવઠાંના કારણે સોથ વળી ગયેલા કપાસનાં પાકનું બેસણું રાખીને નવતર વિરોધ કર્યો હતો.

જેતપુર પંથકમાં વલોપાતની આશ્ચર્યજનક અભિવ્યક્તિ

માવઠાંથી ખેડૂતો રાતાં પાણીએ રડી પડ્યા, પાક પલળતાં બેસણું યોજ્યું

જેતપુર, તા. ૩૧

રાજકોટ જિલ્લાના જેતપુર તાલુકાના પીઠડીયા ગામે ગઇકાલે પડેલા કમોસમી વરસાદે ખેડૂતોની મહેનત પર પાણી ફેરવી દીધું છે. વરસાદના કારણે ખેતરમાં પડેલો મગફળી, કપાસ અને સોયાબીનનો તૈયાર પાક પલળી જતાં ખેડૂતોને ભારે આર્થિક નુકસાન વેઠવાનો વારો આવ્યો છે. જેથી હતાશ થયેલા પીઠડીયા ગામના ખેડૂતોએ સરકારનું ધ્યાન દોરવા માટે વલોપાતની આશ્ચર્યજનક અભિવ્યક્તિ કરી હતી. જેમાં તેમણે માવઠાંથી પલળી ગયેલા પાકનું બેસણું યોજ્યું હતું.

મગફળી, કપાસ અને સોયાબીન જેવા પાકનો સોથ વળી જવાથી દુષ્કાળ જાહેર કરવા અને દેવા માફી માટે સરકાર સમક્ષ માંગ

પીડિત ખેડૂતોના જણાવ્યા મુજબ, આ વર્ષે ચોમાસું નબળું હોવાથી મગફળીનું ઉત્પાદન પહેલેથી જ ઓછું હતું. માંડ વિઘે પાંચથી દસ મણ મગફળી થઇ હતી અને એ પણ ગઇકાલના વરસાદમાં પલળીને બગડી ગઇ છે. પશુઓ માટેનો ઘાસચારો પણ પલળી ગયો છે.

ખેડૂતોની વ્યથા એટલી જ નથી, જે ખેડૂતો પોતાની મગફળી યાર્ડમાં લઇ ગયા હતા, તેમની મગફળી પણ યાર્ડમાં છાપરા ન હોવાથી ખુલ્લામાં પલળી ગઈ છે. મજૂરો બોલાવીને થ્રેશરથી મગફળી કઢાવતા હતા, ત્યાં જ વરસાદ તૂટી પડ્યો. મગફળી તો પલળી ગઈ પણ મજૂરી અને થ્રેશરનું ભાડું અમારે માથે પડ્યું છે. બિયારણ, ખાતર અને મજૂરીના ખર્ચા કાઢવા પણ મુશ્કેલ છે.

આજે સરદાર પટેલની જન્મજયંતીના દિવસે જ આ દયનીય સ્થિતિ અંગે આક્રોશ ઠાલવતા ખેડૂતોએ જણાવ્યું કે, 'રાજકોટ જિલ્લો દુષ્કાળગ્રસ્તમાંથી બાકાત છે. સરકારને અપીલ છે કે ખેડૂતોની વહારે આવે, રાજકોટ જિલ્લાને પણ દુષ્કાળગ્રસ્ત જાહેર કરે અને ખેડૂતોના દેવા માફ કરે તેમજ મુખ્યમંત્રી કિસાન સહાય યોજના જે બંધ થઈ ગઈ છે તેને ફરીથી ચાલુ કરી તાત્કાલિક રાહત પેકેજ અને પશુઓ માટે ઘાસચારાની વ્યવસ્થા કરે.' આ સાથે ખેડૂતોએ ચીમકી ઉચ્ચારી છે કે જો તેમની માંગણીઓ સંતોષવામાં નહીં આવે અને સરકાર ખેડૂતોની વાત નહીં સમજે તો આગામી સમયમાં ગામેગામ આવા બેસણાના કાર્યક્રમો યોજીને ઉગ્ર આંદોલન કરવામાં આવશે.

અમદાવાદ મ્યુનિ.ની કામગીરી એજન્સીઓના ભરોસે

મ્યુનિ.માં હવે રૂ.૪.૬ કરોડના ખર્ચે ૧૦૦ હેલ્પર આઉટસોર્સથી લેવાશે

અમદાવાદ, શનિવાર

અમદવાદ મ્યુનિ. ધીમે-ધીમે આઉસોર્સ્ડ મ્યુનિ. બની રહ્યું હોય તેવી સ્થિતિ સર્જાઈ છે. કાયમી કર્મચારીઓ કરતા દોઢ ગણા વધારે કર્મીઓ આઉટસોર્સિંગથી લેવામાં આવ્યા છે. તેવામાં પટ્ટાવાળા અને ટેકનિકલ સ્ટાફ બાદ હવે બે વર્ષ સુધી એમ્બ્યુલન્સ, શબવાહિની અને ફાયર બ્રિગેડના કામ માટે ૧૦૦ હેલ્પર સ્ટાફ રાખવા એજન્સીને રૂ. ૪.૬ કરોડ ચૂકવાશે. સેન્ટ્રલ સ્ટોર્સનું આ આયોજન ચર્ચાની એરણે ચડ્યું છે.

૧૮૦ પટ્ટાવાળા અને ૫૭ ટેકનિકલ સ્ટાફ બાદ વધુ એક ચર્ચાસ્પદ આયોજન, કાયમી સામે આઉટસોર્સ કર્મી.ઓની સંખ્યા દોઢ ગણી

અમદાવાદ મ્યુનિ. કોર્પોરેશનમાં હાલ પંદરેક હજાર કર્મચારીઓ છે. જેમાંથી આશરે ૬ હજાર જ કાયમી છે. જ્યારે ૯ હજાર જેટલા કર્મચારીઓ આઉટસોર્સિંગથી રાખવામાં આવ્યા છે. એસ્ટેટ, વોટર ડિસ્ટ્રિબ્યુશન, સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ, ડેટા એન્ટ્રી ઓપરેટર, આરોગ્ય, બગીચા, ઈજનેર સહિત મોટા ભાગના વિભાગો સ્ટાફ માટે એજન્સીઓ પર નિર્ભર છે. એજન્સીઓ સ્ટાફ આપશે તો કામ થશે, નહીંતર પ્રજાના કામ અટકી જશે! ત્યારે ૧૮૦ પટ્ટાવાળા અને ૫૭ ટેકનિકલ સુપરવાઈઝર બાદ હવે ૧૦૦ હેલ્પર સ્ટાફ કોન્ટ્રાક્ટ પર રાખવાનું આયોજન કરાયું છે. બે વર્ષ સુધી એમ્બ્યુલન્સ, શહવાહિની અને ફાયર બ્રિગેડના કામ માટે ૧૦૦ હેલ્પર પૂરા પાડવા એજન્સીને રૂ.૪.૬ કરોડ ચૂકવાશે. ઉપરાંત જરૂરિયાત મુજબ મ્યુનિ. હેલ્પરની સંખ્યામાં વધારો કરી શકે છે. આ પંદર દિવસમાં જ ૩૫૦ કર્મીઓ આઉસોર્સિંગથી લેવાના ત્રણ આયોજનો વિવાદમાં આવ્યા છે.

એક હેલ્પરનો પગાર ૧૯ હજાર, વાસ્તવમાં આટલી રકમ તેમને મળે છે ખરી?

મ્યુનિ. દ્વારા બે વર્ષ માટે ૧૦૦ હેલ્પર પૂરા પાડવા એજન્સીને રૂ. ૪.૬ કરોડની રકમ ચૂકવાશે. જે ગણતરી મુજબ એક હેલ્પરને વર્ષે રૂ. ૨.૩ લાખ મળવાપાત્ર છે. એટલે દર મહિને એક હેલ્પરને રૂ. ૧૯,૧૬૬ પગાર મળવો જોઈએ. પરંતુ ખરેખર હેલ્પર સુધી આટલી રકમ પહોંચે છે કે પછી વચ્ચેથી કટકી થઈજાય છે? તે મોટો પ્રશ્ન છે.

જાહેર નોટિસ

રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીકટ અમદાવાદ, સબ-ડીસ્ટ્રીકટ અમદાવાદ-૬ (નરોડા) અને તાલુકે દશક્રોઈના મોજે-ગામ એણાસણની સીમમાં આવેલ જુના બ્લોક નંબર-૧૪૯ પૈકી જેના રી-સર્વે મુજબ નવા બ્લોક નંબર - ૧૮૭/૦૦૧ ક્ષેત્રફળ ૧૭૬૮૨ સમચોરસમીટર પૈકી ક્ષેત્રફળ ૧૨૯૨૬ સમચોરસમીટર પૈકી ક્ષેત્રફળ ૭૧૩૪ સમચોરસમીટરની જુની શરતની ખેતીની જમીન (૧) દિનેશજી ડુંગરજી (૨) અરવિંદ ડુંગરજી (૩) સરદારજી ડુંગરજી (૪) હિમાંશુ મંગાજી (૫) કૈલાશબેન મોનાજી ઠાકોર (૬) જીતેન્દ્રકુમાર મોનાજી ઠાકોર (૭) મિનેશકુમાર મોનાજી ઠાકોર (૮) સોનલબેન મોનાજી ઠાકોર, તમામ ઠેકાણુ : અમદાવાદનાએ તેઓની માલિકી કબજા ભોગવટાની તેમજ તમામ પ્રકારના બોજાઓથી મુક્ત આવેલ હોવાનુ જણાવી અમારી પાસે ટાઇટલ ક્લીયરન્સ સર્ટીફીકેટની માંગણી કરેલ છે તો સદર જમીનમાં કોઇનો હક્ક, હિત, હિસ્સો આવેલ હોય તો દિન-૭ (સાત) ની અંદર પ્રમાણીત પુરાવા સહીત રજી.એ.ડી.થી જાણ કરવી (પુરાવા વગરના વાંધાઓ ધ્યાને લેવામાં આવશે નહી) અને જો તેમ કરવામાં કસુર કરવામાં આવશે તો કોઇનો હક્ક, હિત, સબંધ નથી અને હોય તો તે વેવ કરેલ છે તેમ માનીને ટાઇટલ ક્લીયરન્સ સર્ટીફીકેટ આપવામાં આવશે અને ત્યારબાદ કોઇની કોઇ તકરાર ચાલશે નહી.

વિજય વાય. ચૌગુલે, એડવોકેટ
VIJAY Y. CHAUGULE & CO.
૪૨૫થી ૪૨૮, દેવનંદન મોલ, સન્યાસ આશ્રમની સામે, એલીસબ્રીજ, અમદાવાદ ૩૮૦૦૦૬
ફોન નં.: ૮૭૮૦૬૪૮૯૪૩

જાહેર નોટિસ

જત રજીસ્ટ્રેશન ડિસ્ટ્રીક્ટ સબ-ડિસ્ટ્રીક્ટ અમદાવાદ ૧૨ (નિકોલ) ના તાલુકા દશક્રોઈ ના મોજે સીંગરવા ની સીમના રિ-સર્વે/બ્લોક નં. ૪૫૦/૧ (જુના સર્વે નં.૮૩/૧) ની ૧૫૮૮ ચો.મી., રિ-સર્વે/બ્લોક નં. ૪૫૦/૨ (જુના સર્વે નં.૮૩/૧) ની ૧૨૨૭૩ ચો.મી., રિ-સર્વે/બ્લોક નં. ૪૫૧ (જુના સર્વે નં.૮૩/૨) ની ૧૦૧૨ ચો.મી., રિ-સર્વે/બ્લોક નં. ૪૫૨ (જુના સર્વે નં.૮૩/૩) ની ૧૦૧૨ ચો.મી., જમીનોનો સમાવેશ ટી.પી. સ્કીમ નં. ૧૧૮ (સીંગરવા) માં થતા ફાળવવામાં આવેલ ફાઈનલ પ્લોટ નં.૪૬ ની જમીનમાં આપેલ અભિપ્રાય મુજબ ફાઈનલ પ્લોટ નં. ૪૬/ ૧ ની ૮૫૭૭ ચો.મી. તથા ૪૬/૨ ની ૯૫૩ ચો.મી. જમીન ઉપર ઔડા દ્વારા પાસ થયેલ સબ ડિવિજનના પ્લાન મુજબ સબ પ્લોટ નં. ૧ ની ૪૦૦૯.૭૫ ચો.મી. ના ક્ષેત્રફળવાળી બિનખેતીની જમીન (૧) નિલેશભાઈ બટુકભાઈ પાંચાણી, (૨) જયેશભાઈ બટુકભાઈ પાંચાણી નાઓની પાસેથી તા. ૨૬.૧૦.૨૦૨૬ નારોજ અનુક્રમ નં.૨૮૨૨૮ થી HARIHAR BUILDCON એ નામની ભાગીદારી પેઢીએ વેચાણ રાખેલ હોવાથી ઉપરોક્ત જમીન તેઓની માલિકી, કબજા-ભોગવટાની બોજાઓથી મુક્ત ટાઈટલ ક્લીયર અને માર્કેટેબલ આવેલી છે તેમ જણાવી અમારી પાસે સદરહુ જમીનના ટાઈટલ ક્લીયર અને માર્કેટેબલ હોવાના અભિપ્રાય અંગેના સર્ટીફીકેટ ની માંગણી કરેલ છે તો સદરહુ જમીનમાં કોઈ વ્યક્તિ કે સંસ્થાનો કોઈપણ પ્રકારનો હક્ક, હિત, હિસ્સો, દાવો, બોજો, વાંધો હોય તો દિન-૭ (સાત) માં પ્રમાણીત પુરાવા સહિત લેખીતમાં રજી.એ.ડી. થી જાણ કરવી (પ્રમાણિત પુરાવા વગરનાં વાંધા ધ્યાને લેવાશે નહી) અને જો તેમ કરવામાં કસુર થશે તો કોઈ વ્યક્તિ કે સંસ્થાનો કોઈપણ પ્રકારનો હક્ક, હિત, હિસ્સો, દાવો, બોજો, વાંધો ઈત્યાદી નથી અને જો હોય તો તે જતો (વેવ) કરેલ છે તેમ સમજી ટાઈટલ ક્લીયરન્સના અભિપ્રાય અંગેનું સર્ટીફીકેટ આપીશું ત્યારબાદ કોઈની કોઈ તકરાર ચાલશે નહી.

દિનેશ બી. પટેલ, એડવોકેટ
ઓફીસ ૪૦૩ તથા ૪૦૪, બ્લોક-સી, ફોર્થ ફ્લોર, રેવતી પ્લાઝા, ભક્તિ સર્કલ પાસે, ઓફ એસ. પી. રીંગ રોડ, ન્યુ નિકોલ, અમદાવાદ ૩૮૦૦૪૯.
મો. નં. ૯૮૭૯૦ ૫૭૨૯૦.

રૂટ બદલાતા ટ્રેનનું સમયપત્રક ખોરવાયું

પુરી સુપરફાસ્ટ ટ્રેન ૧૩ કલાક મોડી, કાલુપુરથી ૬.૩૫ કલાક સમય ઠેલાયો

અમદાવાદ, શનિવાર

ઓરિસ્સામાં રેલવે બ્રિજ પર પાણી ભયજનક સપાટીથી ઉપર વહેતાં તેની અસર અમદાવાદના મુસાફરો સુધી પહોંચી હતી. મુસાફરોની સલામતીને ધ્યાનમાં રાખીને પુરીથી અમદાવાદ આવતી ટ્રેનનો રૂટ બદલવામાં આવ્યો હતો. જેના કારણે ટ્રેન ૧૩ કલાકથી વધુ મોડી પડતાં રેલવે દ્વારા સુચના જારી કરીને અમદાવાદથી પુરી જતી ટ્રેનના ઉપડવાના સમયમાં પણ ફેરફાર કરવો પડ્યો હતો.

ઓરિસ્સામાં બ્રિજ પર પાણી ભયજનક સપાટીથી ઉપર વહેતાં રૂટ બદલાયો, અમદાવાદમાં યાત્રિકોને મુશ્કેલી વધી

પ્રાપ્ત માહિતી મુજબ, ટ્રેન નં.૧૨૮૪૩ પુરી-અમદાવાદ સુપરફાસ્ટ એક્સપ્રેસ ૨૮ ઓક્ટોબરના રોજ સાંજે ૧૭.૩૦ કલાકે ઉપડવાની હતી. પરંતુ ભારે વરસાદને કારણે ટ્રેન રાત્રે ૨૦.૩૧ કલાકે ત્યાંથી રવાના થઇ હતી.

રસ્તામાં ઓરિસ્સાથી ઈચ્છાપુરમ-ઝાડુગુડા રેલખંડમાં બ્રિજ પર પાણીનું સ્તર વધતા ટ્રેનને ખુરદા રોડથી અંગુલ, સંબલપુર અને ટિટલાગઢ માર્ગ પર ડાયવર્ટ કરવામાં આવી હતી.

આ ફેરફારને કારણે મુસાફરીનો સમય વધ્યો હતો. ટ્રેન શનિવારે સવારે ૦૬.૨૫ કલાકે અમદાવાદ પહોંચવાની હતી. પરંતુ ટ્રેન રાત્રે ૨૦.૩૦ કલાક બાદ પહોંચતા અમદાવાદ આવતાં મુસાફરોને ભારે હાલાકી વેઠવી પડી હતી.

એટલું જ નહીં, ટ્રેન મોડી પડવાના કારણે પરત ફરતી ૧૨૮૪૪ નંબરની અમદાવાદ-પુરી સુપરફાસ્ટ એક્સપ્રેસ ટ્રેનના સમયમાં પણ અસર પડી હતી. જેમાં આ ટ્રેનનો પરત ઉપડવાનો સમય ૩૧ ઓક્ટોબરે સાંજે સાત કલાક હતો પરંતુ ટ્રેન મોડી પડતાં સમયમાં ફેરફાર કરીને તેને ૬.૩૫ કલાક મોડી રાત્રિના ૦૧.૩૫ કલાક કરવામાં આવતા મુસાફરોને સ્ટેશન પર કલાકો સુધી રાહ જોવાની નોબત આવી હતી.

કોન્ટ્રાક્ટના બદલામાં ૩૯ લાખ કમિશન મેળવ્યું

પાલડીના વેપારી સાથે સ્કૂલ બેગના ૩૧ કરોડના કોન્ટ્રાક્ટના નામે ઠગાઈ

અમદાવાદ,શનિવાર

શહેરના બોડકદેવ વિસ્તારમાં આવેલી એક કંપનીને આસામ સરકારના પ્રોજેક્ટ હેઠળ સ્કૂલ બેગ તૈયાર કરવાના ૩૧ કરોડનો કોન્ટ્રાક્ટ અપાવવાનું કહીને મુંબઇ, ભોપાલ અને ગોવાહાટીમાં રહેતા ત્રણ ગઠિયાઓએ ૩૯ લાખની રકમ કમિશન પેટે લઈને છેતરપિંડી આચરી હોવાની ફરિયાદ આર્થિક ગુના નિવારણ શાખામાં નોંધવામાં આવી છે.

અમદાવાદ સ્થિત કંપનીના સ્ટાફે ગોવાહાટી જઈને મળતા સરકારી કોન્ટ્રાક્ટ કોરા કાગળ પર આપતા પોલ ખુલી પડી

પાલડીમાં આવેલા સમેત શીખર સોસાયટીમાં રહેતા અમન વસાવડા એસ જી હાઈવે બોડકદેવમાં કંપની ધરાવીને સરકારી ટેન્ડરીંગનો વ્યવસાય કરે છે. અમનભાઈએ આસામમાં બોટ સપ્લાય કરવાનો કોન્ટ્રાક્ટ લીધો હતો ત્યારે તેમની મુલાકાત ભોપાલમાં રહેતા ગગન સકસેના અને મુંબઈમાં રહેતા સુધીર ચૌધરી સાથે થઈ હતી. જે સરકારી કંપનીઓના કોન્ટ્રાક્ટ અપાવવામાં મદદ કરતા હોવાનું જણાવતા હતા. થોડા સમય પહેલા સુધીર ચૌધરી અને ગગન સક્સેનાએ અમનભાઈને ફોન કરીને જણાવ્યું હતું કે આસામમાં આવેલી એક સરકારી સંસ્થાને ૩૧.૨૦ કરોડની કિંમતની બે લાખ જેટલી સ્કૂલ બેગની જરૂર છે. જેનો કોન્ટ્રાક્ટ તે અપાવશે. બદલામાં કમિશન આપવાનું રહેશે. જેથી અમનભાઈએ તેમના સ્ટાફને ૧૦ લાખ રૂપિયા લઈને ગોવાહાટી મોકલ્યો હતો. જ્યાં સુધીર ચૌધરી, ગગન સક્સેના અને ગોવાહાટીમાં રહેતા હેમંતાકુમાર અધિકારી સાથે મિટીંગ કરીને ડીલ નક્કી કરીને નવ લાખ રૂપિયા કમિશન પેટે ચુકવ્યા હતા અને બાદમાં અન્ય નાણાં મળીને કુલ ૩૯ લાખ અલગ અલગ સમયે ઓનલાઈન ટ્રાન્સફર કર્યા હતા.

જેની સામે તેમણે કોરા કાગળ પર કંપનીને કોન્ટ્રાક્ટ લખી આપ્યો હતો. પરંતુ, અમનભાઈને શંકા જતા તેમણે આસામ સરકારની સત્તાવાર સાઈટ પરથી ઈ-મેઈલ કરીને ઓર્ડરની વિગતો મોકલી આપવા તેમજ કોન્ટ્રાક્ટ પેપરની વિગતો માંગતા તે આપી શક્યા નહોતો. જથી તેમને આપેલા ૩૯ લાખ પરત માંગવામાં આવતા માત્ર ૧૫ લાખ રૂપિયા ચુકવીને બાકીને ૨૪ લાખ આપ્યા નહોતા. જ્યારે અમનભાઈએ નાણાંની માંગણી કરી ત્યારે તેમને ત્રણેય વ્યક્તિઓએ નાણાં નહી આપવાની ધમકી આપી હતી. જે અંગે આર્થિક ગુના નિવારણ શાખાએ ગુનો નોંધીને તપાસ શરૂ કરી છે. પ્રાથમિક તપાસમાં પોલીસને જાણવા મળ્યું હતું કે આરોપીઓએ સરકારી કોન્ટ્રાક્ટના નામે દેશના અન્ય શહેરોમાં પણ મોટા પ્રમાણમાં કોન્ટ્રાક્ટરો સાથે કરોડોની ઠગાઈ કરી હતી.

બાયો સીએનજી અને સીબીજી પ્લાન્ટ માટે હવે એકસમાન જાહેરનામું

અમદાવાદ, શનિવાર

ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ દ્વારા પાત્ર કમ્પ્રેસ્ડ બાયોગેસ અને બાયો સીએનજી પ્લાન્ટ માટે એકસમાન જાહેરનામું જારી કરાયું છે. નિર્ધારિત કાચા માલનો ઉપયોગ કરતા અને નક્કી કરેલી શરતોનું પાલન કરતા પાત્ર સીબીજી અને બાયો સીએનજી પ્લાન્ટનો વ્હાઈટ કેટેગરીમાં સમાવેશ કરાયો છે. આ પ્લાન્ટને રાજ્ય પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ પાસેથી સ્થાપના માટેની સંમતિ અને સંચાલન માટેની સંમતિ મેળવવામાંથી મુક્તિ આપવામાં આવી છે. આ પહેલથી વિવિધ સરકારી યોજનાઓ, નોંધણી તથા મંજૂરીઓ માટેની અરજીઓનો નિકાલ ઝડપી બનશે તેવો દાવો કરાયો છે.

લખપતમાં ૩.૧ની તીવ્રતાનો ભૂકંપનો આંચકો નોંધાયો

ભુજ, શનિવાર

લખપત નજીક આજે બપોરના સમયે ભૂકંપનો ૩.૧.નો આંચકો નોંધાતાં ભૂસ્તરીય હિલચાલ સામે આવી છે. ભૂકંપના આંચકા પછી કોઈ નુકસાની પહોંચી નથી.

૩૧ ઓક્ટોબર ૨૦૨૬ના બપોરે ૩.૩૧ કલાકે ભૂકંપની આ હિલચાલ નોંધાઈ હતી. ભૂકંપનું કેન્દ્રબિંદુ કચ્છના લખપતથી આશરે ૫૩ કિલોમીટર ઉત્તર-ઉત્તર પૂર્વ દિશામાં હોવાનું નોંધાયું છે.

જાહેર નોટિસ

આથી જાહેર જનતાને જણાવવાનું કે, રજીસ્ટ્રેશન ડિસ્ટ્રીક્ટ અમદાવાદના સબ-ડિસ્ટ્રીક્ટ અને તાલુકા સાણંદના ગામ મોજે વિરોચનગરની સીમના (એ) બ્લોક નંબર-૨૦૬૪/અ/૧ ની ૨૭૮૨૧ ચોરસમીટર બિનખેતીની જમીનનો સીટી સર્વે રેકર્ડમાં સમાવેશ થતા તેને સીટી સર્વે વોર્ડ-વિરોચનનગર (બિનખેતી)ના શીટ નંબર-NA૯૯ અન્વયે ફાળવવામાં આવેલ સીટી સર્વે નંબર-NA૨૦૬૪/અ/૧ ની ૨૭૮૨૧ ચોરસમીટર બિનખેતીની જમીન (બી) બ્લોક નંબર-૨૦૪૩ ની ૫૧૧૯૩ ચોરસમીટર બિનખેતીની જમીન તથા (સી) બ્લોક નંબર-૨૦૫૩ ની ૨૩૫૭૩ ચોરસમીટર બિનખેતીની જમીન એમ (એ) થી (સી)ની મળીને કુલ્લે ૧૦૨૫૮૭ ચોરસમીટરના ક્ષેત્રફળની બિનખેતીની જમીન (૧) મફતભાઈ ભગવાનદાસ પટેલ (૨) શંકરભાઈ દેવચંદદાસ પટેલ (૩) મહેન્દ્રભાઈ હીરાભાઈ પટેલ (૪) સોમાભાઈ દેવચંદદાસ પટેલ (૫) ગીરીશભાઈ જોઈતારામ પટેલ (૬) સુરેશભાઈ હીરાભાઈ પટેલ (૭) સેંધાભાઈ શિવરામ પટેલ (૮) નરસિંહભાઈ દેવચંદદાસ પટેલ (૯) જગદીશભાઈ દેવચંદદાસ પટેલ (૧૦) અરવિંદભાઈ હીરાભાઈ પટેલ (૧૧) સંદીપકુમાર રમેશભાઈ તથા (૧૨) ભાવિકકુમાર રમેશભાઈએ તેઓની સંપૂર્ણપણે સંયુક્ત માલિકી કબજા ભોગવટાની તથા તમામ બોજા રહિત હોવાનું જણાવી અમારી પાસેથી સદરહુ જમીનના ટાઈટલ્સ ક્લીયરન્સ સર્ટીફીકેટની માંગણી કરેલ છે. તો સદરહુ જમીન ઉપર જો કોઈનો કોઈપણ પ્રકારનો લાગ-ભાગ, હક્ક, હિત, હિસ્સો, દાવો કે બોજો હોય તો તે તેઓએ આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૧૫ (પંદર) માં અમોને તે બદલના પુરાવા સહિત લેખિતમાં જાણ નીચેના સરનામે કરવી જો તેમ કરવામાં નહી આવે તો સદરહુ જમીન ઉપર અન્ય કોઈપણ વ્યક્તિનો કોઈપણ પ્રકારનો લાગ-ભાગ, હક્ક, હિત, હિસ્સો, દાવો, બોજો નથી અને હોય તો તે જતો (વેવ) કરેલ છે તેમ માની અમો ટાઈટલ્સ ક્લીયરન્સ સર્ટીફીકેટ આપીશું અને ત્યારબાદ કોઈની કોઈપણ જાતની તકરાર ચાલશે નહી.

ફાઈલ નંબર-૧૦૪૧૫
તારીખ : ૦૧-૧૧-૨૦૨૬

શરદ એન. દરજી
(એડવોકેટ એન્ડ નોટરી)
(એમ.કોમ., એલ.એલ.બી.)
ઓફીસ : બી-૫૦૧, સત્યમેવ કોમ્પલેક્ષ, ન્યુ ગુજરાત હાઈકોર્ટ સામે, એસ.જી. હાઈવે, સોલા,
અમદાવાદ-૩૮૦૦૬૦
ફોન નંબર : ૦૭૯-૨૬૪૬૯૮૦૦

ફોજદારી કોર્ટની સામે ૩૫ કરોડના ખર્ચે અદ્યતન સંકુલ ઊભું કરાશે

ચેક રિટર્ન કોર્ટના અદ્યતન સંકુલ માટે ટૂંક સમયમાં જ ખાતમુહૂર્ત થશે

અમદાવાદ,શનિવાર

અમદાવાદમાં 'ધી નેગોશિએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટ' હેઠળના ચેક રિટર્નના કેસો માટે વિશેષરૂપે અલગથી કોર્ટ ટૂંક સમયમાં જ ધમધમવા લાગશે. ઘી કાંટા સ્થિત મેટ્રોપોલિટન કોર્ટ સંકુલની સામેના ભાગે જ અંદાજે રૂ.૩૫ કરોડથી વધુના ખર્ચે સાત માળનું અદ્યતન સંકુલ ઊભું કરવાનું નિર્માણ કાર્ય હવે અંતિમ તબક્કામાં છે. ટૂંક સમયમાં જ આ નવા સંકુલના નિર્માણ માટે ખાતમુહૂર્ત થવાની શક્યતા છે. કારણ કે, ખુદ હાઈકોર્ટના જસ્ટિસ એ.એસ.સુપહીયા અને યુનિટ જજ જસ્ટિસ ઈલેશ જે.વોરાએ સંકુલ નિર્માણ થવાનું છે તે સ્થળની રૂબરૂ જાત મુલાકાત લઈ નિરીક્ષણ કર્યું હતું અને વહીવટી સ્ટાફને જરૂરી સૂચનાઓ પણ આપી હતી.

બેંકો, કંપનીઓ, નાણાંકીય સંસ્થાઓના ચેક રિટર્નના તમામ ખાનગી કેસો હવે ટૂંક સમયમાં નવા સંકુલમાં ટ્રાન્સફર થઈ જશે

મેટ્રો કોર્ટની સામે આ સાત માળની ભવ્ય ઈમારત નિર્માણ થતાંની સાથે જ લાલદરવાજા અપનાબજાર ખાતે આવેલી ચેક રિટર્નની તમામ સ્પેશ્યલ કોર્ટો કે જેમાં હાલ બેંકોના, કંપનીઓના, નાણાંકીય સંસ્થાઓના ચેક રિટર્નના ખાનગી કેસો ચાલી રહ્યા છે, તે તમામ અહીં નવા સંકુલમાં ટ્રાન્સફર થઈ જશે. ઉલ્લેખનીય છે કે, ૧ ઓગસ્ટ ૨૦૨૬થી આ કોર્ટો ખાનગી પક્ષકારો વચ્ચેની, વેપારીઓની, હાથ ઉછીના લીધેલ ખાનગી ફરિયાદ અને ચેક રિટર્નના કેસો ઘી કાંટા મેટ્રોપોલિટન કોર્ટ ખાતેની ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટની કોર્ટોમાં પોલીસ સ્ટેશનના કાર્યક્ષેત્ર મુજબ ટ્રાન્સફર કરવામાં આવ્યા છે.

જસ્ટિસ એ.એસ.સુપહીયા અને જસ્ટિસ ઈલેશ જે.વોરાએ શકય એટલું ઝડપથી ચેક રિટર્નના કેસો માટેનું આ અલાયદુ અદ્યતન કોર્ટ સંકુલ ખૂબ ઝડપથી તૈયાર થઈ જવાની આશા વ્યક્ત કરી હતી.

જેને પગલે હવે ટૂંક સમયમાં જ આ અદ્યતન કોર્ટ સંકુલના નિર્માણ માટે ખાતમૂર્હુત-ભૂમિપૂજન કરવામાં આવશે. એ પછી તરત જ સંકુલનું નિર્માણ કાર્ય શરૂ કરવામાં આવશે.

અદ્યતન સંકુલમાં ૧૮થી વધુ કોર્ટ ઊભી કરાશે

કરોડો રૂપિયાના ખર્ચે બનનારા ચેક રિટર્નના કેસો માટેના આ અદ્યતન સંકુલમાં ૧૮થી વધુ સ્પેશ્યલ કોર્ટો ઉભી કરાશે, જે માત્ર ને માત્ર ચેક રિટર્નના કેસો જ સાંભળશે. મેટ્રોપોલીટન કોર્ટના સામેના ભાગમાં જ જે સાત માળનું આ નવુ કોર્ટ બિલ્ડીંગ ઉભુ કરવાનું જે આયોજન કરાયું છે, તેવા આ પ્રોજેકટમાં બેઝમેન્ટમાં પા કગ સહિત સાત માળના સંકુલમાં દરેક માળ પર ત્રણ કોર્ટો સ્થાપવાનું આયોજન છે. આ સિવાય રેકર્ડ રૂમ સહિતની જરૂ રી વ્યવસ્થાઓ પણ ઉપલબ્ધ બનાવાશે. તો, પક્ષકારોને પણ કોઈ અગવડ ના પડે અને યોગ્ય સુવિધા મળી રહે તે પ્રકારનું આયોજન કરાયું છે.

નવા સંકુલના નિર્માણ બાદ વકીલો-પક્ષકારોને બહુ મોટી રાહત થશે

અપનાબજાર બહુમાળી બિલ્ડીંગમાં ચેક રિટર્નની કોર્ટો ઉપરાંત બોર્ડ ઓફ નોમનીઝ કોર્ટ, ગુજરાત રેવન્યુ ટ્રિબ્યુનલ, લેબર કોર્ટો, અન્ય સરકારી કચેરીઓ અને ઓફિસ હોવાના કારણે ઘણીવાર વકીલો-પક્ષકારોને ભારે અગવડોનો સામનો કરવો પડતો હતો પરંતુ હવે મેટ્રોપોલીટન કોર્ટની સામેના ભાગે જ તૈયાર થનારા સાત માળના બિલ્ડીંગમાં ચેક રિટર્નની આ તમામ કોર્ટો ટ્રાન્સફર થવાથી વકીલો-પક્ષકારો સાથે સાથે બેંકો, ફાયનાન્સ કંપનીઓ, ધિરાણ આપતી સંસ્થાઓ સહિતની સંસ્થાઓને પણ મોટી રાહત થશે. કારણ કે, આખુંય નવુ સંકુલ માત્ર ચેક રિટર્નની કોર્ટો માટે જ અલાયદું હશે. વકીલો-પક્ષકારોને જુદી જુદી જગ્યાએ ધક્કા નહી ખાવા પડે, તેથી સમય, શકિત અને ખર્ચાની બચત થશે, તો કેસો પણ ઝડપથી ચાલવાના કારણે કેસોના નિકાલની કામગીરીમાં ગતિ આવશે.

ચેક રિટર્નના આશરે ચાર લાખથી વધુ કેસો પડતર

અમદાવાદના લાલ દરવાજા અપનાબજાર બહુમાળી બિલ્ડીંગમાં આવેલી ચેક રિટર્નની કોર્ટો અને ઘી કાંટા જયુડીશીયલ મેજિસ્ટ્રેટ કોર્ટોમાં ટ્રાન્સફર કરાયેલા કેસો મળી આશરે ચાર લાખથી વધુ ચેક રિટર્નના કેસો હજુ પેન્ડીંગ છે. રાજયમાં સૌથી વધુ કેસો અમદાવાદમાં પડતર છે. ચેક રિટર્નની કોર્ટોમાં કોર્ટ દીઠ ૨૦થી ૨૨ હજાર કેસો પેન્ડીંગ છે અને તેમાં પણ ક્રમશઃ વધારો થઈ રહ્યો છે. આજની સ્થિતિએ ચેક રિટર્નની કોર્ટોમાં કરોડો-અબજો રૂપિયાની કિંમતના કેસો પડતર છે, જેના નિકાલની પક્ષકારો રાહ જોઈને બેઠા છે.

ભેટ આપવાની અને પોતે આરોગવાની મીઠાઈ વચ્ચે તફાવત વધ્યો

માવાની મીઠાઈને સ્થાને હવે કેલરી અને કોન્સિયસ મીઠાઈ : દિવાળીનો સ્વાદ બદલાયો

અમદાવાદ, શનિવાર

પહેલાં ભેટ આપવાની મીઠાઈ અને પોતે આરોગવાની મીઠાઈના ધોરણો એક હતા. જે ભેંટમાં અપાતું એ જ આરોગવામાં આવતું પરંતુ હવે સંખ્યાબંધ ગુજરાતીઓ અને ખાસ કરીને કોર્પોરેટ કલ્ચરમાં ભેંટ આપવાની અને પોતે આરોગવાની મીઠાઈઓ વચ્ચે તફાવત આવી ગયો છે. વીસ વર્ષ પહેલાં પણ અમદાવાદની મીઠાઈની દુકાનોમાં બરફી, પેંડા, લાડુ, ઘારી, કાજુ કતરી અને બંગાળી મીઠાઈઓની વિવિધતા હતી.

માવાની શુદ્ધતા અંગેની ચિંતા અને સ્વાસ્થ્ય પ્રત્યેની વધતી જાગૃતિ વચ્ચે સુગર-ફ્રી, ખજૂર-ડ્રાયફ્રૂટ અને મિલેટ આધારિત મીઠાઈઓને બજારમાં સ્થાન

૨૦૦૧ના અહેવાલોમાં ખજૂર-અંજીરની કુદરતી મીઠાશવાળી મીઠાઈઓ અને ફળોના સ્વાદવાળી નવી મીઠાઈઓનો ઉલ્લેખ જોવા મળે છે. જોકે આજે આ પરંપરાગત શ્રેણીઓની સાથે સુગર-ફ્રી, ખજૂર-ડ્રાયફ્રૂટ, મિલેટ આધારિત, વેગન અને પ્રોટીનવાળા વિકલ્પો પણ ઉમેરાયા છે. ઑક્ટોબર, ૨૦૨૬ના અહેવાલ મુજબમાં પ્રકાશિત અભ્યાસમાં અમદાવાદ, આણંદ અને વડોદરાના બજારોમાંથી માવાના ૫૪ નમૂનાની તપાસ કરવામાં આવી હતી. જેમાં ૨૫ નમૂનામાં વધારાનું ગ્લુકોઝ અને ચાર નમૂનામાં રાસાયણિક ન્યુટ્રલાઈઝર મળ્યાં હતાં. આ પરિણામો તપાસવામાં આવેલા નમૂનાઓની ગુણવત્તા અંગે સવાલ ઊભા કરે છે. સાથે સાથે ગળ્યું એટલું નકામું અને એક ચોસલું ખાઓ અને એઆઈને પૂછો જેવી સ્થિતિ વધુ જોવા મળી રહી છે. છેલ્લા વીસ વર્ષમાં જે દસ પ્રકારની મીઠાઈઓ હતી તેની સામે આજે ચાળીસથી વધુ પ્રકારની મીઠાઈઓ જોવા મળી રહી છે. ખાસ કરીને ૨૦૨૫ બાદ અમદાવાદના તહેવારી બજાર અંગેના અહેવાલોમાં સુગર-ફ્રી મીઠાઈ, મિલેટ ઉત્પાદનો અને ડ્રાયફ્રૂટના હેમ્પરનો ઉમેરો થયો છે.

મીઠાઈની બદલાતી દુનિયા

સમયગાળા	મીઠાઈના નામ
૨૦ વર્ષ પહેલા	મોહનથાળ, ઘારી, પેંડા, બરફી, લાડુ, કાજુ કતરી
છેલ્લા ૨૦ વર્ષમા	બકલાવા ચીઝકેક, બ્રાઉની, તિરામિસુ, મેકરોન, ચોકલેટ ટ્રફલ
નવી ફ્યુઝન મીઠાઈઓ	ચોકલેટ બરફી, તિરામિસુ રસમલાઈ, ચીઝકેક આધારિત ભારતીય મીઠાઈઓ
છેલ્લાં પાંચ વર્ષનો ટ્રેન્ડ	સુગર-ફ્રી બરફી, ખજૂર-ડ્રાયફ્રૂટ બાઈટ્સ, મિલેટ લાડુ, ઓછી ખાંડવાળા ડેઝર્ટ
ભેટ-સોગાદની નવી પસંદગી	ડ્રાયફ્રૂટ, ખજૂર, બેરીઝ, ચોકલેટ અને પસંદગીની મીઠાઈઓ

જાહેર નોટિસ

આથી જાહેર જનતાને જણાવવાનું કે, (૧) શારદાબેન રામભાઈ પટેલ તથા (૨) કમળાબેન ઈશ્વરભાઈ પટેલ, બંને રહેવાસી-અમદાવાદનાએ રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીક્ટ અમદાવાદના સબ-ડીસ્ટ્રીકટ અને તાલુકા માંડલના ગામ મોજે સીતાપુરની સીમના રી-સર્વે અનુસારના સર્વે/બ્લોક નંબર-૨૬૧ (જુના સર્વે/બ્લોક નંબર-૧૦૮૨)ના ખાતા નંબર-૧૦૭૫ની હે-આરે-ચોમી ૩-૮૮-૨૨ યાને કે ૩૮૮૨૨ ચોરસમીટરની ખેતીની જમીન તેઓની સંપૂર્ણ, સંયુકત, સહિયારી માલિકી અને કબજા ભોગવટાની હોવાનું જણાવી સદરહુ જમીન અમારા અસીલને વેચાણ આપવાનું નક્કી કરેલ છે તથા અમારા અસીલે સદરહુ જમીન અંગેના ઉપરોક્ત જમીનમાલિકોના ટાઈટલ કલીયર અને માર્કેટેબલ હોવા બદલના અભિપ્રાય અંગેના પ્રમાણપત્રની અમારી પાસે માંગણી કરેલી છે અને અમારા અસીલે રજુ કરેલ ઉપરોક્ત જમીનમાલિકોનું સંમતિપત્ર તેમજ અમારા અસીલની સુચના અને સંમતિ અનુસાર આ જાહેર નોટીસ પ્રસિદ્ધ કરાવેલ છે તો સદરહુ જમીન ઉપર કે તેના કોઈપણ ભાગ અંગે કોઈનો કોઈપણ પ્રકારનો વાંધો, તકરાર, દાવાદુવી હોય કે લાગભાગ, હક્ક, હિત, હિસ્સો, બોજો, લીયન હોય કે સદરહુ જમીન ઉપર કોઈના કોઈપણ પ્રકારના બાનાચિઠ્ઠી, બાનાખત કે અન્ય કોઈ ટ્રાન્સફર કરારના કે અન્ય કોઈ રીતે કોઈ હિત સંબંધથી પ્રાપ્ત થતાં હક્કો હોય તો તેઓએ આ જાહેર નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન- ૨૦(વીસ)માં તે બદલના પુરાવા સહિત(પુરાવા સિવાયના વાંધા ધ્યાન ઉપર લેવામાં આવશે નહિ) લેખિત જાણ પત્ર દ્વારા નીચેના સરનામે કરવી અને જો તેમ કરવામાં નહી આવે તો સદરહુ જમીન ઉપર કે તેના કોઈપણ ભાગ અંગે કોઈનો કોઈપણ પ્રકારનો વાંધો, તકરાર, દાવાદુવી કે લાગભાગ, હક્ક, હિત, હિસ્સો, બોજો, લીયન કે કોઈના કોઈપણ પ્રકારના બાનાચિઠ્ઠી, બાનાખત કે અન્ય કોઈ ટ્રાન્સફર કરારના કે અન્ય કોઈ રીતે કોઈ હિત સંબંધથી પ્રાપ્ત થતાં હક્કો નથી અને હોય, તો તે જતા (વેવ) કરેલ છે, તેમ સમજી અમો. સદરહુ જમીનના ટાઈટલ કલીયરન્સના અભિપ્રાય અંગેનું પ્રમાણપત્ર આપીશું તથા અમારા અસીલ સદરહુ જમીનના વેચાણની કાર્યવાહી પુર્ણ કરશે અને ત્યારબાદ કોઈની કોઈપણ પ્રકારની તકરાર ચાલશે નહીં. તેની નોંધ લેશો.

તારીખ ૩૧-૧૦-૨૦૨૬

હિતેષ એમ. રાવલ
એડવોકેટ,
એચ. એમ. રાવલ એન્ડ કંપની,
એડવોકેટ્સ,
ડી-બ્લોક, ગ્રાઉન્ડ ફ્લોર, સત્યમ કોર્પોરેટ સ્કવેર, એસ્ટ્રલ હાઉસ સામે, ઓફ સિંધુભવન રોડ, બોડકદેવ, અમદાવાદ-૩૮૦૦૫૪.
ફોનઃ (ઓફીસ) ૨૬૭૬૨૦૪૦.

જાહેર નોટિસ

આથી જાહેર જનતાને જણાવવાનું કે, (૧) શારદાબેન રામભાઈ પટેલ તથા (૨) કમળાબેન ઈશ્વરભાઈ પટેલ, બંને રહેવાસી-અમદાવાદનાએ રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીક્ટ અમદાવાદના સબ-ડીસ્ટ્રીકટ અને તાલુકા માંડલના ગામ મોજે સીતાપુરની સીમના (૧) રી-સર્વે અનુસારના સર્વે/બ્લોક નંબર-૨૫૬(જુના સર્વે/બ્લોક નંબર-૧૦૮૬)ના ખાતા નંબર-૧૦૭૫ની હે-આરે-ચોમી ૧-૭૮-૪૪ યાને કે ૧૭૮૪૪ ચોરસમીટરની ખેતીની જમીન તેમની સંપૂર્ણ, સંયુકત, સહિયારી માલિકી અને કબજા ભોગવટાની હોવાનું જણાવી સદરહુ જમીન અમારા અસીલને વેચાણ આપવાનું નક્કી કરેલ છે તથા અમારા અસીલે સદરહુ જમીન અંગેના ઉપરોક્ત જમીનમાલિકોના ટાઈટલ કલીયર અને માર્કેટેબલ હોવા બદલના અભિપ્રાય અંગેના પ્રમાણપત્રની અમારી પાસે માંગણી કરેલી છે અને અમારા અસીલે રજુ કરેલ ઉપરોક્ત જમીનમાલિકોનું સંમતિપત્ર તેમજ અમારા અસીલની સુચના અને સંમતિ અનુસાર આ જાહેર નોટીસ પ્રસિદ્ધ કરાવેલ છે તો સદરહુ જમીન ઉપર કે તેના કોઈપણ ભાગ અંગે કોઈનો કોઈપણ પ્રકારનો વાંધો, તકરાર, દાવાદુવી હોય કે લાગભાગ, હક્ક, હિત, હિસ્સો, બોજો, લીયન હોય કે સદરહુ જમીન ઉપર કોઈના કોઈપણ પ્રકારના બાનાચિઠ્ઠી, બાનાખત કે અન્ય કોઈ ટ્રાન્સફર કરારના કે અન્ય કોઈ રીતે કોઈ હિત સંબંધથી પ્રાપ્ત થતાં હક્કો હોય તો તેઓએ આ જાહેર નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૨૦(વીસ)માં તે બદલના પુરાવા સહિત(પુરાવા સિવાયના વાંધા ધ્યાન ઉપર લેવામાં આવશે નહિ) લેખિત જાણ પત્ર દ્વારા નીચેના સરનામે કરવી અને જો તેમ કરવામાં નહી આવે તો સદરહુ જમીન ઉપર કે તેના કોઈપણ ભાગ અંગે કોઈનો કોઈપણ પ્રકારનો વાંધો, તકરાર, દાવાદુવી કે લાગભાગ, હક્ક, હિત, હિસ્સો, બોજો, લીયન કે કોઈના કોઈપણ પ્રકારના બાનાચિઠ્ઠી, બાનાખત કે અન્ય કોઈ ટ્રાન્સફર કરારના કે અન્ય કોઈ રીતે કોઈ હિત સંબંધથી પ્રાપ્ત થતાં હક્કો નથી અને હોય, તો તે જતા (વેવ) કરેલ છે, તેમ સમજી અમો સદરહુ જમીનના ટાઈટલ કલીયરન્સના અભિપ્રાય અંગેનું પ્રમાણપત્ર આપીશું તથા અમારા અસીલ સદરહુ જમીનના વેચાણની કાર્યવાહી પુર્ણ કરશે અને ત્યારબાદ કોઈની કોઈપણ પ્રકારની તકરાર ચાલશે નહીં. તેની નોંધ લેશો.

તારીખ : ૩૧-૧૦-૨૦૨૬

હિતેષ એમ. રાવલ
એડવોકેટ,
એચ. એમ. રાવલ એન્ડ કંપની,
એડવોકેટ્સ,
ડી-બ્લોક, ગ્રાઉન્ડ ફ્લોર, સત્યમ કોર્પોરેટ સ્કવેર, એસ્ટ્રલ હાઉસ સામે, ઓફ સિંધુભવન રોડ, બોડકદેવ, અમદાવાદ-૩૮૦૦૫૪.
ફોનઃ (ઓફીસ) ૨૬૭૬૨૦૪૦.

ઓક્ટોબરમાં FPIsની શેરોમાં વેચવાલી, IPOમાં રોકાણ

અમદાવાદ, તા. ૩૧

વિદેશી પોર્ટફોલિયો રોકાણકારો (FPIs) એ છેલ્લા ૧૫ મહિનામાં ઓક્ટોબરમાં ભારતીય પ્રાયમરી બજારમાં સૌથી વધુ રોકાણ કર્યું છે. આનાથી શેરબજારમાં તેમની સતત વેચાણની અસરને કંઈક અંશે ઓછી કરવામાં મદદ મળી હતી. વિદેશી રોકાણકારોએ ઓક્ટોબરમાં રૂ. ૩૮૫૧૦ કરોડના શેર વેચ્યા હતા, જેનાથી આ વર્ષે તેમનું કુલ ચોખ્ખું વેચાણ રૂ. ૨.૮૭ લાખ કરોડ થયું હતું.

FPIએ શેરબજારમાંથી રૂ. ૩૮,૫૧૦ કરોડ પાછા ખેંચ્યા, પરંતુ IPOમાં રૂ. ૧૨,૯૦૨ કરોડનું રોકાણ : ચાલુ વર્ષે FPI ની રૂ.૨.૮૭ લાખ કરોડની વેચવાલી

આ મહિનાની શરૂઆતમાં, નાણામંત્રી નિર્મલા સીતારમણે ભારતમાંથી વિદેશી રોકાણકારોના બહાર નીકળવાનું કારણ રોકડની સરળ ઉપલબ્ધતાને ગણાવ્યું હતું. નેશનલ સિક્યોરિટીઝ ડિપોઝિટરી લિમિટેડ અને સ્ટોક એક્સચેન્જના ડેટા અનુસાર, વિદેશી રોકાણકારોએ ઓક્ટોબરમાં શેરબજારમાં રૂ. ૩૮૫૧૦ કરોડના શેર વેચ્યા હતા, જ્યારે તેમણે પ્રાયમરી બજાર એટલે કે આઈપીઓ દ્વારા રૂ.૧૨,૯૦૨ કરોડનું રોકાણ કર્યું હતું. જુલાઈ ૨૦૨૫ પછી આ તેમનો સૌથી વધુ રોકાણપ્રવાહ છે.

દરમિયાન, સ્થાનિક સંસ્થાકીય રોકાણકારો એ આ મહિના દરમિયાન રૂ. ૬૨,૨૨૦ કરોડના શેર ખરીદ્યા હતા. ઓક્ટોબરમાં બેન્ચમાર્ક નિફ્ટી ૫૦ અને સેન્સેક્સ અનુક્રમે ૧.૯% અને ૨.૭% ના વધારા સાથે બંધ થયા હતા. સેકન્ડરી માર્કેટમાં સતત વેચાણ છતાં, પ્રાયમરી બજારમાં પ્રવૃત્તિ મજબૂત રહી હતૂ.

વિશ્લેષકોના મતે, ઓક્ટોબરમાં મુખ્ય પ્રવાહના પ્લેટફોર્મ પર ૧૩ પ્રારંભિક જાહેર ઓફરો (આઈપીઓ) થઈ હતી. આમાંથી, વૈં પ્લેટફોર્મ્સના આઈપીઓ એ રૂ. ૩૦,૧૮૭.૬૫ કરોડ એકત્ર કર્યા હતા, જેનાથી પ્રાયમરી બજારમાં મૂડીપ્રવાહમાં વધારો થયો હતો.

સેકન્ડરી માર્કેટમાંથી વિદેશી પોર્ટફોલિયો રોકાણકારોના સતત ઉપાડના ઘણા કારણો છે. આમાં જાપાની બોન્ડ યીલ્ડમાં વધારો થવાને કારણે યેન કેરી ટ્રેડ્સમાં વિક્ષેપ, યુએસ બોન્ડ યીલ્ડમાં વધારો થવાને કારણે મૂડીનો પ્રવાહ અને સપ્લાય ચેઈન વિક્ષેપો અને કોમોડિટીના ભાવમાં વધારો થવાને કારણે માર્જિન સંકોચનનો સમાવેશ થાય છે.

વધતા ભૂરાજકીય તણાવ અને ક્રૂડ ઓઈલના ઊંચા ભાવ વચ્ચે વિદેશી પોર્ટફોલિયો રોકાણકારો સતત બીજા મહિને ફુલ્લી એક્સેસિબલ રૂટ હેઠળ સરકારી સિક્યોરિટીઝના ચોખ્ખા વેચાણકર્તા પણ બન્યા છે. સપ્ટેમ્બરમાં રૂ. ૯,૧૯૨ કરોડ પાછા ખેંચ્યા પછી, તેમણે ઓક્ટોબરમાં રૂ. ૫,૬૦૯ કરોડનું વેચાણ કર્યું હતું.

એફપીઆઈ ઉપરાંત ડીઆઈઆઈ તથા રિટેલ રોકાણકારોના સહભાગને કારણે વર્તમાન વર્ષમાં પ્રાઈમરી માર્કેટ મારફત કંપનીઓએ રૂપિયા એક લાખ કરોડથી વધુની રકમ ઊભી કરી લીધી છે.

૨૦૨૬નું વર્ષ સમાપ્ત થવાને બે મહિનાની વાર છે ત્યારે પ્રાઈમરી માર્કેટ મારફત ભંડોળ ઊભા કરવાની દ્રષ્ટિએ તથા આઈપીઓની સંખ્યાની દ્રષ્ટિએ આ વર્ષ ઐતિહાસિક બની રહેવાની પણ શકયતા જોવાઈ રહી છે.

ચોખાના ઓછા ઉત્પાદનને કારણે ખાદ્ય મોંઘવારી વધવાની શક્યતા

અમદાવાદ, તા. ૩૧

ઓછા ઉત્પાદનની શક્યતાઓને પગલે છેલ્લા મહિનામાં ચોખાની વિવિધ જાતોના રિટેલ ભાવમાં વધારો જોવા મળ્યો છે, અને વેપારીઓ તથા નિકાસકારો આગામી મહિનાઓમાં ભાવ હજુ વધવાની અપેક્ષા રાખી રહ્યા છે. ગ્રાહક બાબતોના વિભાગના 'પ્રાઈસ મોનિટરિંગ સેલ' મુજબ, શુક્રવારે ચોખાનો સરેરાશ છૂટક ભાવ વધીને રૂ. ૪૮.૨૩ પ્રતિ કિલો થયો હતો, જે વાર્ષિક ધોરણે ૧૨% નો વધારો દર્શાવે છે.

ક્રિસિલ ઈન્ટેલિજન્સે જણાવ્યું હતું કે, આ સિઝનમાં પાક અંગેનું ચિત્ર મિશ્ર રહ્યું છે અને હવામાન સંબંધિત અનિશ્ચિતતાઓ મુખ્ય પરિબળ બનીને ઊભરી રહી છે, ત્યારે ડાંગરના ઉત્પાદન (યીલ્ડ) માં ૪% થી ૫% સુધીનો ઘટાડો જોવા મળી શકે છે. પંજાબ, હરિયાણા અને ઉત્તર પ્રદેશ સહિત ઉત્તર ભારતના રાજ્યોમાં આ મહિનાની શરૂઆતથી જ ડાંગરની લણણી શરૂ થઈ ગઈ છે.

કૃષિ મંત્રાલયના જણાવ્યા મુજબ, પાછલી સિઝનની સરખામણીએ ૨૦૨૬ ની ખરીફ સિઝનમાં ડાંગર હેઠળનો વાવણી વિસ્તાર ૪% ઘટીને ૪૨.૬૮ મિલિયન હેક્ટર થયો છે. ડાંગરના વાવણી વિસ્તારમાં મોટો ઘટાડો કર્ણાટક ૦.૪૬ મિલિયન હેક્ટર, તેલંગાણા મિલિયન હેક્ટર, આંધ્રપ્રદેશ મિલિયન હેક્ટર અને તમિલનાડુ મિલિયન હેક્ટર જેવા રાજ્યોમાં નોંધાયો છે.

વેપાર જગતના સૂત્રોના જણાવ્યા અનુસાર, ૨૦૨૫-૨૬ ના ૧૫૪ મિલિયન ટન ના વિક્રમી ઉત્પાદનની સરખામણીએ ૨૦૨૬-૨૭ ના પાક વર્ષ (જુલાઈ-જૂન) માં ચોખાનું ઉત્પાદન ઘટીને ૧૪૭ મિલિયન ટન રહેવાની શક્યતા છે. ૨૦૨૫-૨૬ ની સિઝનમાં ચીનને પાછળ છોડીને ભારત વિશ્વનો સૌથી મોટો ચોખા ઉત્પાદક દેશ બન્યો હતો.

ચોખાના વધતા ભાવો અનાજ શ્રેણીમાં ખાદ્ય મોંઘવારીમાં વધુ ઉછાળો લાવી શકે છે, જોકે સરકાર પાસે ઉપલબ્ધ વિશાળ સરપ્લસ સ્ટોકને કારણે ઘઉંના ભાવમાં વધારો મર્યાદિત રહેવાની ધારણા છે. ઓગસ્ટ ૨૦૨૬ ના ૫.૮૯% ની સરખામણીએ સપ્ટેમ્બરમાં ચોખામાં રિટેલ મોંઘવારી દર ૮.૨૫% રહ્યો હતો.

ચોમાસામાં ખાધ, વાવણી વિસ્તારમાં ઘટાડો અને સુપર અલ નીનોની શક્યતાઓને કારણે કૃષિ પેદાશ પર અસર થશે

સોના- ચાંદીમાં દિવાળી પૂર્વે ઝડપી કડાકો બોલાતા તહેવારોની માંગ વધવાની આશા

(વાણિજ્ય પ્રતિનિધિ) મુંબઈ, શનિવાર

મુંબઈ ઝવેરી બજારમાં આજે શનિવારના કારણે બુલીયન બજાર સત્તાવાર બંધ રહી હતી. જો કે બંધ બજારે સોના- ચાંદીના ભાવમાં મંદી આગળ વધી હતી. વિશ્વ બજારમાં કિંમતી ધાતુઓના ભાવ વધુ ગબડતાં ઘર આંગણે ઈમ્પોર્ટ કોસ્ટ નીચી ઉતરતાં દિવાળી પૂર્વે દેશના ઝવેરી બજારોમાં ભાવમાં ઝડપી કડાકો બોલાઈ જતાં આગળ ઉપર હવે તહેવારો ટાંણે બજારમાં માગ વધવાની આશા પણ જાણકારો બતાવી રહ્યા હતા.

કિંમતી ધાતુઓની ટેરીફ વેલ્યુ ઘટતાં ઈફેક્ટીવ ઈમ્પોર્ટ ડ્યુટી પણ ઘટી : વૈશ્વિક સોનું તૂટી ૩૯૦૦ ડોલરની અંદર

દરમિયાન, વિશ્વ બજારમાં સોનાના ભાવ ઔંસના ૩૯૬૭થી ૩૯૬૮ વાળા વધુ ઘટી નીચામાં ભાવ છેલ્લે ૩૮૭૪થી ૩૮૭૫ ડોલર રહ્યા હતા. દરમિયાન, વિશ્વ બજાર પાછળ ઘર આંગણે આજે અમદાવાદ ઝવેરી બજારમાં સોનાના ભાવ ૧૦ ગ્રામ દીઠ વધુ રૂા. ૨૫૦૦ તુટી ૯૯૯ના રૂા. ૧૪૨૨૦૦ તથા ૯૯૯ના રૂા. ૧૪૨૫૦૦ બોલાયા હતા. અમદાવાદ ચાંદીના ભાવ કિલોના આજે વધુ રૂા. ૪૦૦૦ ગબડી રૂા. ૧૮૨૦૦૦ બોલાયા હતા. દરમિયાન, વિશ્વ બજારમાં સોના પાછળ ચાંદીના ભાવ ઔંસના ૫૦.૨૫ વાળા તૂટી નીચામાં ભાવ ૪૯.૦૫ થઈ છેલ્લે ભાવ ૪૯.૧૦થી ૪૯.૧૧ ડોલર રહ્યા હતા. મુંબઈ બીલીયન બજારમાં આજે જીએસટી વગર સોનાના ભાવ વધુ રૂા. ૨૩૦૦ તૂટી ૯૯૫ના રૂા. ૧૩૭૨૦૦ તથા ૯૯૯ના રૂા. ૧૩૭૮૦૦ બોલાયા હતા. મુંબઈ ચાંદીના ભાવ જીએસટી વગર આજે વધુ રૂા. ૧૪૦૦ તૂટી રૂા. ૧ લાખ ૮૦ હજાર રહ્યા હતા.

ભારતમાં આયાત તથા સોના-ચાંદીની ઈમ્પોર્ટ ડ્યુટી ગણવા બેન્ચ માર્ક તરીકે વપરાતી ટેરીફ વેલ્યુમાં સરકારે નોંધપાત્ર ઘટાડો કર્યાના સમાચાર મળ્યા હતા. સોનાની આવી ટેરીફ વેલ્યુ ૧૦ ગ્રામના ડોલરના સંદર્ભમાં ૧૩૧૬થી ઘટાડી ૧૨૯૫ ડોલર કરી છે જ્યારે ચાંદીની આવી ટેરીફ વેલ્યુ કિલોદીઠ ડોલરના સંદર્ભમનાં ૧૯૦૭થી ઘટાડી ૧૭૧૧ ડોલર કર્યાના સમાચાર હતા. વિશ્વ બજારમાં શેર બજારો ગબડતાં તેના પેમેન્ટ માટે અમુક વર્ગ ગોલ્ડ વેંચી રહ્યાની ચર્ચા પણ બજારમાં સંભળાઈ રહી હતી.

દરમિયાન, વિશ્વ બજારમાં ક્રૂડતેલના ભાવ વધ્યા મથાળે અથડાતા રહ્યા હતા. બ્રેન્ટના ભાવ બેરલના ૧૧૭.૪૦ ડોલર તથા યુએસના ભાવ ૧૦૪.૧૨ ડોલર રહ્યા હતા. ભારતમાં ઓક્ટોબરમાં ક્રૂડની ઈમ્પોર્ટ દૈનિક ૫૪ લાખ બેરલ્સ તથા નવો રેકોર્ડ થયો છે.

રૂની ડયૂટી ફ્રી આયાત મુદત વધુ બે માસ લંબાવી ૩૧ ડિસેમ્બર કરાઈ

મુંબઈ, તા. ૩૧

રૂની ડયૂટી ફ્રી આયાત મુદત વધુ બે મહિના લંબાવી ૩૧ ડિસેમ્બર સુધી કરવાનો સરકારે નિર્ણય લીધો છે. ટેકસટાઈલ મિલોને રાહત પૂરી પાડવાના હેતુ સાથે આ મુદત લંબાવવામાં આવી છે.

અલ નિનોની અસરને પરિણામે વર્તમાન મોસમમાં રૂનું ઉત્પાદન નીચુ રહેવા અંદાજ

ટેકસટાઈલ ઉદ્યોગના ટેકો પૂરો પાડવા વર્તમાન મહિનાના જૂનથી રૂ પરની ૧૧ ટકા આયાત ડયૂટી ૩૧ ઓકટોબર સુધી માફ કરવામાં આવી હતી હવે તેને વધુ બે મહિના લંબાવવામાં આવી હોવાનું એક નોટિફિકેશનમાં જણાવાયું હતું.

સામાન્ય રીતે ઓકટોબરથી નવા રૂનું આગમન શરૂ થઈ જતું હોય છે પરંતુ અલ નિનોની અસરને કારણે વર્તમાન વર્ષમાં નવું રૂ બજારમાં હજુ ધીમી ગતિએ આવી રહ્યું છે. આ હકીકતને ધ્યાનમાં રાખી ટેકસટાઈલ મિલોએ આયાત ડયૂટીમાં મુક્તિ ચાલુ રાખવા સરકારને અનુરોધ કર્યો હતો.

નવા રૂના આગમન સાથે ઘરઆંગણે ભાવમાં નરમાઈ આવતી હોય છે પરંતુ આ વર્ષે આવી સ્થિતિ જોવા મળતી નથી એમ સ્થાનિક ટ્રેડરે જણાવ્યું હતું. અલ નિનોની અસરને પરિણામે વ ર્તમાન વર્ષમાં રૂનું ઉત્પાદન નીચુ ઊતરવાની શકયતાએ હાલમાં ભાવ મક્કમ જોવા મળી રહ્યા છે.

ઘરઆંગણે રૂના ભાવ હાલમા ૧૦૦ કિલોના રૂપિયા ૮૫૦૦થી રૂપિયા ૯૦૦૦ આસપાસ બોલાઈ રહ્યા છે. ડયૂટી ફ્રી મુદત લંબાવવામાં આવતા ટેકસટાઈલ તથા એપરલ ક્ષેત્રમાં કાચા માલના ખર્ચમાં ઘટાડો થવા અપેક્ષા છે.

૩.૪૦ કરોડ ગાંસડીની માગ સામે ૨૦૨૬-૨૭ની મોસમમાં દેશમાં રૂનું ઉત્પાદન ૨.૯૦ કરોડ ગાંસડી રહેવાનો અંદાજ મુકાઈ રહ્યો છે. વર્તમાન નાણાં વર્ષના પ્રથમ છ મહિનામાં દેશની રૂ આયાત વાર્ષિક ધોરણે ૬૩ ટકા વધી ૧.૧૦ અબજ ડોલર રહી છે.

ઑક્ટોબર માસમાં ક્રૂડ ઓઈલની આયાત વધીને રેકોર્ડ સ્તરે પહોંચી ગઈ

અમદાવાદ, તા. ૩૧

આત્ત્કટોબર મહિનામાં ભારતની ક્રૂડ ઓઈલની આયાત ૫૬.૩ લાખ બેરલ પ્રતિ દિવસની અત્યાર સુધીની સર્વોચ્ચ સપાટીએ પહોંચવાની શક્યતા છે. સપ્ટેમ્બરની સરખામણીએ તેમાં ૫%થી વધુનો વધારો જોવા મળ્યો છે, કારણ કે એટલાન્ટિક બેસિનમાંથી થયેલો વધારાનો માલસામાન અને રશિયા તરફથી સતત જળવાયેલી સપ્લાયે મધ્ય પૂર્વ (મિડલ ઈસ્ટ)માંથી ઘટેલી આવકની ભરપાઈ કરી દીધી છે.

અમેરિકા તરફથી થતી સપ્લાય જે સપ્ટેમ્બરમાં ૧,૪૨,૦૦૦ બેરલ પ્રતિ દિવસથી વધી ૧,૫૭,૦૦૦ બેરલ પ્રતિ દિવસ નોંધાઈ

કોમોડિટી એનાલિટિક્સ ફર્મ કેપ્લરના ડેટા અનુસાર, ૩૦ આત્ત્કટોબર સુધીના પ્રાથમિક આંકડા દર્શાવે છે કે આયાત ૫૬.૩ લાખ બેરલ પ્રતિ દિવસ રહી છે, જે સપ્ટેમ્બરમાં ૫૩.૪ લાખ બેરલ પ્રતિ દિવસ અને એક વર્ષ પહેલાં ૪૯.૫ લાખ બેરલ પ્રતિ દિવસ હતી. આ વાર્ષિક ધોરણે લગભગ ૧૪%નો વધારો દર્શાવે છે.

ભારતના સૌથી મોટા ક્રૂડ સપ્લાયર તરીકે રશિયાએ પોતાનું સ્થાન જાળવી રાખ્યું છે, જ્યાં સપ્ટેમ્બરની તુલનામાં દૈનિક આશરે ૧,૦૦,૦૦૦ બેરલનો વધારો થઈને આત્ત્કટોબરમાં તે ૧૯.૭ લાખ બેરલ પ્રતિ દિવસ પર પહોંચ્યું હતું. જોકે, આ આંકડો જુલાઈના ૨૮.૨ લાખ બેરલ પ્રતિ દિવસના સર્વોચ્ચ સ્તર કરતાં ઘણો ઓછો છે, જ્યારે ભારતની કુલ આયાતમાં રશિયાનો હિસ્સો ૫૫% હતો. ઑક્ટોબરમાં આ હિસ્સો ૩૫% રહ્યો હતો, જે દર્શાવે છે કે રશિયા પાસેથી વધારે જથ્થો ખરીદવા છતાં ભારતે વિવિધ દેશો પાસેથી સપ્લાય મેળવવાનું ચાલુ રાખ્યું છે.

અમેરિકા તરફથી થતી સપ્લાયમાં પણ થોડો વધારો જોવા મળ્યો હતો, જે સપ્ટેમ્બરમાં ૧,૪૨,૦૦૦ બેરલ પ્રતિ દિવસથી વધીને આશરે ૧,૫૭,૦૦૦ બેરલ પ્રતિ દિવસ નોંધાઈ હતી.

આ વધારામાં અંગોલા મોખરે રહ્યું હતું, જ્યાં એક મહિના પહેલાંની માંડ ૩૬,૦૦૦ બેરલ પ્રતિ દિવસની સપ્લાય વધીને આશરે ૩,૩૫,૦૦૦ બેરલ પ્રતિ દિવસ થઈ હતી. વેનેઝુએલા તરફથી આવતી સપ્લાય પણ ૧,૯૬,૦૦૦ બેરલ પ્રતિ દિવસથી વધીને લગભગ ૩,૪૫,૦૦૦ બેરલ પ્રતિ દિવસ થઈ હતી

જાહેર નોટિસમાં સુધારો

અમારા દ્વારા તારીખ ૨૯-૧૦-૨૦૨૬ ના રોજ ગુજરાત સમાચાર વર્તમાનપત્રના પાના નંબર ૯ ઉપર ચાંદલોડીયા (સીમ) ના સીટી સરવે નંબર NA૩૩/૪/૧ ની જમીન પૈકીની બીનખેતીની જમીન અંગે તારીખ ૧૦-૯-૨૦૨૬ ના રોજના રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજનો ઉલ્લેખ કરેલ છે. જે મજકુર જાહેર નોટીસમાં ભૂલથી રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ નંબર ૧૯૮૮૮ ટાઈપ થયેલ છે. જે સુધારીને રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ નંબર ૧૯૮૮૫ વાંચવું અને સમજવું.

મેસર્સ એચ. દેસાઈ એન્ડ કંપની
એડવોકેટસ એન્ડ સોલીસીટર્સ,
૨૦૨, સેકન્ડ ફ્લોર, ટાઈટેનિયમ-વન, રાજપથ કલબની પાસે, એસ.જી.હાઈવે, અમદાવાદ-૩૮૦૦૫૯.
ફાઈલ નંબર-૩૫/૨૦૨૫/HHD/KHD

જાહેર નોટિસ

આથી જાહેર જનતાને જણાવવામાં આવે છે કે, જીલ્લે ગાંધીનગર તથા તાલુકા કલોલનાં મોજે ગામ પલોડીયાની સીમનાં /સીટી સરવે ઓફીસ કલોલનાં સીટી સરવે વોર્ડ પલોડીયા (બીનખેતી) નાં સીટી સરવે નંબર NA281 ની કુલ્લે આશરે ૧૧૧૦ ચોરસમીટરની મલ્ટીપર્પઝ હેતુ અંગેની બીનખેતીની જમીન પવન વિક્રમસિંહ ઠાકોર, રહેવાસી ૫૦, ઠાકોર વાસ, પલોડીયા, ગાંધીનગરનાંએ તેઓની કુલ સ્વતંત્ર માલિકી કબજા ભોગવટાની તેમજ સરવે પ્રકારનાં બોજાઓથી મુક્ત આવેલી હોવાનું જણાવીને તેઓએ સદરહુ જમીનનાં ટાઈટલ્સ કલીયરન્સ સર્ટીફિકેટની અમારી પાસે માંગણી કરેલી છે. તો સરવે શખ્સો કે જેઓ સદરહુ જમીન ઉપર વેચાણ, ગીરો, લીયન, ચાર્જ, ટ્રસ્ટ, ભરણપોષણ, ઈઝમેન્ટ કે વારસાઈ હકકે કે બીજી કોઈપણ રીતે હકક, દાવો કે અલાખો ધરાવતા હોય તેમણે તેની લેખિત જાણ પુરાવા સાથે (પુરાવા સિવાયનાં વાંધાઓ ધ્યાનમાં લેવામાં આવશે નહીં) આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિવસ સાતની અંદર નીચેનાં સરનામે કરવી., નહીંતર આવા હકક, દાવા કે અલાખા ઉપર કોઈપણ જાતનું લક્ષ આપ્યા સિવાય સદરહુ જમીનનાં ટાઈટલ્સ કલીયરન્સ સર્ટીફિકેટ આપવામાં આવશે., અને ત્યારબાદ કોઈની કોઈપણ પ્રકારની તકરાર ચાલશે નહીં., તેની નોંધ લેશો.

તારીખ :- ૩૧/૧૦/૨૦૨૬

પી પરીખ એન્ડ કંપની,
એડવોકેટ્સ, સોલીસીટર એન્ડ નોટરી,
પરિમલ બિપીનચંદ્ર પરીખ,
દિપાંગ પિયુષ પરીખ,
તરંગ પરિમલ પરીખ,
ઉત્સવ પિયુષ પરીખ,
ત્રીજો માળ, સત્ય કોમ્પલેક્ષ, આઈ ઓ સી પેટ્રોલ પંપની સામે, અશ્વમેઘ ચાર રસ્તા પાસે, ૧૩૨ ફુટ રીંગ રોડ, સેટેલાઈટ, અમદાવાદ ૩૮૦૦૧૫

જાહેર નોટિસ

મોજે - ચન્દ્રાસણ

ડીસ્ટ્રીકટ મહેસાણા રજીસ્ટ્રેશન સબ-ડીસ્ટ્રીકટ કડી તાલુકાના મોજે-ચન્દ્રાસણ ગામની સીમના રી-સર્વે મુજબના નવા ખાતા નંબર : ૨૧૭૭ સર્વે નં. ૧૪૯૧ (જુના સર્વે નં. ૫૪૩/૧) ની હે.આરે.ચો.મી. ૦-૨૧-૫૨ ની જમીન (૧) ડઈબેન બળદેવજી ઠાકોર, (૨) પ્રતાપજી બળદેવજી ઠાકોર, (૩) લવજીજી બળદેવજી ઠાકોર, (૪) લક્ષીબેન તે બળદેવજીની દિકરી તે ભરતજી ઠાકોરની પત્ની, (૫) ભરતજી ગણેશજી ઠાકોર તથા (૬) મર્હુમ ઠાકોર ચુંથાજી નાથુજીના સીધીલીટીના વારસદારો (એ) રઈબેન ચુંથાજી ઠાકોર, (બી) મધીબેન ચુંથાજી ઠાકોર, (સી) જયંતિજી ચુંથાજી ઠાકોર તથા (ડી) રઈજીજી ચુંથાજી ઠાકોરની સંયુક્ત માલિકી, કબજા, ભોગવટાની તમામ પ્રકારના બોજાઓથી તેમજ કાનુની વિવાદોથી મુક્ત હોવાનું જણાવીને અમારી પાસે ટાઈટલ્સ કલીયરન્સ અંગેનાં અભિપ્રાયની માંગણી કરેલ છે, સદરહુ જમીન ઉપર કોઈનો બોજો, ચાર્જ, ખેડહક્ક, ગણોતહક્ક, ઈઝમેન્ટરાઈટસ કે અન્ય કોઈપણ પ્રકારનો કબજા હક્ક કે લાગભાગ યાને હક્ક હિસ્સો પોષાતો હોય તો અમોને નીચેના સરનામે દિન-૭ માં લેખીત પુરાવા સહિત રજી.એ.ડી.થી જાણ કરવી અને તેમ કરવામાં નહી આવે તો સદર જમીનમાં કોઈનો કોઈપણ જાતનો હક્ક રહેલો નથી અને હોય તો તે જતો કરેલ છે તેમ સમજી મુદત વીત્યે સદર જમીનનું ટાઈટલ કલીયરન્સ અંગેનાં અભિપ્રાયનું સર્ટીફીકેટ ઈસ્યુ કરવામાં આવશે અને તે પછીથી કોઈનો કોઈપણ જાતનો વાંધો તકરાર ચાલશે નહી.

તા.૦૧-૧૧-૨૦૨૬.

મનીષ કનુભાઈ પટેલ, એડવોકેટ,
ચિરાગ દશરથભાઈ પટેલ, એડવોકેટ,
અમીત દશરથભાઈ પટેલ, એડવોકેટ,
હેત શંકરભાઈ પટેલ, એડવોકેટ,
BALCHANDBHAI ASSOCIATES
ઠે. એ /૨૦૨, સેકન્ડ ફ્લોર, એસ. જી. બીઝનેશ હબ, ગોતા ઓવરબ્રિજ પાસે, એસ.જી. હાઈવે, ગોતા, અમદાવાદ.
મો. ૯૮૭૯૩૪૪૩૩૩.

જાહેર નોટિસ

જી.મહેસાણા, તા.કડીના મોજે ગામ લ્હોરના ખાતા નં.૨૫૫ના નવા બ્લોક/સર્વે નં.૭૭૪ (જુના બ્લોક/સર્વે નં.૪૯૦/૧) ની હે.આરે.ચો.મી.૦-૬૮-૫૦,આકાર રૂા.૩.૧૫ પૈસાવાળી જુની શરતની ખેતીની જમીન (૧) પટેલ મંજુબેન વિસાભાઈ (૨) પટેલ કોકીલાબેન વિસાભાઈ (૩) પટેલ મુકેશભાઈ વિસાભાઈ (૪) પટેલ ભગવતીબેન વિસાભાઈ (૫) પટેલ અનિલભાઈ વિસાભાઈ નાઓની કુલ સંયુક્ત માલીકીની તથા કબજા ભોગવટાની તેમજ તમામ પ્રકારના બોજાઓથી સંપૂર્ણપણે મુક્ત હોવાનુ જણાવી અમારા અસીલને વેચાણથી આપવાનું નક્કી કરેલ છે અને અમારા અસીલે અમારી પાસે ટાઈટલ ક્લીયરન્સ સર્ટીફિકેટની માંગણી કરેલ છે. તો ઉપરોક્ત જમીન ઉપર કોઈપણ નાણાંકીય સંસ્થા, બેંક, કોર્પોરેશન, કંપની, પેઢી, સરકારી સંસ્થા કે અન્ય સંસ્થા કે અન્ય કોઈ વ્યક્તિનો કોઈપણ પ્રકારનો લાગભાગ, હક્ક, હિત, હિસ્સો, સંબંધ, ચાર્જ, લીન, દાવો, બોજો, અલાખો, ઈઝમેન્ટ, ગણોતહક્ક, બાનાખતના હક્કો, લિઝ પેન્ડન્સ, લીયન, એટેચમેન્ટ, ભરણપોષણના હક્કો આવેલ હોય કે અન્ય કોઈપણ લેખું કે કોઈપણ વાંધો, વિરોધ કે તકરાર હોય તો આ નોટીસ પ્રસિદ્ધ થયેથી દિન-૭ (સાત)માં તમામ દસ્તાવેજ પુરાવાઓની પ્રમાણિત નકલો સહિત રજી.એ.ડી.થી લેખિતમાં નીચેના સરનામે મોકલી આપવા અને તેમ કરવામાં નહીં આવે અથવા તેમ કરવામાં કસુર અને વિલંબ થશે તો ઉપરોક્ત જમીન ઉપર કોઈનો કોઈપણ પ્રકારના ઉપર મુજબના હક્કો કે વાંધાઓ નથી તો તે તેઓએ રાજીખુશીથી જતા (Waive) કરેલ છે તેમ સમજીને સદરહુ મુદત વીતે ટાઈટલ ક્લીયરન્સ સર્ટીફિકેટ ઈશ્યુ કરવામાં આવશે. ત્યારબાદ કોઈની કોઈપણ પ્રકારની દાદ, ફરીયાદ, વાંધો-વિરોધ કે તકરાર ચાલશે નહીં તે બાબતની જાહેર જનતાએ તથા લાગતા વળગતાઓએ તમામ નોંધ લેવી.

તા.૦૧-૧૧-૨૦૨૬

અલ્પા આર. વ્યાસ
એડવોકેટ એન્ડ નોટરી,
વિપુલ કે. બંડેરી - એડવોકેટ
મો.૯૮૨૫૭૫૫૫૫૯, ૯૯૭૮૩૭૦૯૯૬
બી-૧૦, સુકિત એપાર્ટમેન્ટ, આમ્રકુંજ ફલેટની બાજુમાં, સોનલ ચાર રસ્તા, મેમનગર, અમદાવાદ.

જાહેર નોટિસ

આથી જાહેર જનતાને જણાવવાનું કે, ડિસ્ટ્રીક્ટ : ગાંધીનગર નાં રજીસ્ટ્રેશન સબ-ડિસ્ટ્રીક્ટ તથા તાલુકા : કલોલ નાં મોજે ગામ : નાંદોલી ની સીમના નવા બ્લોક / સર્વે નં. ૧૯૭ (જુનાં બ્લોક / સર્વે નં. ૧૩૮+૧૪૮/૩૪ તથા અન્ય) ની રહેણાંક હેતું નાં ઉપયોગ વાળી બિનખેતી ની જમીન ઉપર આવેલ ''મલ્હાર બંગ્લોઝ''નાં નામથી ઓળખાતી રહેણાંક હેતુંનાં સબ-પ્લોટો ની યોજના માં આવેલ સબ-પ્લોટ નં. ૩૪ ની આશરે ૬૧૯.૦૫ ચો.મીટર યાને કે ૭૩૭.૬૩ ચોરસ વાર (નેટ પ્લોટ) ના ક્ષેત્રફળ વાળી બિનખેતી ની ખુલ્લી જમીન (ગામ નમુના નં. ૭/૧૨ મુજબ ૬૧૭ ચોરસ મીટર જમીન) તથા સદરહુ યોજના ની જમીનમાં વગર વહેંચાયેલા વરાંડે પડતા પોષાતા રોડ-રસ્તા તથા કોમન પ્લોટ ની સહિયારા વપરાશી હક્ક, હિત, હિસ્સા તથા લાગભાગ સહિતની જમીન (''સદરહુ જમીન'') સરકારી દફતરે (૧) અજયકુમાર રસીકલાલ મોદી તથા (૨) મીનાક્ષી અજય મોદી, રહે. અમદાવાદ નાં (''જમીન માલિક'') એ પોતાની સંપૂર્ણ, સંયુક્ત માલિકી, પ્રત્યક્ષ કબજા, ભોગવટાની તેમજ બોજારહિત આવેલ હોવાનું જણાવી અમારી પાસે સદરહુ જમીનનાં ટાઈટલ ક્લીયર હોવા બાબત નાં સર્ટીફિકેટની માંગણી કરેલ છે. સદરહુ જમીન ઉપર કોઈનો કોઈપણ પ્રકારનો હક્ક, હિત, હિસ્સો, બોજો કે લાગભાગ હોય તો તેઓએ તેના હક્ક, હિત, હિસ્સા, બોજા કે લાગભાગની જાણ આ નોટિસ પ્રસિદ્ધ થયેથી દિન-૭ (સાત) માં અસલ દસ્તાવેજ પુરાવા સહિત અમોને નીચેના સરનામે કરવી. જો તેમ કરવામાં નહીં આવે તો સદરહુ જમીન ઉપર કોઈનો કોઈપણ પ્રકારનો હક્ક, હિત, હિસ્સો, બોજો કે લાગભાગ નથી અને હોય તો તે તમામ જતા (વેવ) કરેલ છે, તેમ સમજી સદરહુ જમીન અંગેનું ટાઈટલ સર્ટીફિકેટ આપવામાં આવશે અને ત્યારબાદ સદરહુ જમીન અમારા અસીલની તરફેણમાં વેચાણ કરવાની કાર્યવાહી પૂર્ણ કરવામાં આવશે અને ત્યારબાદ કોઈની કોઈપણ પ્રકારની તકરાર ચાલશે નહીં તે નક્કી સમજવું.

M/s. A. M. Kothari, Advocates
Since 1966
Avnish C. Kothari
Chetan A. Kothari
Anantrai M. Kothari
A/604, Shilp Corporate Park, Rajpath Rangoli Road, Nr. Rajpath Club, Bodakdev, Ahmedabad 380054.
M : +91-9909221000

જાહેર નોટિસ

મોજે - દુધઈ

ડીસ્ટ્રીકટ મહેસાણા સબ - ડીસ્ટ્રીકટ કડી તાલુકાના મોજે - દુધઈ ગામની સીમના રી-સર્વે મુજબ નવા સર્વે નં.૧૫૧/૦૦૨ (જુનો સર્વે નં.૭૫અ૧) ની હે.આરે.ચો.મી. : ૦-૧૯-૮૭ની ખેતીની જમીન ગનીભાઈ અમીરભાઈ કુરેશીની સ્વતંત્ર માલિકી, કબજા, ભોગવટાની તમામ પ્રકારના બોજાઓથી તેમજ કાનુની વિવાદોથી મુક્ત હોવાનું જણાવીને અમારી પાસે ટાઈટલ્સ કલીયરન્સ અંગેના અભિપ્રાયની માંગણી કરેલ છે, સદરહુ જમીન ઉપર કોઈનો બોજો, ચાર્જ, ખેડહક્ક, ગણોતહક્ક, ઈઝમેન્ટ રાઈટસ કે અન્ય કોઈપણ પ્રકારનો કબજા હક્ક કે લાગભાગ યાને હક્ક હિસ્સો પોષાતો હોય તો અમોને નીચેના સરનામે દિન-૭ માં લેખીત પુરાવા સહિત રજી.એ.ડી.થી જાણ કરવી અને તેમ કરવામાં નહી આવે તો સદર જમીનમાં કોઈનો કોઈપણ જાતનો હક્ક રહેલો નથી અને હોય તો તે જતો કરેલ છે તેમ સમજી મુદત વીત્યે સદર જમીનનું ટાઈટલ કલીયરન્સ અંગેનાં અભિપ્રાયનું પ્રમાણપત્ર આપીશું અને તે પછીથી કોઈનો કોઈપણ જાતનો વાંધો તકરાર ચાલશે નહી.

તા.૦૧-૧૧-૨૦૨૬.

મનીષ કનુભાઈ પટેલ, એડવોકેટ,
ચિરાગ દશરથભાઈ પટેલ, એડવોકેટ,
અમીત દશરથભાઈ પટેલ, એડવોકેટ,
હેત શંકરભાઈ પટેલ, એડવોકેટ,
BALCHANDBHAI ASSOCIATES
ઠે. એ /૨૦૨, સેકન્ડ ફ્લોર, એસ. જી. બીઝનેશ હબ, ગોતા ઓવરબ્રિજ પાસે, એસ.જી. હાઈવે, ગોતા, અમદાવાદ.
મો. ૯૮૭૯૩૪૪૩૩૩.

જાહેર નોટિસ

મોજે - ભોંયણ મોટી

ડીસ્ટ્રીકટ ગાંધીનગર રજીસ્ટ્રેશન સબ - ડીસ્ટ્રીકટ કલોલ તાલુકાના મોજે - ભોંયણ મોટી ગામની સીમના રી-સર્વે મુજબ નવા બ્લોક નં.૫૬૧ (જુના બ્લોક નં. ૩૦૮) ની હે.આરે.ચો.મી. :૦-૫૨-૪૩ ની ખેતીની જમીન નીતિન ઈશ્વરભાઈ પટેલની સ્વતંત્ર માલિકી, કબજા, ભોગવટાની તમામ પ્રકારના બોજાઓથી તેમજ કાનુની વિવાદોથી મુક્ત હોવાનું જણાવીને અમારી પાસે ટાઈટલ્સ કલીયરન્સ અંગેના અભિપ્રાયની માંગણી કરેલ છે, સદરહુ જમીન ઉપર કોઈનો બોજો, ચાર્જ, ખેડહક્ક, ગણોતહક્ક, ઈઝમેન્ટ રાઈટસ કે અન્ય કોઈપણ પ્રકારનો કબજા હક્ક કે લાગભાગ યાને હક્ક હિસ્સો પોષાતો હોય તો અમોને નીચેના સરનામે દિન-૭ માં લેખીત પુરાવા સહિત રજી.એ.ડી.થી જાણ કરવી અને તેમ કરવામાં નહી આવે તો સદર જમીનમાં કોઈનો કોઈપણ જાતનો હક્ક રહેલો નથી અને હોય તો તે જતો કરેલ છે તેમ સમજી મુદત વીત્યે સદર જમીનનું ટાઈટલ કલીયરન્સ અંગેનાં અભિપ્રાયનું પ્રમાણપત્ર આપીશું અને તે પછીથી કોઈનો કોઈપણ જાતનો વાંધો તકરાર ચાલશે નહી.

તા.૦૧-૧૧-૨૦૨૬.

મનીષ કનુભાઈ પટેલ, એડવોકેટ,
ચિરાગ દશરથભાઈ પટેલ, એડવોકેટ,
અમીત દશરથભાઈ પટેલ, એડવોકેટ,
હેત શંકરભાઈ પટેલ, એડવોકેટ,
BALCHANDBHAI ASSOCIATES
ઠે. એ /૨૦૨, સેકન્ડ ફ્લોર, એસ. જી. બીઝનેશ હબ, ગોતા ઓવરબ્રિજ પાસે, એસ.જી. હાઈવે, ગોતા, અમદાવાદ.
મો. ૯૮૭૯૩૪૪૩૩૩.

જાહેર નોટિસ

રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીકટ ગાંધીનગર સબ ડીસ્ટ્રીકટ તથા તાલુકા ગાંધીનગરના મોજે સરગાસણ ગામની સીમના સર્વે/બ્લોક નંબર ૨૨૭/૩ ની કુલ ૪૭૫૫ ચો.મીટર જમીન પૈકી અમારા હિસ્સાની ૨૩૭૭.૫ ચોરસમીટર ખેતીની જમીન, પશાભાઈ લવજીભાઈ, ચાવડા પાલીબેન તે પશાભાઈ ઉર્ફે પરષોત્તમભાઈ લવજીભાઈના પત્ની, અંજનાબેન તે પશાભાઈ ઉર્ફે પરસોત્તમભાઈની દિકરી અને બાબુભાઈ પરમારની પત્ની, ચાવડા રાજુભાઈ પશાભાઈ ઉર્ફે પરસોત્તમભાઈ, રમીલાબેન તે પશાભાઈ ઉર્ફે પરસોત્તમભાઈની દિકરી અને મુકેશભાઈ પરમારની પત્ની, લલિતાબેન તે પશાભાઈ ઉર્ફે પરષોત્તમભાઈની દિકરી અને જીજ્ઞેશભાઈ સોલંકીની પત્ની તથા ચાવડા સુધીરકુમાર પશાભાઈ ઉર્ફે પરસોત્તમભાઈ દ્વારા તેઓની સંયુક્ત માલીકીની અને પ્રત્યક્ષ કબજા ભોગવટામાં આવેલ હોવાનું જણાવી ઉપરોક્ત જમીન માલીકો પૈકી ચાવડા રાજુભાઈ પશાભાઈ ઉર્ફે પરસોત્તમભાઈનાએ અમારી પાસે ટાઈટલ કલીયરન્સ સર્ટીફિકેટની માંગણી કરેલ છે. સબબ સર્વે શખ્સો કે જેઓ ઉપરોક્ત જમીન ઉપર કોઈપણ પ્રકારનો હક્ક, હિત, હિસ્સો, બોજો, બાનાખતના હક્કો ધરાવતા હોય તો તેમણે આ જાહેર નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન- ૭ (સાત) ની અંદર દસ્તાવેજી પુરાવા સહિત લેખીતમાં નીચેના સરનામે જાણ કરવાની રહેશે, અને જો તેમ કરવામાં કસુર કે વિલંબ થશે તો ઉપરોક્ત જમીનનું ટાઈટલ ક્લીયરન્સ સર્ટીફિકેટ ઈશ્યુ કરવામાં આવશે અને જેની નોંધ લેવી.

ગાંધીનગર તા.૦૧/૧૧/૨૦૨૬

ટી.આર.ભરવાડ, એડવોકેટ
ઈ-૭૧૫, સાતમો માળ, રાધે ઈન્ફીનીટી, રક્ષા શકિત સર્કલની પાસે, કુડાસણ,ગાંધીનગર-૩૮૨૪૨૧.
ઓ. : ૮૧૪૧૨૪૩૭૫૮
મો. : ૯૯૭૪૨૪૩૭૫૮

જાહેર નોટિસ

મોજે-નાસ્મેદ

ડીસ્ટ્રીકટ ગાંધીનગર રજીસ્ટ્રેશન સબ - ડીસ્ટ્રીકટ કલોલ તાલુકાના મોજે-નાસ્મેદ ગામની સીમના રી-સર્વે મુજબના (એ) સર્વે નં. ૫૨૧(જુના સર્વે નં.૩૫૦) ની જમીનને સીટી સર્વે વોર્ડ-નાસ્મેદ (બીનખેતી) માં સમાવેશ કરીને ફાળવેલ સીટી સર્વે નં.NA350 તથા (બી) સર્વે નં.૫૨૩ (જુના સર્વે નં.૩૫૧) ની જમીનને સીટી સર્વે વોર્ડ -નાસ્મેદ(બીનખેતી) માંસમાવેશ કરીને ફાળવેલ સીટી સર્વે નં.NA351 વિગેરેની બિનખેતીની જમીન ઉપર ''આંતરક્ષિતિજ'' નામથી પ્લોટોની યોજનામાં લે - આઉટ મુજબના ''ફેઝ-૨'' માં આવેલ પ્લોટ નંબર : ૧૪૦/એ (પાસ થયેલ પ્લાન મુજબ પ્લોટ નં. ૭૮) ની ચો.વાર : ૭૯૧ ના ખુલ્લા પ્લોટવાળી મીલકત MUSE DEALERS LLP - એ નામની ભાગીદારી પેઢીની સ્વતંત્ર માલિકી, કબજા, ભોગવટાની તમામ પ્રકારના બોજાઓથી તેમજ કાનુની વિવાદોથી મુક્ત હોવાનું જણાવીને અમારી પાસે ટાઈટલ્સ કલીયરન્સ અંગેના અભિપ્રાયની માંગણી કરેલ છે, સદર મીલકતમાં કોઈનો કોઈપણ પ્રકારનો બોજો, ચાર્જ, લીયન, બાના હક્ક, કબજા હક્ક કે લાગભાગ યાને હક્ક હિસ્સો પોષાતો હોય તો અમોને નીચેના સરનામે દિન-૭ માં લેખીત પુરાવા સહિત રજી.એ.ડી.થી જાણ કરવી અને તેમ કરવામાં નહી આવે તો સદર મીલકતમાં કોઈનો કોઈપણ જાતનો હક્ક રહેલો નથી અને હોય તો તે જતો કરેલ છે તેમ સમજી મુદત વીત્યે સદર મીલકતનું ટાઈટલ કલીયરન્સ અંગેના અભિપ્રાયનુ પ્રમાણપત્ર આપીશું અને તે પછીથી કોઈનો કોઈપણ જાતનો વાંધો તકરાર ચાલશે નહી.

તા.૦૧-૧૧-૨૦૨૬.

મનીષ કનુભાઈ પટેલ, એડવોકેટ,
ચિરાગ દશરથભાઈ પટેલ, એડવોકેટ,
અમીત દશરથભાઈ પટેલ, એડવોકેટ,
હેત શંકરભાઈ પટેલ, એડવોકેટ,
BALCHANDBHAI ASSOCIATES
ઠે. એ /૨૦૨, સેકન્ડ ફ્લોર, એસ. જી. બીઝનેશ હબ, ગોતા ઓવરબ્રિજ પાસે, એસ.જી. હાઈવે, ગોતા, અમદાવાદ.
મો. ૯૮૭૯૩૪૪૩૩૩.

જાહેર નોટિસ

મોજે -ચંન્દ્રાસણ

ડીસ્ટ્રીકટ મહેસાણા તાલુકા કડીના મોજે નદાણની સીમના ખાતા નં. ૧૮૬૪ સર્વે નં. ૫૫૪ (જુના સર્વે/બ્લોક નં. ૬૪૩/૧) કુલ ક્ષેત્રફળ ૨-૭૧-૮૭ આકાર રૂ. ૮.૭૮ પૈકી ક્ષેત્રફળ ૦૬૬-૮૪ તથા ક્ષેત્રફળ ૦-૨૩-૭૮ એમ કુલ મળી ક્ષેત્રફળ ૦-૯૦-૬૨ વાળી જૂની શરતની ખેતીની જમીન અમારા અસીલ ૧. હિંમતકુમાર સેંધાજી ઉર્ફે સુરેશભાઈ વાઘેલા, ૨. નરેન્દ્ર સેંધાજી ઉર્ફે સુરેશભાઈ વાઘેલા, ૩. લાભુજી પુનાજી ઠાકોર તથા ૪. મનસુખજી પુનાજી ઠાકોર રહે. રણછોડપુરા વાસ, મુમતપુરા, બોપલ, અમદાવાદ, ગુજરાતની રેવન્યુ રેકર્ડ માલિકી, પ્રત્યક્ષ કબજા ભોગવટાવાળી મિલકત આવેલ છે. જે તેઓ વેચાણ આપવા માંગતા હોઈ સદર મિલકતના ટાયટલ ક્લીયર હોવા અંગે અમારી પાસે ટાયટલ ક્લીયર સર્ટીફીકેટની માંગણી કરેલ છે આથી સર્વે શખ્સો/બેંક વિગેરેનાઓને જણાવવામાં આવે છે કે સદર મિલકત પર અન્ય કોઈપણ વ્યક્તિ, સંસ્થા કે પેઢીનો કોઈપણ જાતનો લાગભાગ, હક્ક, હિસ્સો, હિત સંબંધ, વેચાણ, બક્ષીસ, બાનાખત, વિલ, ગીરો, બોજો, ઈઝમેન્ટ રાઈટ્સ પોષાતો હોય તો આ નોટીસ પ્રસિદ્ધ થયેથી દિન -૭ (સાત) માં દસ્તાવેજી પુરાવા સહીત લેખીત જાણ અમોને રજી.પો.એડી. દ્વારા નીચેના સરનામે કરવી. જો તેમ કરવામાં કસુર થશે તો સદરહુ મિલકતમાં કોઈનો કોઈપણ જાતનો હક્ક- હિસ્સો નથી અને હોય તો તે જતો (વેવ) કરેલ છે, તેમ માની અમારા અસીલને સદરહુ મિલકતનું ટાયટલ ક્લીયરન્સ સર્ટીફીકેટ આપવામાં આવશે. ત્યારબાદ કોઈની કોઈપણ પ્રકારની તકરાર કે વાંધો ચાલશે નહિ. જેની જાહેર જનતાને નોંધ લેવી.

તારીખ: ૦૧/૧૧/૨૦૨૬
અસીલની સુચના મુજબ

(૧) દિપક એસ. શીલાજીયા એડવોકેટ (ગુજરાત હાઈકોર્ટ)
(૨) હિતેશ્રી આર. શિકારી (એડવોકેટ)
ઠે. ૨૦૨/બ્લોક-૧, દ્વારકેશ એપાર્ટમેન્ટ, એ.એમ.સી. હોલ પાસે, થલતેજ, અમદાવાદ-૩૮૦૦૫૯.
(M) : ૯૮૯૮૯૭૯૯૫૪

કલાસિફાઈડ CLASSIFIEDS નોકરી વિષયક

ગુજરાત સમાચાર ટચુકડી જાહેરખબર

Advt Contact:8799236001/2/3

એજ્યુકેશન — શિક્ષક-આચાર્ય

Required Maths tutor for std. 11- 12 Maths Coaching Centre (Satellite & Naranpura) (B. Sc. /M. Sc. (Maths) (Running)/ B. E. (Part/ Full Time) 9978473532

સેલ્સ માર્કેટીંગ — સેલ્સમેન ગર્લ

જોઈએ છે અનુભવી/ બિન અનુભવી સેલ્સમેન તથા હેલ્પર, નારણપુરા સ્થિત હોલસેલ સાડીના શોરૂમ માટે આકર્ષક પગાર તથા બોનસ કરી શકે તેવા. 9978910538

સેલ્સ એક્ઝિક્યુટીવ

જોઈએ છે. SG રોડ પર ફર્નીચર શોરૂમ માટે અનુભવી સેલ્સમેન. મીનીમમ ધોરણ 12 પાસ. ઉંમર 30થી ઓછી, વાહન હોવું જરૂરી. માસીક પગાર 27,000/- તમારી વિગત વોટ્સએપ કરો:- સુરેશભાઈ: 9898182581

સ્ટાફ — એકાઉન્ટ

જોઈએ છે એકાઉન્ટન્ટ Male લિમિટેડ કંપની (સાણંદ) 7228930644 Mail: hr@smileshine.com

જોઈએ છે CA અથવા MBA લેડીઝ, માર્કેટીંગ તથા CAના 2 વર્ષના અનુભવી, સમય 11થી 2માં, સોમવાર, મંગળવાર, બુધવાર, શ્રીનાથ ટ્રાવેલ એજન્સી પ્રાઈવેટ લિમિટેડ, 201/ 202, હેરિટેજ ટાવર, વિદ્યાનગર હાઈસ્કૂલ પાછળ, આશ્રમરોડ, ઉસ્માનપુરા, અમદાવાદ. 9033005169

ઓફિસસ્ટાફ

Required (1) Sales/ Marketing Executive (2) Accountant. Gujarat Raffia Industries Ltd. Contact: 9825646736 Email: ab@gritarp.com; expo@gritarp.com

જોઈએ છે સ્ટાફ. ફક્ત પુરૂષ, ઉંમર વર્ષ- 18 વર્ષથી 38 વર્ષ, ઓફિસના પરચુરણ કામો, DLR કચેરીનાં કામો, મામલતદાર ઓફિસના કામો, કોર્ટના પરચુરણ કામ, ગુજરાતી ટાઈપીંગ જાણતા હોય તેવા તથા રેવન્યુના જાણકાર માણસો. સેલરી 15000થી 35000. ઓફોકેટ વોટ્સએપ કરો. ઓફીસ એરીયા થલતેજ, અમદાવાદ. સંપર્ક- 9723079200

જોઈએ છે અનુભવી મહિલા સ્ટાફ, એકાઉન્ટ, ઓફિસ પેપર વર્ક અને M. S. Office કામ માટે Vatva GIDC- 9662034327

જોઈએ છે ઓફિસ સ્ટાફ. વેરહાઉસના કામ માટે, પોતાનુ વાહન ફરજિયાત, નારોલ 9831433374

WE ARE HIRING
STORE EXECUTIVE
OFFICE SALES REPRESENTATIVE
SALES EXECUTIVE
CIVIL ENGINEER
CIVIL SITE SUPERVISOR
Job Location: Ahmedabad
92744 16221

જોઈએ છે સ્ટાફ અમદાવાદ ઓફિસ માટે Tally ઓપરેટર, Export Executive, ફ્રેશર તથા અનુભવ ધરાવતા ઉમેદવારો અરજી કરી શકે છે. 9824699968 Email : info.deonexim@gmail.com

જોઈએ છે. આંખની હોસ્પિટલ માટે ફ્રન્ટ ડેસ્ક માટે ફીમેલ સ્ટાફ (અનુભવી/ ફ્રેશર) ગ્રેજ્યુએટ અને કોમ્પ્યુટરના જાણકાર, શાહીબાગ, અમદાવાદ, ફોન કરો:- 9978681609,

જનરલ

જોઈએ છે કુમનવેર પેટર્ન માસ્ટર/ પેટર્ન મેકર, પ્રહલાદનગર, અમદાવાદમાં કન્ટેમ્પરરી કુમનવેર ફેશન બ્રાન્ડ માટે, અનુભવી ટોપ્સ, શર્ટ, ડ્રેસ, સ્કર્ટ, ટ્રાઉઝર, કો-ઓર્ડ સેટ, બ્લાઉઝ, સાડી તથા અન્ય ગાર્મેન્ટ્સના પેટર્ન બનાવવાનો અનુભવી, ગાર્મેન્ટ કન્સ્ટ્રક્શન, ફિટિંગ, ગ્રેડિંગ, ફેબ્રિકની સમજ તથા સેમ્પલિંગ મુજબ પેટર્નમાં સુધારા કરવાની આવડત, ઇન્ડિયન કુમનવેર સાઈઝિંગ અને મેન્યુઅલ પેટર્ન મેકિંગનું જ્ઞાન જરૂરી, ફેશન ડિઝાઈન/ ગાર્મેન્ટ ટેક્નોલોજીની લાયકાત ધરાવતા ઉમેદવારોને પ્રાધાન્ય, પગાર અનુભવ મુજબ, સંપર્ક 9099035580, (સવારે 10:30 થી સાંજે 6:00 સુધી)

જોઈએ છે હેલ્પર ભાઈઓ/ બહેનો, ખાખરા કારખાના માટે પેકિંગ તથા પરચુરણ કામ માટે તેમજ દુકાન કાઉન્ટર માટે બહેનો, સવારે 7થી 4 તથા બપોરે 12થી 9, (એક શિફ્ટનો પગાર 12000/-) દુકાન મણિનગરમાં રહેતા, મનીષભાઈ ઠક્કર, જયારામ ખમણ હાઉસ, મંગલદીપ એપાર્ટમેન્ટ, શક્તિ મોલ સામે, ઉત્તમનગર ગાર્ડન પાસે, જવાહરચોક, મણિનગર. 8866677788

Required (1) Sr. Accountant (2) Lady Computer Operator (3) Export/ Import Documentation Executive. For Spice Manufacturing Company at Ahmedabad. Apply: absfood.india@gmail.com

જોઈએ છે બીમાર માણસના ઘરે સેવા કરી શકે એવા ભાઈ/ બહેન 9904379596

એન્જીનીયર — જનરલ

Required for Machine Manufacturer, Design, Production, Service Mech./ Elect. Degree, Diploma, ITI, Navarangpura/ Odhav 9099011354

જોઈએ છે એન્જિનિયર માર્કેટિંગ માટે, ફાર્મા મશીનરીના અનુભવી. 9879791802

મેડીકલ — જનરલ

Required QC, QA, Production Chemists and Microbiologist for A Pharma And Food unit. Experience or Fresh at Leamak Healthcare Pvt Ltd. Matoda, Email dave@leamak.com or Whatsapp. 9428025004

Required Qualified Intensivist for ICU, Fresh/ Experienced Part Time at Naroda 8487004966

ટેકનીકલ — ફિટર-ટર્નર-પ્લમ્બર

જોઈએ છે એસેમ્બલી ફીટર, ટર્નર, શીટ મેટલ ફેબ્રિકેટર, હેલ્પર, પગાર 600 થી 1500 ઓઢવ 9099011354

જનરલ

જોઈએ છે ઓટોમોબાઈલ ફિટર. અનુભવ- 3થી 5 વર્ષ. હર્ષ એન્જિનિયરિંગ. 9184006922

જોઈએ છે. મિકેનિક, ટુ વ્હીલર્સનું તમામ કામ જાણનાર ગેરેજ માટે. ચાંદખેડા. 9825413407

જનરલ — ગૃહ કાર્ય

જોઈએ છે બહેન, અમદાવાદના વાપકમળ ખાતે બંગલા માં સાફ સફાઈ અને ઘર કામ માટે ફુલ- ટાઈમ, પગાર Rs.12,000 થી Rs.20,000 માસિક. રહેવા તથા ભોજન ની સુવિધા મળશે. સંપર્ક- 7984396108

જોઈએ છે બહેન, બેબી સીટીંગ, આ- દાદાને રાખવા પરમેશ માટે, US વિઝા ધરાવતા. સંપર્ક- 9426687385

જોઈએ છે Chef (Male) માટે, ચાઈનિઝ, નાસ્તા બનાવવા, Steward (Female), Captain (Female), ગાંધીનગર માટે, પગાર- 15,000- 22,000, Contact- 9879977984

લગ્ન વિષયક MATRIMONIALS

ગુજરાત સમાચાર કલાસિફાઈડ ટચુકડી જાહેરખબર

કહો દિલસે... દૂંઢો દિલસે...

લગ્ન વિષયક M·A·T·R·I·M·O·N·I·A·L·S

લગ્ન વિષયક — બ્રાહ્મણ

લગ્ન વિષયક- બ્રાહ્મણ યુવક જન્મ- 1984 કુંવારો. વડોદરા બિઝનેસ, ઘર, ગાડી કન્યા આવકાર્ય 9408733888

જૈન

લગ્ન વિષયક જૈન યુવક ગ્રાઈબોરથી 46 વર્ષ જૈન વેલસેટ 8 વર્ષ બાબો જ્ઞાતિબાધ નથી 8799218995

વૈષ્ણવ

લગ્ન વિષયક વૈષ્ણવ કુંવારા દેખાવડા તંદુરસ્ત યુવક ઉંમર 60 વર્ષ માટે વાર્ષિક પેકેજ 25 લાખ 45 વર્ષ ઘરરખ્ખુ સમજુ કુંવારી કન્યા સંપર્ક- 9327426706

લગ્ન વિષયક USA સિટીઝન યુવક Well Settled MS & MBA 44 વર્ષ Divorcee માટે USA Settled યુવતી Preferred. Whatsapp 8252898889

ઈરાન યુરેનિયમ ત્રીજા દેશને સોંપવા કે સંવર્ધિત યુરેનિયમ ઘટાડવા તૈયાર, સાત દિવસમાં હોર્મુઝ ખુલશે : અરેબિયન અખબારનો દાવો

ટ્રમ્પે છેવટે

(૧૭મા પાનાનું ચાલુ)

લશ્કરી થાણા અને ઈઝરાયેલી લશ્કરી થાણા તથા સંસાધનોની યાદી બનાવીને તેના માટે ઈરાનના મિસાઈલો તૈયાર રાખવા આદેશ આપ્યો છે. તેની સાથે દારુગોળાનું ઉત્પાદન વધારવા, લશ્કરી ક્ષમતાઓ મજબૂત કરવા અને સ્થાનિક સુરક્ષા વધુ મજબૂત બનાવવા જણાવ્યું છે.

આ હુમલો અમેરિકામાં ત્રીજી નવેમ્બરે યોજાનારી ચૂંટણી પૂર્વે થયો છે. અમેરિકામાં ચૂંટણી પછી ઈરાન પર મોટા હુમલાની તૈયારી થઈ રહી હોવાના અહેવાલ છે. અમેરિકાના ટોચના લશ્કરી અધિકારીઓએ ટ્રમ્પ સમક્ષ ઈરાન સામે લશ્કરી કાર્યવાહીના સંભવિત વિકલ્પો મૂક્યા છે.

અગ્રણી વેબસાઈટે અમેરિકાના વરિષ્ઠ અધિકારીને ટાંકીને જણાવ્યું હતું કે જો મિડ ટર્મ ચૂંટણીમાં ટ્રમ્પની આગેવાની હેઠળના રિપબ્લિકને આકરા પરાજયનો સામનો કરવો પડે તો ટ્રમ્પ ઈરાન સામે વધુ આક્રમક કાર્યવાહી કરી શકે છે. ટ્રમ્પે તાજેતરમાં જ યોજેલી રેલીઓમાં સંકેત આપ્યા છે કે ઈરાન સાથેનો સંઘર્ષ ટૂંક સમયમાં નિર્ણાયક મોડ પર પહોંચી શકે છે. ટ્રમ્પે જણાવ્યું હતું કે અમે ઈરાન સામે એક નાનું ઓપરેશન કરી શકીએ છીએ. ઈરાન પોતે માની જાય અને જો તે સમજદાર હશે તો ડીલ કરી શકે છે. પરંતુ મને શંકા છે કે તેઓ આમ કરશે, કારણ કે તેઓ સમજદાર નથી.

ટ્રમ્પે પણ ઓવલ ઓફિસમાં પત્રકારો સાથે વાત કરતાં જણાવ્યું હતું કે તેમને ઈરાન સાથેનું યુદ્ધ પૂરુ કરવાની કોઈ ઉતાવળ નથી. ટ્રમ્પે જણાવ્યું હતું કે ઈરાનની સ્થિતિ ખરાબ છે. તે પોતાની પોલીસ અને સૈનિકોને વેતન આપી શકતા નથી. તેઓ ભારે મુસીબતમાં છે. અમારી પાસે તો સમય જ સમય છે. ટ્રમ્પે સ્વીકાર્યું કે બંને પક્ષો વચ્ચે વાતચીતના પ્રયત્નો પણ જારી છે.

એકબાજુએ આ પ્રકારની તીખી નિવેદનબાજી જારી છે તો બીજી બાજુએ પડદા પાછળ કૂટનીતિક સંવાદ પણ તેજ થઈ ગયો છે. અલ અરબિયા ઈંગ્લિશના રિપોર્ટ મુજબ અમેરિકા-ઈરાન વચ્ચે સંભવિત સમજૂતીનો ડ્રાફ્ટ સામે આવ્યો છે. તેના હેઠળ ઈરાન પોતાના અત્યંત સંવર્ધિત યુરેનિયમના સ્ટોકને કોઈ ત્રીજા દેશને સોંપી શકે છે અથવા તો તેના સંવર્ધનના સ્તરને ઘટાડી શકે છે. આ સફળતા પછી બંને વચ્ચે આગામી બેઠક દોહામાં થઈ શકે છે.

યમનમાં સાઉદી સમર્થિત સરકારે જણાવ્યું હતું કે હુથી લડાકુઓએ રાજધાની એડન સ્થિત પ્રમુખના મહેલ અને આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પર બેલિસ્ટિક મિસાઈલો વડે હુમલો કર્યો હતો. સરકારે આ હુમલા અંગે જાનમાલના નુકસાનની કોઈ જાણકારી આપી નથી, પરંતુ એમ્બ્યુલન્સોને મહેલ તરફ જતી જોઈ શકાઈ છે. આ દરમિયાન સાઉદી અરેબિયાએ દાવો કર્યો છે કે તેમની એર ડિફેન્સ સિસ્ટમે હુથી લડાકુઓએ મક્કા પર છોડેલા નાના ડ્રોનને તોડી પાડ્યું છે. જો કે હુથીઓએ મક્કા પર હુમલાનો ઈન્કાર કર્યો છે.

સાઉદી અરેબિયાના વિદેશપ્રધાને જણાવ્યું હતું કે આ વિસ્તાર શાંતિના પથ પર પરત ફરે તે ઈચ્છનીય છે. તેમણે જણાવ્યું હતું કે દેશો એકબીજા સામેની લશ્કરી કાર્યવાહીનો અંત લાવીને સ્થિતિ બગડતી અટકાવે તથા ઈરાન સાથે કરાર કરી યુદ્ધનો અંત કરે.

ધર્મગુરુએ

(૧૭મા પાનાનું ચાલુ)

સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એક્સ પર પોતાની નારાજગી વ્યક્ત કરતા કહ્યું, યોસી મિઝરાહીની હિન્દુ ધર્મ વિરુદ્ધ ઝેરી અને વાંધાજનક બકવાસ અત્યંત ધૃણાસ્પદ છે.

તેમણે વધુમાં કહ્યું કે યોસી મિઝરાહીને ઈઝરાયેલ તથા બ્રિટનના મુખ્ય પ્રવાહના યહુદી સમુદાયોએ સંપૂર્ણપણે બહિષ્કૃત કર્યા છે અને તેનાથી અંતર જાળવે છે. રેવાચે સ્પષ્ટ કર્યું કે, આ વ્યક્તિ પોતાના નિવેદનો મારફત કોઈપણ પ્રકારના યહુદી સમુદાયોની વિચારસરણી દર્શાવતી નથી. તેમણે કહ્યું કે, યહુદીઓ અને ઈઝરાયલીઓના મનમાં ભારત અને તેના ધાર્મિક વિશ્વાસો પ્રત્યે ઘેરું સન્માન છે. આ જોકરની મૂર્ખતા આપણા સંબંધોને નુકસાન પહોંચાડી રહી છે. તેથી અમે આ બાબતે હૃદયપૂર્વક માફી માગીએ છીએ.

હવે સ્પેસમાં

(૧૭મા પાનાનું ચાલુ)

પ્રોસેસર Tensor Processing Unit (TPU) પર Gemma ૪ એઆઈ મોડલ ચલાવવામાં આવ્યું હતું. એન્જિનિયરોએ ગ્રાઉન્ડ સ્ટેશન મારફતે સેટેલાઈટને આદેશ મોકલ્યો હતો.

ત્યારબાદ સેટેલાઈટે એઆઈ મોડલની મદદથી કવિતા તૈયાર કરી હતી.

સેટેલાઈટ નોર્વેના સ્વાલબાર્ડ વિસ્તાર પરથી પસાર થઈ રહ્યો હતો ત્યારે તેનો જવાબ ગ્રાઉન્ડ સ્ટેશન પર પ્રાપ્ત થયો હતો.

હાલ આ માત્ર પ્રાયોગિક પ્રોજેક્ટ છે. સ્પેસમાં તાપમાનમાં મોટા ફેરફાર અને રેડિયેશનની અસરને કારણે કમ્પ્યુટર ચિપની કામગીરીમાં મુશ્કેલી આવી શકે છે. ગૂગલ હવે આ પરિસ્થિતિઓમાં TPU કેટલી વિશ્વસનીય રીતે કામ કરે છે તેની તપાસ કરશે. આ પરીક્ષણો સફળ રહેશે તો ૨૦૨૭માં બે સેટેલાઈટને એકબીજા સાથે જોડીને તેમની વચ્ચે ડેટાની આપ-લે અને એઆઈ કમ્પ્યુટિંગની ક્ષમતા ચકાસવાની કંપનીની યોજના છે.

શું છે પ્રોજેક્ટ સનકેચર ?

ગૂગલે નવેમ્બર ૨૦૨૫માં આ પ્રોજેક્ટની જાહેરાત કરી હતી. તેનો મુખ્ય ઉદ્દેશ્ય ભવિષ્યમાં પૃથ્વીની બહાર એઆઈ ડેટા સેન્ટર સ્થાપવાની શક્યતાઓ તપાસવાનો છે. કંપની એવી વ્યવસ્થા વિકસાવવા માગે છે જેમાં સૂર્યની ઊર્જાથી ચાલતા સેટેલાઈટનું નેટવર્ક બનાવીને મોટા પાયે એઆઈ કમ્પ્યુટિંગ કરી શકાય. સ્પેસમાં સૂર્યપ્રકાશનો વધુ સમય સુધી ઉપયોગ કરવાની શક્યતા હોવાથી આવી વ્યવસ્થા ભવિષ્યમાં ઊર્જાની જરૂરિયાત પૂરી કરવામાં મદદરૂપ બની શકે છે.૧ ઓક્ટોબરે ગૂગલે પ્લેનેટ કંપનીની ભાગીદારીમાં તૈયાર કરેલો પ્રોટોટાઈપ સેટેલાઈટ સ્પેસએક્સના ટ્રાન્સપોર્ટર-૧૮ મિશન દ્વારા સ્પેસમાં મોકલ્યો હતો. તેમાં ચાર ચિપ લગાવવામાં આવી છે, જોકે એક સમયે તેમાંથી માત્ર એક જ ચિપ કાર્યરત કરી શકાય છે.

બેંગલુરુની હોટલના સ્વિમિંગ પુલમાં કરંટ લાગતા બે વિદેશીના મોતઃ તપાસ શરૂ

બેંગલુરુની એક ફાઈવ સ્ટાર હોટલમાં ઉતરેલા બે વિદેશી નાગરિકનું હોટલના સ્વિમિંગ પુલમાં મોત થયું છે. આશંકા છે કે પૂલમાં કરંટ લાગવાથી તેમના મોત થયા છે. પોલીસ અનુસાર મૃતકની ઓળખ એલેકઝાંડર મેક્સિ મિલિયન થિસ (૫૭) અને જૂરાજ હોર્વત (૪૫) ના રુપમાં થઈ છે. થીસ જર્મન નાગરિક છે અને લુફ્થાંસા એરલાઈન્સમાં ક્રુ મેમ્બર તરીકે કામ કરે છે, જ્યારે હોર્વત આઈબીએમમાં પ્રોજેક્ટ મેનેજર હતાં. પોલીસે જણાવ્યું કે આ ઘટના શુક્રવારે સાંજે હલારુસ સ્થિત હોટલના ત્રીજા માળે આવેલા સ્વીમિંગ પુલમાં બની હતી. પીડિતને બચાવવાની કોશિશમાં બે લોકો ઈજાગ્રસ્ત બન્યાં હતાં જેમાં હોટલમા ઉતરેલ અમેરીકી નાગરિક મેથ્યુ ડેસેંટિસ (૪૧) અને હોટલના પુલ એટેન્ડન્ટ રાહુલ તિવારી (૨૮) નો સમાવેશ થાય છે.બન્ને ઘાયલોને મણિપાલ હોસ્પિટલમા સારવાર અર્થે દાખલ કરવામાં આવ્યાં છે.જ્યાં તેઓની સારવાર ચાલી રહી છે.બેંગલુરુ પોલીસ કમિશનર સીમાંતકુમાર સિંહે જણાવ્યું હતું કે શંકા વ્યક્ત કરવામાં આવી છે કે સ્વિમિંગ પુલમા કરંટ લાગવાથી બે વિદેશીના મોત થયા છે પરંતુ મેડિકલ, ટેકનિકલ અને નિષ્ણાંતોનો અહેવાલ આવ્યાં બાદ વિગતોની જાણકારી મળી શકે છે.

'સર' અંગે આરોપો જુઠા, વિપક્ષે રાહુલ ગાંધીને આજીવન 'મોક વડાપ્રધાન' બનાવવા જોઈએ : ભાજપનો ટોણો

૨૦૨૪ની

(૧૭મા પાનાનું ચાલુ)

સંસ્થાઓ વિપક્ષ માટે બંધ કરી દેવામાં આવી, ૨૦૨૪ની લોકસભાની ચૂંટણી ગેરકાયદે હતી.

મત કાપનારા દેશના ગુનેગારો છે. કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ કહ્યું હતું કે ભાજપ વિરોધી મતદારોને યાદીમાંથી હટાવવા માટે એસઆઈઆર પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી.

આ મોક સંસદમાં કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગે દ્વારા જ્ઞાનેશ કુમાર સામે મહાભિયોગનો પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો હતો જે બાદ નેતાઓ દ્વારા આકરા પ્રહારો કરાયા હતા. આ મોક મહાભિયોગ કે મોક સંસદમાં કોંગ્રેસ ઉપરાંત સમાજવાદી પાર્ટી, શિવસેના (ઉદ્ધવ ઠાકરે), ટીએમસી, ડાબેરી પક્ષો, આરજેડી સહિતના પક્ષના નેતાઓ હાજર રહ્યા હતા. અંતે તમામ નેતાઓએ મળીને જ્ઞાનેશ કુમાર સામે મોક મહાભિયોગ પ્રસ્તાવ પસાર કર્યો હતો.

બીજી તરફ મોક સંસદ પર કટાક્ષ કરતા ભાજપના પ્રવકતા સંબીત પાત્રાએ કહ્યું હતું કે વિપક્ષે રાહુલ ગાંધીને આજીવન માટે મોક વડાપ્રધાન બનાવવા જોઈએ. પ્રેસ કોન્ફરંસ કરીને ભાજપના નેતાએ એસઆઈઆર મુદ્દે કોંગ્રેસે જે દાવા કર્યા હતા તેને જુઠા ગણાવ્યા હતા. જ્ઞાનેશ કુમાર સામે ૧ નવેમ્બરના રોજ દિલ્હીના રામ લીલા મેદાનમાં વિપક્ષ વિશાળ રેલી યોજવા જઈ રહ્યું છે.

ગરીબી હટાવવાના નારા લગાવ્યા એ લોકો અમીર બની ગયા છે

રાજપીપળા તા.૩૧

પહેલા દેશના ૧૨૬ જિલ્લાઓ નકસલવાદ પ્રભાવિત હતા, માર્ચ ૨૦૨૬ બાદ દેશમાં કોઈ જિલ્લો નકસલવાદ યુક્ત નથી, જે જિલ્લાઓમાં નકસલવાદ હતો એ જિલ્લાઓમાં હાલ વિકાસ પહોંચ્યો છે તેમ આજે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યુ હતું.

તેમણે કહ્યું હતું કે દેશમાં અગાઉ માત્ર ગરીબી હટાવવાની વાતો થતી હતી અને ગરીબી હટાવવાના નામે માત્ર મત માગતા હતા. ભૂતકાળમાં જે લોકોએ ગરીબી હટાવવાના નારા લગાવ્યા એ લોકો અમીર બની ગયા, વર્લ્ડ બેન્કના રિપોર્ટ મુજબ ૨૦૨૬ પહેલાં ૧૦થી ૧૨ વર્ષમાં ૫૦ કરોડ ભારતીયો ગરીબીમાંથી હટી ગયા છે.

તેમણે ઉમેર્યું હતું કે ૨૦૧૪ પહેલાં ૨૫ કરોડ લોકો પાસે સામાજિક સુરક્ષા ન હતી, અત્યારે ૧૦૦ કરોડ લોકો સામાજિક સુરક્ષા કવચ સાથે જોડાયેલા છે.

દેશને

(૧૭મા પાનાનું ચાલુ)

સાથે ગુપ્ત રીતે મળી રહ્યું છે, દેશ વિરોધી તત્વો જેવી ભાષા કોણ બોલી રહ્યું છે તેવો પ્રશ્ન તેમણે કરી જણાવ્યું હતું કે આવી તાકાતો સામે આખા દેશે એકસંપ થવાની જરૂર છે. કેટલાક લોકો વિરોધના નામે બંધારણની મર્યાદાઓનું ઉલ્લંઘન કરી રહ્યા છે, દેશની એકતા અને અખંડિતતાને નુકસાન પહોંચાડવાના પ્રયાસો થઈ રહ્યા છે.

તેમણે ઉમેર્યું હતું કે વિપક્ષ દ્વારા દેશની એકતા તોડવાના પ્રયાસો થઈ રહ્યા છે, જ્યારે દેશ મોટા સંકટમાંથી પસાર થશે અથવા મોટા નિર્ણયો લેશે ત્યારે અનેક પડકારો અને અવરોધો આવશે પરંતુ ભારત હવે અટકવાનું નથી. દેશની સરહદોને સંપૂર્ણ સુરક્ષિત કરવાનો અમારો સંકલ્પ છે, તેમણે ઘૂસણખોરી અને વસ્તી વિષયક ફેરફારો રોકવા પર ભાર મૂકી સેક્યુલર સિવિલ કોડ તરફ આગળ વધવાનો પણ સંકલ્પ લીધો હતો. ઉલ્લેખનીય છે કે આજે સવારે વડાપ્રધાને સ્ટેચ્યૂ ઓફ યૂનિટિ ખાતે પહોંચીને સરદાર વલ્લભભાઈને પુષ્પાંજલિ અર્પણ કરી હતી. સાંજે તેમણે એકતા પરેડમાં ભાગ લીધો હતો.

અર્નબ પછી

(પહેલા પાનાનું ચાલુ)

સ્થળે ખસેડવા પડ્યા હતા.

દરમિયાન ઉત્તરાખંડના કેદારતાલ ટ્રેક પર હિમસ્ખલન થવાથી સાત ટ્રેકર્સ સહિત સપોર્ટિંગ સ્ટાફ ફસાઈ ગયો હતો. ભોજખડકથી આગળ હિમસ્ખલનના કારણે આઠ લોકો ફસાઈ ગયા હતા. તેમને બચાવવા માટે એનડીઆરએફ અને એસડીઆરએફની ટીમોએ રેસ્ક્યુ અભિયાન હાથ ધર્યું હતું. બીજીબાજુ કચ્ચી ઢાંગ નજીક ત્રણ પોર્ટર અને એક કૂક સહિત ચાર લોકો સુરક્ષિત મળી આવ્યા હતા. દુર્ગમ વિસ્તારના કારણે રેસ્ક્યુ અભિયાન માટે હેલિકોપ્ટરની પણ મદદ લેવાઈ હતી.

ગ્લેશિયલ તળાવો ફાટવાનું જોખમ છે તેવા વિસ્તારોમાં નિર્માણની ઝડપ ૭૮ ટકા

હિમાલયમાં

(પહેલા પાનાનું ચાલુ)

છે. તાજેતરમાં તિબેટ-નેપાળમાં ગ્લેશિયર ફાટવાને કારણે જે હોનારત આવ્યું તેમાં ભારે નુકસાન થયું હતું અને અનેક મકાનો તણાયા હતા. જ્યારે ૧૪૦૦થી વધુ લોકો માર્યા ગયા હતા. ભારતમાં પણ ખતરો રહેલો છે, ઉત્તરાખંડમાં નદીઓના સંવેદનશીલ કિનારા અને પહાડી ઘાટીઓમાં મકાન, હોટેલ તેમજ વ્યાવસાયિક ઈમારતો ઉભી કરી દેવામાં આવી છે. જેમના પર પૂર, ભુસ્ખલન સહિતનો ખતરો રહેલો છે.

ઉત્તર પ્રદેશમાં અધિકારીઓએ ફોર્મ-૭ સ્વીકારવામાં મોટી ગરબડ કરી હોવાની વાત ચૂંટણી પંચે સુપ્રીમમાં કબૂલી

'સર'ની પ્રક્રિયા

(પહેલા પાનાનું ચાલુ)

હતી. કેરળને લઈને હાજર વકીલે એવી દલીલ કરી હતી કે હજુ પણ ૨૪ લાખ મતદારો મતદાર યાદીમાંથી બહાર છે. જ્યારે વકીલ ડી એસ નાયડુએ કહ્યું હતું કે સરની પ્રક્રિયા પૂર્ણ થઈ ગયા બાદ પણ જે લોકોના નામ રદ થઈ ગયા હોય તેઓ પોતાનું નામ ઉમેરાવી શકે છે. નોંધનીય છે કે કેરળમાં ફેબ્રુઆરીમાં સરની પ્રક્રિયા પૂર્ણ કરી લેવામાં આવી હતી, જે બાદ યોજાયેલી ચૂંટણીમાં નવી યાદીનો ઉપયોગ કરાયો હતો.

ભારત અને તેની સરહદથી ૧૫૦૦ કિ.મી. સુધીના વિસ્તારને નવી સિસ્ટમ આવરી લેશે

સ્વદેશી

(પહેલા પાનાનું ચાલુ)

એપ્લિકેશન્સમાં થશે. વધુમાં ભારતના 'વન નેશન, વન ટાઈમ' પ્રોજેક્ટ માટે પણ આ સેટેલાઈટ ખૂબ જ મહત્વનો છે તેમ ઈસરોના વડા વી. નારાયણને જણાવ્યું હતું.

હવે ભારતની સ્વદેશી નેવિગેશન ટેક્નોલોજીનો દાયરો માત્ર સૈન્ય અને વિશેષ ટેક્નોલોજીની જરૂરિયાતો સુધી મર્યાદિત નહીં રહે, પરંતુ સામાન્ય લોકોના દૈનિક જીવનમાં પણ તેનું મહત્વ વધશે. આ સફળતા માત્ર એક ઉપગ્રહને અવકાશમાં પહોંચાડવાની સિદ્ધિ નથી, પરંતુ ભારતનું પોતાનું નેવિગેશન નેટવર્ક મજબૂત કરવા અને ટેક્નોલોજીને આત્મનિર્ભરતાની દિશામાં નિર્ણાયક પગલું છે.

નાવિકને અમેરિકાના જીપીએસની જેમ લોકેશન, નેવિગેશન અને ટાઈમિંગની સેવાઓ માટે વિકસાવવામાં આવી છે. આ સિસ્ટમનું કવરેજ ક્ષેત્ર ભારત અને તેની સરહદથી ૧૫૦૦ કિ.મી. સુધીનો વિસ્તાર છે. એટલે કે તે ચીન અને પાકિસ્તાનના વ્યૂહાત્મક સ્થળોને પણ આવરી લે છે.

વિદેશી જીપીએસ પરની નિર્ભરતા ઘટાડવાની આ પહેલથી ભારતની વ્યૂહાત્મક સ્વાયત્તતાને પણ નવી મજબૂતી મળશે. ૫૦ મીટર ઊંચા અને ત્રણ તબક્કાવાળા જીએસએલવી-એફ૧૮ રોકેટે શ્રીહરિકોટા સ્થિત સતીશ ધવન અવકાશ કેન્દ્રના બીજા લોન્ચપેડથી શુક્રવારે રાતે ૧૧.૫૧ કલાકે એનવીએસ-૦૩ સાથે ઉડ્ડયન કર્યું હતું અને ૨,૨૩૨ કિલો વજનના એનવીએસ-૦૩ને નિર્ધારિત જિયોસિંક્રોનસ ટ્રાન્સફર ઓર્બિટ (જીટીઓ)માં સ્થાપિત કરીને મિશન પૂરું કર્યું.

એનવીએસ-૦૩ની સૌથી મોટી વિશેષતા તેની નવી સિગ્નલ ક્ષમતા છે. તે ઉપગ્રહ એલ૧, એલ૫ અને એસ બેન્ડ પર સિગ્નલ પ્રસારિત કરશે. અત્યાર સુધીમાં નાવિક મુખ્યરૂપે એલ૫ અને એસ બેન્ડ પર કામ કરતું હતું, પરંતુ એનવીએસ-૦૩ સાથે એલ૧ બેન્ડ પણ તેમાં જોડાઈ ગઈ છે. એલ૧ ફ્રિક્વન્સીનો ઉપયોગ દુનિયાભરમાં સ્માર્ટફોન, સ્માર્ટવોચ અને અન્ય આધુનિક વેરેબલ ઉપકરણોમાં કરવામાં આવે છે.

દિલ્હીની વાત

(પહેલા પાનાનું ચાલુ)

જેટલા ટ્રાફીક પોલીસ કર્મચારીઓ તૈયાર રહેશે. રેલીનો સમય સવારે ૧૦ થી સાંજે ૫ સુધીનો છે. દરેક ઝોનની જવાબદારી એસીપી રેંકના અધિકારીને સોંપવામાં આવી છે. બે ઝોનની જવાબદારી એડીશનલ ડીસીપી રેંકના અધિકારી પાસે છે.

ઈન્ડિયા બ્લોકની રેલી પહેલા ધનાધની

મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમારના રાજીનામાની માંગણી સાથે તેમજ એસઆઈઆર રદ કરવા માટે કોંગ્રેસ આંદોલન ચલાવી રહી છે. સામે ભાજપ પણ એજ ભાષામાં જવાબ આપે છે. રવિવારે ઈન્ડિયા બ્લોકની રેલી પહેલા સત્તાપક્ષ અને વિરોધપક્ષો વચ્ચે ટનાટની જોવા મળી છે. કેન્દ્રીય મંત્રી કિરેણ રીજીજુએ કોંગ્રેસ પર નિશાન સાધ્યું હતું. રીજીજુએ કોંગ્રેસને પાંચ સવાલો કર્યા હતા. એમણે સોશ્યલ મીડિયા એક્સ પર પોસ્ટ મૂકીને કોંગ્રેસને પ્રશ્નો કર્યા છે. રીજીજુએ લોકસભા ચૂંટણીમાં કોંગ્રેસની હાર, મુખ્ય ચૂંટણી કમિશનરની નિમણૂક, મતદાર યાદીમાંથી નામ દુર કરવા અને એસઆઈઆરની પ્રક્રિયા બાબતે સવાલો પૂછયા હતા. દિલ્હીના વેપારીઓ પણ ૧લી નવેમ્બરએ યોજાનારી રેલીથી ચિંતીત છે. જોકે કોંગ્રેસના કેટલાક નેતાઓ ખુલ્લેઆમ કહી રહ્યા છે કે દિલ્હીના આ વેપારીઓ કદી કોંગ્રેસને મત આપતા નથી અને ભાજપ સાથે જ રહ્યા છે.

'તમે સરદાર પટેલની ઈમેજને નુકસાન કરી રહ્યા છો'

રાષ્ટ્રીય એક્તા દિવસે કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે કોંગ્રેસની ટીકા કરી હતી. અમિત શાહે કહ્યું હતું કે કોંગ્રેસ સતત સરદાર વલ્લભભાઈ પટેલની અવગણના કરીને એમને ભૂલાવવાની કોશિષ કરે છે. શાહના આરોપનો જવાબ કોંગ્રેસના સિનિયર નેતા સલમાન ખુરશીદે આપ્યો. ખુરશીદે કહ્યું હતું કે, 'આ પ્રકારની વાતોને કારણે દેશના પહેલા ઉપ-વડાપ્રધાનની ઈમેજને નુકસાન થાય છે.

અમારુ માનવું છે કે સરદાર પટેલ સન્માનના એટલા જ હકદાર છે જેટલા બીજા મહાન નેતાઓ. અમે સરદાર પટેલના વિચારો, એમના શબ્દો અને એમના કાર્યો પ્રતિ પૂરેપૂરા સમર્પિત છીએ. અમિત શાહ આ પ્રકારની વાતો કેમ કરે છે? આવી વાતો કરીને તેઓ સરદાર પટેલની ઈમેજને નુકસાન કરી રહ્યા છે અને એમના માટેનું સન્માન ઓછું કરે છે.'

દિલ્હીની રેલી માટે તામિલનાડુ કોંગ્રેસ, વીસીકેએ કાર્યકરોને ઉત્સાહિત કર્યા

૧લી નવેમ્બરે દિલ્હીમાં યોજાનાર કોંગ્રસની માર્ચ માટે તામિલનાડુ કોંગ્રેસ અને વીસીકેએ કાર્યકરોને ઉત્સાહિત કરી દિલ્હી મોકલવાનું આયોજન કર્યુ હતું. કોંગ્રેસ હાઈકમાન્ડ દ્વારા તામિલનાડુ કોંગ્રેસના નેતાઓને તેમજ સાથી પક્ષ વીસીકેને વધુમાં વધુ કાર્યકરોને દિલ્હી મોકલવા જણાવવામાં આવ્યું હતું. એમ મનાય છે કે તામિલનાડુના દરેક જિલ્લામાંથી ઓછામાં ઓછા ૧૫૦ કાર્યકરો દિલ્હી આવશે.

મેલીયાડુથૂરીના સાંસદ આર સુધાએ કહ્યું હતું કે, રાહુલ ગાંધીની હાકલ સાંભળીને તામિલનાડુ કોંગ્રેસના કાર્યકરો ખૂબ ઉત્સાહીત છે. દેશભરમાંથી ઓછામાં ઓછા પાંચ લાખ કાર્યકરો દિલ્હી આવશે. કાર્યકરો ઉપરાંત મહિલા કોંગ્રેસ, યુથ કોંગ્રેસ અને પક્ષના બીજા સંગઠનોમાંથી પણ કાર્યકરો દિલ્હી આવવાના છે. વીસીકેના એક નેતાએ પણ કહ્યું હતું કે, સમગ્ર તામિલનાડુમાંથી એમના ટેકેદારો દિલ્હી પહોંચશે.

સંગકારાનો આક્ષેપ, ડબલીન એરપોર્ટ પર એમનું અપમાન થયું

શ્રીલંકાના ભૂતપૂર્વ કેપ્ટન અને સિનિયર ક્રિકેટર કુમાર સંગકારાએ આયર્લેન્ડના ડબલીન એરપોર્ટ પર એરલાઈન કર્મચારીઓએ એમની સાથે વંશીય ભેદભાવ કર્યો હોવાનો આરોપ મૂક્યો છે.

સંગકારાના કહેવા પ્રમાણે રાયનએરના ગેટ કર્મચારીઓએ એમની સાથે અને એમના કુટુંબીજનો સાથે અપમાનજનક તેમજ ધમકી આપતો વ્યવહાર કર્યો હતો. કર્મચારીઓએ એમના પાસપોર્ટને લઈને પણ અપમાન કર્યું હતું. સોશ્યલ મીડિયા પર એક યુઝર્સ સાથે દલીલ કરતા સંગકારાએ આ અનુભવને વંશીય ભેદભાવ સમાન ગણાવ્યું હતું. એમણે રાયનએરને ટેગ કરીને લખ્યું હતું કે, 'શું બીજા કોઈને પણ ડબલીનમાં રાયનએરના ગેટ કર્મચારીઓના ખરાબ વ્યવહારનો અનુભવ થયો છે? એમની વાત કરવાની પદ્ધતિ તેમજ વ્યવહાર ધમકી આપતા હોય એવો હતો. મને કહેવામાં આવ્યું હતું કે, તમારા જેવા પાસપોર્ટવાળા સાથે આ પ્રકારનો વ્યવહાર જ થઈ શકે.'

મહારાષ્ટ્રમાં ભાજપ -શિવસેના (એકનાથ શિંદે) વચ્ચે તાણ

મહારાષ્ટ્ર વિધાન પરિષદની ચૂંટણીના પરિણામો પછી સરકારના મહાયુતિ ગઠબંધનમાં આંતરીક ખેંચતાણ વધી છે. કેટલાક નેતાઓ ખાનગીમાં તો કેટલાક જાહેરમાં સાથીપક્ષો પર નિવેદન આપી રહ્યા છે.

શિવસેના (એકનાથ શિંદે)ના કેટલાક નેતાઓએ તો જાહેર મંચ પરથી એવી માંગણી કરી છે કે ફડણવીસને મુખ્યમંત્રી તરીકે દુર કરીને એકનાથ શિંદેને મુખ્યમંત્રી બનાવવા જોઈએ.

એમએલસીની ચૂંટણીમાં ભાજપના ગઢ ગણાતા નાગપુરમાં કોંગ્રેસની જીત થઈ છે. એમ કહેવાય છે કે, કોંગ્રેસની જીતથી શિવસેના (એકનાથ શિંદે)ના કેટલાક નેતાઓ ખુશ થયા છે. એમને લાગ્યું છે કે હવે લાગ આવ્યો છે ત્યારે ફડણવીસ વિરુદ્ધ પ્રચાર તેજ કરવો જોઈએ. ભાજપનો આક્ષેપ છે કે ચૂંટણીમાં શિવસેના (એકનાથ શિંદે)એ ભાજપને મદદ કરી નહોતી. હકીકત એ છે કે મહારાષ્ટ્ર સરકારમાં બંને પક્ષો વચ્ચે તાલમેલ નથી.

પંજાબ વિધાનસભા ચૂંટણી માટે આપની પહેલી યાદી જાહેર

પંજાબ વિધાનસભા ચૂંટણી ૨૦૨૭ માટે આમ આદમી પાર્ટીએ ચૂંટણીની તૈયારી શરૂ કરી દીધી છે. ઉમેદવારોની પહેલી યાદી જાહેર કરવામાં આવી છે. બીજા પક્ષો કરતા આમ આદમી પાર્ટીએ સૌથી પહેલા ૪૦ ઉમેદવારોની જાહેરાત કરી છે. ખાસ વાત એ છે કે આ યાદીમાં કેબીનેટના કોઈપણ મંત્રીનું નામ નથી. મુખ્યમંત્રી ભગવંત માન અને પંજાબના મનીષ શિસોદીયાએ આ જાહેરાત કરી હતી. દિલ્હી ખાતે અરવિંદ કેજરીવાલના ઘરે આપના સિનિયર નેતાઓ ભેગા થયા હતા અને ઉમેદવારોના નામ મંજૂર કર્યા હતા. નામો જાહેર થતા જ ટિકિટ વહેંચણી બાબતે આપની રણનીતિ વિશે ચર્ચા થઈ રહી છે. પહેલાથી જ પક્ષમાં એવી ચર્ચા થઈ રહી છે કે, હમણાના ૩૦ થી ૪૦ ધારાસભ્યોની ટિકિટ કપાશે. પહેલી યાદીમાં એક પણ કેબિનેટ મંત્રીનું નામ નહીં હોવાથી ઘણાને આંચકો લાગ્યો છે.

જાહેર નોટિસ

આથી જાહેર જનતાને જણાવવાનુ કે ડિસ્ટ્રીક્ટ સાબરકાંઠાનાં તાલુકા તલોદ ના મોજે ગામ નાની શીહોલીની સીમનાં ખાતાનં.૧૪૦ નાં બ્લોક/સર્વેનં. ૭૪ (રીસર્વે પહેલાનો બ્લોક/સર્વેનં.૮૩) ની હે.આરે.ચો.મી. ૦-૫૭-૪૫ યાને કે ૫૭૪૫ ચો.મી. જુની શરતની ખેતીની જમીન. ૧. ઝાલા ધુળસંગ લાલસિંહ, ૨. ઝાલા નટવરસિંહ ધુળસિંહ, ૩. ઝાલા ભીખુસિંહ ધુળસિંહ, ૪. ઝાલા પૃથ્વીસિંહ ધુળસિંહ નાઓએ પોતાની સંયુકત માલીકી કબજા ભોગવટામાં આવેલી હોવાનું જણાવી સદર જમીન અમારા અસીલને વેચાણ આપવાનું નક્કી કરેલ હોય અમારા અસીલે અમારી પાસે ટાઈટલ્સ ક્લીયરન્સ સર્ટીફીકેટની માંગણી કરેલ છે. તો આથી સદરહુ મિલકત ઉપર કોઈનો કોઈપણ પ્રકારનો હક્ક હિત, હિસ્સો, દાવા, બોજો, આલેખો, ઈઝમેન્ટ, ગણોત હક્ક, બાનાખતના હક્કો, લીસપેન્ડેસી, લીયન કે એટેચમેન્ટ ધરાવતા હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૭ માં પ્રમાણિત દસ્તાવેજી પુરાવા સહિત નીચેના સરનામે મોકલી આપવી અને જો મોકલી આપવામાં કસુર યા વિલંબ થશે તો ઉપરોક્ત મિલકત ઉપર કોઈનો કોઈપણ પ્રકારનો હક્ક હિત, હિસ્સો, દાવા, બોજો વિગેરે તમામ હક્કો વાંધાઓ તેઓએ જતા(વેવ) કરે છે. તેમ સમજીને સદરહુ મિલકતનુ ટાઈટલ્સ ક્લીયરન્સ સર્ટી. ઈશ્યુ કરવામાં આવશે અને ત્યાર બાદ આ અંગે ની કોઈ પણ તકરાર ચાલશે નહી, જેની ખાસ નોંધ લેવી.

અમદાવાદ.
તા. ૩૧-૧૦-૨૦૨૬

દેવાંગ ડી. પટેલ
એડવોકેટ
ઓફિસ નં. ૪૦૯, હિલટાઉન લેન્ડમાર્ક, નિકોલ-નરોડા રોડ, નિકોલ, અમદાવાદ-૩૮૨૩૫૦.
મો. ૭૫૭૩૮૫૨૧૩૩

જાહેર નોટિસ

મોજેઃ અઢાણા, તાલુકા કલોલ, જીલ્લા ગાંધીનગરની સીમના રેવન્યુ સર્વે/બ્લોક નંબરઃ ૩૮૦ (રી-સર્વે અગાઉના જુના સર્વે/બ્લોક નંબરઃ ૩૨૮/૨ પૈકી ૧) ની ખાતા નંબરઃ ૭૮૦ થી સમાવેશ થયેલ કુલ ૧-૦૧-૩૦ હેકટર-આરે-ચોરસમીટરની ખેતીની સમગ્ર જમીન પૈકી વગર વહેચાયેલ (૧) ૨,૪૦૦ ચો.મીની જીતેન્દ્રકુમાર રામસંગજી ઠાકોરના સ્વતંત્ર માલીકી કબજા ભોગવટાની આવેલ હોવાનું તથા (૨) ૧,૫૦૦ચો.મીની જયંતિજી સરતાનજી ઠાકોરના સ્વતંત્ર માલીકી કબજા ભોગવટાની આવેલ હોવાનું તથા (૩) ૪,૭૫૬ ચો.મીની જુહાજી બેચરજી ઠાકોરના સ્વતંત્ર માલીકી કબજા ભોગવટાની આવેલ હોવાનું તેમજ અન્ય કોઈના વારસાઈ હકક, હીત કે હિસ્સા, કે બોજા રહીત હોવાનું જણાવી અમારા અસીલને વેચાણના હેતુથી અમારી પાસે મજકુર જમીનના ટાઈટલ કલીયર હોવા બાબતના અભિપ્રાય ની માંગણી કરેલ છે. મજકુર તમામ હીસ્સાની જમીનો કે કોઈપણ હીસ્સાની જમીન ઉપર કોઈનો કોઈપણ જાતનો વારસાઈ હકક, હિસ્સો, દાવો, બોજો બાનાખતના હકકો, લીયન કે એટેચમેન્ટ કે લાગભાગ હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન ૭ (સાત) માં તેની ખરી નકલોવાળા દસ્તાવેજી પુરાવા સહીતની લેખીત જાણ અમોને નીચેના સરનામે કરવી અન્યથા મજકુર જમીન ઉપર આવા હકક, હીસ્સા, બોજા કે લાગભાગ તેઓએ સ્વેચ્છાએ જતા (વેઈવ) કરેલ છે તેમ સમજી મુદત વીત્યે ટાઈટલ સર્ટીફીકેટ આપવામાં આવશે તથા વેચાણની કાર્યવાહી પુર્ણ કરાવી લેવામાં આવશે જેની જાહેર જનતાએ નોંધ લેવી.

તારીખઃ ૦૧/૧૧/૨૦૨૬

નિમિષ વી. દેશાઈ
એડવોકેટ,
V. D. DESAI & CO.
૨૧૨, ''આકાશરથ'' બીજો માળ, નેશનલ હેન્ડલુમ સામે, લો ગાર્ડન, અમદાવાદ
ફોનઃ (મો) ૯૯૯૮૨ ૧૭૩૫૪

જાહેર નોટિસ

આથી લાગતા વળગતા તથા જાહેર જનતાને જાણ કરવામાં આવે છે કે, અમદાવાદ જીલ્લાના સાબરમતી તાલુકાના મોજે પાલડી ટી.પી.એસ. નં. ૩ (એલીસબ્રીજ), એફ.પી. નં. ૯૫૮ ની જમીન ઉપર બાવેલ ધ લક્ષ્મી નિવાસ કો-ઓપ. હાઉસીંગ સોસાયટી લી. માં આવેલ પ્લોટ નં. ૪ ની જમીન ઉપર બાંધવામાં આવેલ ''રૂપભ મંગલમ'' નામના બહુમાળી બિલ્ડીંગ માંહેથી સાતમા માળે આવેલ ફલેટ નં. ૭૦૩ વાળી મિલકત રૂપભ લાઈફસ્પેસ એલએલપીના સ્વતંત્ર કબજા, ભોગવટા અને માલિકીની આવેલ છે અને સદરહું ફલેટ નં. ૭૦૩ મારા અસીલ તેઓ પાસેથી ખરીદ કરવા માંગે છે તો સદરહું ફલેટ નં. ૭૦૩ ના ટાઈટલ કલીયર સર્ટીફીકેટની અમારી પાસે માંગણી કરેલ છે તો સદરહું ફલેટ નં. ૭૦૩ પરત્વે કોઈને કોઈ પણ જાતનો વાંધો-તકરાર, હકક, હિત, હિસ્સો, લાગભાગ, વારસાઈ હકક, ભરણપોષણનો હકક, લેણું, બોજો, ગીરો, લીયન કે કોઈપણ જાતની જવાબદારી હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિવસ-૭ (સાત) માં લેખિત આધાર પુરાવા સાથે નીચેના સરનામે અમોને જાણ કરવી. મુદત વિત્યે આ ફલેટ નં. ૭૦૩ પરત્વે કોઈ પણ જાતના વાંધા-તકરાર હોય તો તે જતા (Waive) કરેલ છે તેમ માની અમો ઉપરોકત ફલેટ નં. ૭૦૩ અંગેનું ટાઈટલ કલીયરન્સ સર્ટીફીકેટ ઈસ્યુ કરી આગળની કાર્યવાહી કરીશુ. જેની જાહેર જનતા તથા લાગતા વળગતાઓએ સ્પષ્ટ નોંધ લેવી.

Date : 01/11/2026

Hitesh V. Patel
Advocate
423, Platinum Plaza, Judges' Bungalow Road, Bodakdev, Ahmedabad.
Mobile No. 98795 20209

જાહેર નોટિસ

ડીસ્ટ્રીકટ અમદાવાદ સબ ડીસ્ટ્રીકટ તથા તાલુકા વિરમગામનાં મોજે ગામ દસલાણાની સીમનાં ખાતા નં.૧૫૫૯ ની રી-સર્વે પ્રમાણેનાં નવા સર્વે/બ્લોક નં.૮૮૧ (રી-સર્વે અગાઉનાં જુના સર્વે/ બ્લોક નં.૫૨૬/૧) વાળી હે.આરે.ચો.મી.:૧-૧૩-૯૯ ખેતરની ખેતીની જમીન, મહેશભાઈ રામભાઈ વાળાએ તેઓની કુલ સ્વતંત્ર માલિકી કબજા ભોગવટાની તેમજ તમામ પ્રકારનાં બોજાઓથી મુક્ત નાકરજી હોવાનું જણાવી અમારી પાસે ટાઈટલ કલીયરન્સ સર્ટીફિકેટની માંગણી કરેલ છે. સબબ ઉપરોકત જમીન પરત્વે હરકોઈ શખ્સનો હરકોઈ પ્રકારનો બોજો યા હકક- દાવો આવેલ હોય તો લેખિત પુરાવાની સર્ટીફાઈડ નકલ સહિત દિન-૭ માં નીચેના સરનામે સ્પીડ પોસ્ટ દ્વારા જાણ કરવી, જો તેમ કરવામાં કસુર યા વિલંબ થશે તો ઉપરોકત જમીન પરત્વે હરકોઈ શખ્સનાં કોઈ હકકો આવેલ નથી અગર આવેલ હોય તો જમીનનાં માલિકની તરફેણમાં જતાં કરેલ છે તેમ સમજી ઉપરોકત જમીનનું ટાઈટલ કલીયરન્સ સર્ટીફિકેટ કાઢી આપવામાં આવશે ત્યારબાદ કોઈની કોઈપણ પ્રકારની તકરાર ચાલશે નહીં જેની જાહેર જનતાએ સ્પષ્ટ નોંધ લેવી.

તા.૦૧/૧૧/૨૦૨૬
અમદાવાદ

મોદી લૉ એસોસીએટ્સ
મૌલીક દિલીપભાઈ મોદી
એડવોકેટ
અમદાવાદ ઓફીસઃ ૬૦૯-૬૧૪, છઠ્ઠો માળ, ''બી''બ્લોક, શીલ્પ કોર્પોરેટ પાર્ક, એરોન સ્પેક્ટ્રાની બાજુમાં, રાજપથ રંગોલી રોડ, બોડકદેવ, અમદાવાદ-૩૮૦૦૫૯.
ટે.નં. : ૪૦૦૭૨૮૨૮ / ૪૦૦૭૧૯૨૮
ગાંધીનગર ઓફીસ : વેસ્ટ-૫૧૨, પાંચમા માળે, સિધ્ધરાજ ઝેડ સ્કવેર, ધી લેન્ડમાર્કની સામે, કુડાસણ, તા.જી. ગાંધીનગર, ગુજરાત ૩૮૨૪૨૧
ટે.નં. : ૯૫૧૦૦ ૬૭૪૫૩

જાહેર નોટિસ

આથી હું પરમાર નરેશભાઈ કરમસિંહભાઈ, આ જાહેર નોટિસ થકી જણાવું કે મારો પુત્ર મયુર નરેશભાઈ પરમાર,(ઉં.૨૬)જે અમારા કહ્યામાં નથી. એણે અમારી મરજી વિરૂદ્ધ અન્ય રાજ્યની યુવતી સાથે પ્રેમ લગ્ન કરેલ છે. જેથી મારા દીકરા નો અમારી સ્થાવર તેમજ જંગમ મિલકતમાં કોઈ હક હિસ્સો કે ભાગ લાગ રહેતો નથી. તેની સાથે કોઈએ લેવડ-દેવડ કરવી નહીં, અમો પરિવારના તમામ સભ્યો આ નોટિસથી થકી તેની સાથેના તમામ વ્યવહારો તોડી નાખીએ છીએ.આજથી અમારો પિતા-પુત્રનો સબંધ પૂર્ણ થાય છે. જો કોઈ નાણાંકીય તેમજ આર્થિક વ્યવહાર કરશે તો તેની તમામ જવાબદારી અમારી રહેશે નહીં.

તાઃ ૩૧.૧૦.૨૦૨૬
લિ.
નરેશભાઈ કરમસિંહભાઈ પરમાર

DHAVAL M. SOLANKI
(ADVOCATE)
Add : A-9 Ground Floor, Metropolitant Mag Court, Gheekanta ,Ahmedabad.

જાહેર નોટિસ

જત ડીસ્ટ્રીક્ટ ખેડા સબ-ડીસ્ટ્રીક્ટ મહેમદાવાદ તાલુકાના મોજે-અકલાચા ની સીમના બ્લોક/સર્વે નં.૬૧૧ પૈકી ના ખાતા નં.૩૯૧ ની કુલ હે.આરે.ચો.મી. ૦-૨૦-૨૩ જેનો આકાર રૂા.૧.૬૦ પૈસાવાળી જુનીશરતની ખેતીની જમીન રમેશભાઈ પુરષોત્તમદાસ પટેલ નાએ તેઓની પોતાની કુલ સ્વતંત્ર માલીકી અને કબજા ભોગવટાની તથા તમામ પ્રકારના રાઈટસ ટાઈટલ્સ ચોખ્ખા અને માર્કેટેબલ અને બોજારહીત આવેલ હોવાનુ જણાવી અમારા અસીલને વેચાણ આપવાનું નકકી કરેલ છે. જેથી સદરહુ જમીનના ઉપરોકત જમીન માલીકના ટાઈટલ ચકાસણીની કામગીરી અમોને સોંપેલ છે. તો સદરહુ જમીન ઉપર જમીન માલીક સિવાય કોઈપણ બેંક, સંસ્થા કે વ્યકિતનો કોઈપણ પ્રકાર નો લાગભાગ, હકક, હીત, હીસ્સો, લોન, બોજો, ચાર્જ, બાનાચિઠ્ઠી, બાનાખત, વારસાઈ હકક કે કબજા હકક કે રસ્તા હકક, વિગેરે કાંઈપણ આવેલ હોય તો તેઓએ આ નોટીસ પ્રસીધ્ધ થયે થી દીન-૭ (સાત) માં અમોને લેખીત પ્રમાણીત પુરાવા સહીત નીચેના સરનામે રજી.એ.ડી. પોસ્ટ ધ્વારા જાણ કરવી. તેમજ પ્રમાણીત પુરાવા વગરના વાંધા ધ્યાને લેવામાં આવશે નહી જેની નોંધ લેવી. અને જો મજકુર મુદતમાં તેવુ નહી કરવામાં આવે તો સદર જમીન ઉપર જમીન માલીક સિવાય અન્ય કોઈનો કોઈપણ જાતનો વાંધો, તકરાર કે હકકો નથી અને જો હોય તે જતા યાને (વેવ) કરેલ છે. તેમ સમજી સદરહુ જમીનનુ ટાઈટલ કલીયરન્સ સર્ટી ઈસ્યુ કરવામાં આવશે. અને તેને આધારે અમારા અસીલ ઉપરોકત જમીન માલીકોને અવેજ ચુકવીને મજકુર જમીનના વેચાણ વ્યવહારો પુર્ણ કરશે અને ત્યારબાદ આ અંગે કોઈની કોઈપણ પ્રકારની તકરાર ચાલશે નહી તેની નોંધ લેવી.

મનીષ એમ.પટેલ (એડવોકેટ)
ઓફીસ નં.૫૦૬, પાંચમો માળ, THE EDGE, મલબાર રોયલ બંગ્લોઝની સામે, ભકતી સર્કલ પાસે, નિકોલ, અમદાવાદ ૩૮૨૩૫૦.
(મો.) ૯૯૭૯૯૩૭૦૭૭

જાહેર નોટિસ

જત ડિસ્ટ્રીક્ટ અમદાવાદ સબ-ડિસ્ટ્રીક્ટ સાણંદના સાણંદ તાલુકાના ગામ મોજે ચાંગોદરની સીમમાં આવેલ રેવન્યુ બ્લોક/સર્વે નં. ૧૬૫ ની ખાતા નં.૬૦ ની ૦-૯૩-૦૮ હે.આરે.ચો.મી. ની આકાર રૂા.૬=૦૦ પૈસાવાળી જુની શરતની ખેતીની જમીન પૈકી ૦-૫૯-૪૫ હે.આરે.ચો.મી. યાને કે ૫૯૪૫ ચોરસમીટરની જુની શરતની ખેતીની જમીન તેના માલિકો (૧) ભુરુભાઈ જવાનસંગ ચૌહાણ, (૨) કિરણભાઈ જવાનસંગ ચૌહાણ, (૩) મનુબા ઉર્ફે રાજુબેન જવાનસંગ તે પ્રહલાદસિંહ બિહોલાના પત્ની તથા (૪) લીલાબા જવાનસંગ તે જોરૂભા વાઘેલાના પત્ની નાઓ પાસેથી અમારા અસીલ રમેશકુમાર વિશ્રામ પટેલ નાઓએ રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ અનુક્રમ નં. ૩૦૧૬૬ થી તારીખ ૩૦-૧૦-૨૦૨૬ નારોજ ખરીદ કરેલ છે ત્યારથી તેઓની માલિકી કબજા ભોગવટાની ચાલી આવેલ હોવાનું જણાવી ઉપરોક્ત જણાવેલ ખેતીની જમીન અંગેના ટાઈટલ ક્લીયરન્સ સર્ટીફીકેટની માંગણી અમારી પાસેથી કરેલ છે. ઉપરોક્ત જણાવેલ જમીન અનવયે જેનો વેચાણ, વારસો, ગીરો, લીયન, ચાર્જ, ટ્રસ્ટ, ભરણપોષણ, ઈઝમેંટ, ગણોત કે બીજી કોઈપણ રીતે સદરહુ ખેતીની જમીન ઉપર હક્ક, દાવો, અલાખો, લાગભાગ, હક્ક, હિસ્સો, ગણોત હક્ક વિગેરે કાંઈપણ ધરાવતા હોય તેમણે તેની લેખિત જાણ પુરાવા સાથે આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૮ ની અંદર અમો નીચે સહી કરનારને નીચે જણાવેલા સરનામે કરવી, જો તેમ કરવામાં કસુર કરશો તો મજકુર જમીનમાં અન્ય કોઈનો કોઈપણ પ્રકારનો લાગભાગ, હક્ક, હિસ્સો, ગણોતહક્ક વિગેરે કાંઈ નથી તેમ ગણીને ઉપરોક્ત અમારા અસીલના હક્ક, રાઈટ, ટાઈટલ ક્લીયર અને માર્કેટેબલ હોવા બાબતનું ટાઈટલ ક્લીયરન્સ સર્ટીફીકેટ અમો આપીશું અને ત્યારબાદ કોઈની કોઈપણ પ્રકારની તકરાર ચાલશે નહીં, તેની નોંધ લેશો.

સ્થળ :- અમદાવાદ
તારીખ :- ૩૧-૧૦-૨૦૨૬

અમિત રાજેન્દ્રભાઈ વ્યાસ, એડવોકેટ
એ. આર. વ્યાસ એન્ડ કંપની
ઓફીસ નં.- ૩, બીજો માળ, બ્લોક નં.-બી, રુદ્ર સ્કવેર, જજીસ બંગલોઝ ચાર રસ્તાની સામે, બોડકદેવ, અમદાવાદ.
(મો.) ૯૮૨૫૦ ૪૬૧૪૦
(ઓ.) ૩૦૦૦ ૦૬૦૪
ફાઈલ નં. ૪૩૩૮/૨૦૨૬

સ્પોર્ટ્સ રાઉન્ડ અપ

કેપ્ટન શ્રેયસ ઐયર પર પણ મોટી ઈનિંગ રમવાનું દબાણ

આજે ભારત અને ન્યુઝીલેન્ડ વચ્ચે પાંચમી ટી-૨૦ : વૈભવ અને કુલદીપને તક મળી શકે

ભારત શ્રેણીમાં ૩-૧થી વિજયી સરસાઈ ધરાવે છે

હેમિલ્ટન, તા.૩૧

ઓકલેન્ડમાં મળેલી આંચકાજનક હાર બાદ ટીમ ઈન્ડિયા હવે ન્યુઝીલેન્ડ સામે આવતીકાલે રમાનારી શ્રેણીની પાંચમી અને આખરી ટી-૨૦માં નવા કોમ્બિનેશન સાથે ઉતરશે તેવી અપેક્ષા રાખવામાં આવી રહી છે. ૧૫ વર્ષના ઓપનર વૈભવ સૂર્યવંશીની સાથે સાથે સ્પિનર કુલદીપ યાદવ કે વરૂણ ચક્રવર્થીને ઈલેવનમાં તક મળે તેવી અપેક્ષા રાખવામાં આવી રહી છે.

કેપ્ટન શ્રેયસ ઐયર પર પણ મોટી ઈનિંગ રમવાનું દબાણ સર્જાયું છે. જ્યારે ન્યુઝીલેન્ડની ટીમ શ્રેણી ગુમાવ્યા બાદ જીતનું ખાતું ખોલાવીને ઉત્સાહિત છે અને હવે તેઓ શ્રેણીની હારનું માર્જિન ઘટાડવાના ઈરાદા સાથે આવતીકાલે ઉતરશે.

હેમિલ્ટનના સેડોન પાર્કમાં આવતીકાલે ભારતીય સમય પ્રમાણે બપોરે ૧૨.૩૦ વાગ્યાથી મેચનો પ્રારંભ થવાનો છે. ટીમ ઈન્ડિયાએ પાંચ ટી-૨૦ની શ્રેણીમાં જીતની હેટ્રિક સાથે વિજયી સરસાઈ હાંસલ કરી લીધી હતી. જે પછી ન્યુઝીલેન્ડે ચોથી ટી-૨૦માં જંગી સ્કોર ખડકીને ભારતને ૮૭ રનથી પરાજીત કર્યું હતુ. હવે ભારતીય ટીમ જીતની લય મેળવવા તરફ મીટ માંડી રહી છે.

વૈભવને ફરી ઈલેવનમાં સ્થાનની આશા

ભારતીય ટીમ મેનેજમેન્ટે ત્રીજી ટી-૨૦માં વૈભવની ૧૯ બોલમાં ૪૫ રનની વિસ્ફોટક ઈનિંગ છતાં તેને ચોથી મેચમાં પડતો મૂક્યો હતો અને પરંપરાગત ઈલેવનને તક આપી હતી. જોકે ચોથી ટી-૨૦ની હાર તેમજ આખરી મેચ ઔપચારિક હોવાથી ભારત વૈભવને ફરી સમાવી શકે છે. સેમસન શ્રેણીની ચાર ટી-૨૦માં અનુક્રમે ૬૭, ૧૪, ૧૮ અને ૪ સ્કોર કરીને ખાસ પ્રભાવ પાડી શક્યો નથી. આ કારણે તેને પડતો મૂકવામાં આવી શકે છે. જ્યારે અભિષેક અને વન ડાઉન તરીકે કિશન સ્થાન જાળવવા ફેવરિટ છે.

કેપ્ટન શ્રેયસ છેલ્લી આઠ ઈનિંગમાં ફ્લોપ

ટીમ ઈન્ડિયાના કેપ્ટન શ્રેયસ ઐયરના ફોર્મ અંગે પણ પ્રશ્નાર્થ સર્જાયો છે. વિન્ડિઝ સામેની શ્રેણીની પ્રથમ મેચમાં સદી ફટકાર્યા બાદ તેણે છેલ્લી આઠ ટી-૨૦માં કુલ મળીને ૧૫૫ રન માત્ર ૧૯.૪ની સરેરાશથી નોંધાવ્યા છે. તેની કેપ્ટન્સીમાં પણ ખાસ પ્રભાવ જોવા મળતો નથી. આ કારણે ન્યુઝીલેન્ડ સામેની આખરી ટી-૨૦માં તેની પર પણ મોટી ઈનિંગ રમવાનું દબાણ રહેશે. તિલકની સાથે નમન ધીર અને નિતિશે ઉપયોગી બેટિંગ કરતા ફોર્મ બતાવ્યું છે.

કુલદીપ કે વરુણને તક મળી શકે : દુબેને પણ આશા

ન્યુઝીલેન્ડ સામેની ટી-૨૦ શ્રેણીમાં ટીમ ઈન્ડિયાની બોલિંગ મોટાભાગે અર્ષદીપ યાદવ અને અક્ષર પટેલ પર આધારિત રહ્યું છે. ભુવનેશ્વર કુમારને આઈપીએલના દેખાવને સહારે ટીમમાં પાછો લાવવાનો નિર્ણય અત્યાર સુધી તો સફળ રહ્યો હોય તેવું દેખાતું નથી. હવે આખરી મેચમાં કુલદીપ યાદવ કે વરુણ ચક્રવર્થીને તક મળે તેવી આશા છે. ઓલરાઉન્ડર શિવમ દુબેને પણ ઈલેવનમાં સ્થાન મળે તેવી આશા છે.

ન્યુઝીલેન્ડની ટીમ જીતથી ઉત્સાહિત

ભારત સામેની ચોથી ટી-૨૦માં વિજય મેળવવાની સાથે ન્યુઝીલેન્ડે તેના ઘરઆંગણે છ વર્ષ બાદ ટીમ ઈન્ડિયાને ટી-૨૦માં હરાવવાની સિદ્ધિ હાંસલ કરી હતી. સાન્ટનર હવે વિનિંગ કોમ્બિનેશનને જ જાળવી રાખતાં આગળ વધશે તેમ લાગી રહ્યું છે.

ન્યુઝીલેન્ડને ટોપ ઓર્ડરના અસરકારક દેખાવની આશા છે. ફિલિપ્સ અને જેકોબ્સની સાથે બ્રેસવેલે આગવો પ્રભાવ પાડ્યો છે. સેઈફેર્ટ અને એલને જવાબદારી સાથે મોટી ઈનિંગ રમવી પડશે. ડફીની સાથે નેથન સ્મિથ, ફિશર તેમજ મિલ્ને અને સાન્ટનરનું બોલિંગ કોમ્બિનેશન ન્યુઝીલેન્ડ જાળવી રાખશે તેમ મનાય છે.

હેમિલ્ટનમાં બપોરે ૧૨.૩૦થી મેચ ન્યુઝીલેન્ડને વધુ એક સફળતાની આશા

ન્યુઝીલેન્ડ (સંભવિત) : એલન, સેઈફેર્ટ (વિ.કી.), મિચેલ, ફિલિપ્સ, જેકોબ્સ, બ્રેસવેલ, સાન્ટનર (કેપ્ટન), નેથન સ્મિથ, મિલને, ડફી અને ફિશર.

ભારત (સંભવિત) : અભિષેક શર્મા, વૈભવ સૂર્યવંશી, કિશન (વિ.કી.), શ્રેયસ ઐયર (કેપ્ટન), તિલક વર્મા, શિવમ દુબે, નમન ધીર, કુલદીપ યાદવ, બી. કુમાર, પ્રિન્સ યાદવ અને મયંક યાદવ.

૨૮૮ના ટાર્ગેટ સામે ઓસ્ટ્રેલિયા ૧૧૧ રનમાં ખખડ્યું : હાર્મરની છ વિકેટ

સાઉથ આફ્રિકાએ ઓસ્ટ્રેલિયાને આખરી ટેસ્ટમાં પરાજય આપી શ્રેણી ૨-૧થી જીતી

WTC પોઈન્ટ ટેબલમાં ઓસ્ટ્રેલિયા પ્રથમ સ્થાનેથી ત્રીજા સ્થાને ગબડ્યું : ન્યુઝીલેન્ડ અને સાઉથ આફ્રિકા ટોચના બે ક્રમે : ભારત ચોથા સ્થાને

કેપ ટાઉન, તા. ૩૧

સાઉથ આફ્રિકાએ ઓસ્ટ્રેલિયાને ત્રીજી અને આખરી નિર્ણાયક ટેસ્ટમાં ૧૭૬ રનથી પરાજય આપીને ૨-૧થી શ્રેણી જીતી લીધી છે એટલું જ નહીં વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશીપની ૨૦૨૫-૨૦૨૭ની સાયકલના પોઈન્ટ ટેબલમાં બીજું સ્થાન મેળવ્યું છે અને ઓસ્ટ્રેલિયાને પ્રથમ સ્થાનથી ત્રીજા સ્થાને ધકેલી દીધું છે. સાઉથ આફ્રિકા શ્રેણી જીત્યું એટલે દેખીતો ફાયદો ન્યુઝીલેન્ડને થયો છે અને તેઓ નંબર એક પર પહોંચી ગયા છે. ભારત ચોથા ક્રમે છે.

આજે આખરી દિવસે ૨૮૮ રનનો વિજયી પડકાર ઝીલવા ઉતરેલા ઓસ્ટ્રેલિયાને ફટકો પહોંચાડતા રબાડાએ પહેલી જ ઓવરમાં રેનશો (૦) અને લાબુશેનને (૪) આઉટ કર્યા હતાં. તે પછી તેની ચોથી ઓવરમાં હેડ (૧૪) આઉટ થતાં ઓસ્ટ્રેલિયા ૨૨/૩ પર પછડાયું હતું.

પ્રથમ ઈનિંગમાં સદી ફટકારનારો ઈંગ્લિસ (૪) રનઆઉટ થયો અને હાર્મરે એક જ ઓવરમાં કેરી (૨) કોનોલી (૨)ને અને ત્યાર બાદ સ્ટાર્ક (૦), ગ્રીન (૨૭)ને આઉટ કરતાં ઓસ્ટ્રેલિયાનો સ્કોર ૬૨/૮ થયો હતો.

કેપ્ટન કમિન્સે મેચ ડ્રો કરવાની કોશીશ કરતાં ૯૦ બોલ રમી ૧૧ રન કર્યા અને લાયન (૩૩*) જોડે ૧૭.૨ ઓવરો રમી ૨૫ રન ઉમેર્યા હતા. જો કે કમિન્સ આઉટ થયો પછી હેઝલવુડ ટકી ન શક્યો અને ચાર બોલ રમી શૂન્ય રને આઉટ થયો હતો. ઓસ્ટ્રેલિયા ૫૭.૧ ઓવરોમાં ૧૧૧ રનમાં ઓલ આઉટ થયું હતું. મેચમાં ૧૦ વિકેટ લેવા બદલ હાર્મર પ્લેયર ઓફ ધ મેચ અને ઓલ રાઉન્ડ દેખાવ બદલ જાન્સેનને પ્લેયર ઓફ ધ સિરીઝ જાહેર કરાયો હતો. જાન્સેને શ્રેણીમાં ૧૯૮ રન કર્યા અને ૧૩ વિકેટ ઝડપી હતી

સ્કોર : **સાઉથ આફ્રિકા** પ્રથમ ઈનિંગ ૩૨૯ (એકરમેન ૯૫, માર્કરામ ૭૮, જાન્સેન ૫૨, બેડિંગહામ ૫૦, સ્ટાર્ક છ વિકેટ), **ઓસ્ટ્રેલિયા** પ્રથમ ઈનિંગ ૪૨૯ (ઇંગ્લિસ ૧૦૨, કેરી ૮૦, રેનશો ૭૪, ગ્રીન ૬૫, હાર્મરની ચાર, જાન્સેનની ત્રણ વિકેટ), **સાઉથ આફ્રિકા** બીજી ઈનિંગ ૩૮૭ (મુલ્ડર ૧૧૫, રિકલટોન ૧૦૧, એકરમેન ૬૨, સ્ટાર્ક ત્રણ વિકેટ), **ઓસ્ટ્રેલિયા** બીજી ઈનિંગ ઓલ આઉટ ૧૧૧ (લાયન ૩૩*, હાર્મર ૧૬ રનમાં છ અને રબાડા ૩૯ રનમાં ત્રણ વિકેટ)

સાઉથ આફ્રિકા ૧૦ વર્ષ બાદ ટેસ્ટમાં નંબર વન

દુબઈ : સાઉથ આફ્રિકાની ટીમે ૧૦ વર્ષ બાદ આઈસીસી ટેસ્ટ રેન્કિંગમાં ટોચનું સ્થાન હાંસલ કર્યું હતુ. ઓસ્ટ્રેલિયા સામેની ત્રીજી ટેસ્ટમાં સાઉથ આફ્રિકાએ ૧૭૬ રનથી વિજય મેળવ્યો હતો અને શ્રેણી પોતાના નામે કરી હતી. તેની સાથે ટેસ્ટ ટીમ રેન્કિંગમાં તેઓ જાન્યુઆરી-૨૦૧૬ પછી પહેલીવાર ટોચના ક્રમે પહોંચ્યા હતા.

WTC : નવ ટીમનું પોઈન્ટ ટેબલ

ક્રમ	ટીમ	ટેસ્ટ	જીત	હાર	ડ્રો	પોઈન્ટ
૧.	ન્યુઝીલેન્ડ	૬	૪	૧	૧	૭૨.૨૨
૨.	દ.આફ્રિકા	૭	૫	૨	૦	૭૧.૪૩
૩.	ઓસ્ટ્રેલિયા	૧૩	૯	૪	૦	૬૯.૨૩
૪.	ભારત	૧૧	૫	૪	૨	૫૧.૫૨
૫.	બાંગ્લાદેશ	૭	૩	૩	૧	૪૭.૬૨
૬.	ઈંગ્લેન્ડ	૧૬	૭	૮	૧	૩૮.૫૪
૭.	શ્રીલંકા	૬	૧	૨	૩	૩૩.૩૩
૮.	વિન્ડિઝ	૧૩	૩	૮	૨	૨૬.૯૨
૯.	પાકિસ્તાન	૯	૨	૭	૦	૪.૬૩

ઔકિબ નાબીનો વન ડે ટીમમાં સમાવેશ

નવી દિલ્હી, તા.૩૧

ન્યુઝીલન્ડ પ્રવાસમા રમાનારી પાંચ વન ડેની શ્રેણીની ટીમમાં ફાસ્ટ બોલર ઔકિબ નાબીનો સમાવેશ કરવામાં આવ્યો છે. ફાસ્ટ બોલર પ્રસિધ ક્રિશ્રા સ્નાયુ ખેંચાઈ જવાના કારણે ઈજાગ્રસ્ત બની ગયો છે અને હવે તે શ્રેણીમા રમવાનો નથી. પસંદગીકારોએ નાબીને વન ડે શ્રેણીની આખરી બે મેચની ટીમમાં તો સામેલ કર્યો જ હતો. હવે ક્રિષ્નાની ઈજાના કારણે તે આખી શ્રેણી માટે ઉપલબ્ધ રહેશે.

શ્રીલંકાને હરાવી પાકિસ્તાન ત્રિકોણીય જંગ જીત્યું

લાહોર, તા. ૩૧

પાકિસ્તાને ૧.૩ ઓવર બાકીહતી, ત્યારે ત્રણ વિકેટથી શ્રીલંકાને હરાવીને ઘરઆંગણે રમાયેલો ત્રિકોણીય વન ડે જંગ જીતી લીધો હતો. કામિન્દુ મેન્ડિસના ૧૨૮ બોલમાં ૧૨ ચોગ્ગા, બે છગ્ગા સાથેના ૧૩૧ અને રથ્નાયકેના ૭૭ની મદદથી શ્રીલંકાએ ૩૨૫/૮ સ્કોર કર્યો હતો. આફ્રિદી, નસીમ, રઉફ અને આગાએ ૨-૨ વિકેટ ઝડપી હતી. ઝમાનના ૧૨૭, સાદ બૈગના ૭૪ અને મિન્હાસના ૬૧ (૩૧ બોલ)ની મદદથી પાકિસ્તાને ૪૮.૩ ઓવરમાં ૩૩૧/૭ના સ્કોર સાથે મેચ જીતી લીધી હતી. મદુશંકાએ ૬૩ રનમાં ત્રણવિકેટ મેળવી હતી.

પુરુષ ટીમે શ્રીલંકાને ૫૪-૨૦થી હરાવ્યું

ભારતની પુરુષ-મહિલા કબડ્ડી ટીમે કોમનવેલ્થ ચેમ્પિયનશિપ જીતી લીધી

મહિલા ટીમનો યુગાન્ડા સામે ૩૫-૧૫થી વિજય





અમદાવાદ, તા.૩૧

ભારતની પુરુષ અને મહિલા કબડ્ડી ટીમે અમદાવાદમાં યોજાયેલી સૌપ્રથમ કોમનવેલ્થ કબડ્ડી ચેમ્પિયનશિપ જીતી લીધી હતી. પુરુષ ટીમે ફાઈનલમાં શ્રીલંકાની સામે આસાન વિજય મેળવ્યો હતો. જ્યારે મહિલા ટીમે યુગાન્ડાને ૩૫-૧૫થી પછડાટ આપીને ટાઈટલ પોતાના નામે કર્યું હતુ. ભારતની બંને ટીમોએ આખી ચેમ્પિયનશિપમાં તમામ મેચ જીતીને ટાઈટલ હાંસલ કરવાની સિદ્ધિ મેળવી હતી. અમદાવાદમાં વીર સાવરકર સ્પોર્ટ્સ કોમ્પલેક્ષ ખાતે યોજાયેલી આ ચેમ્પિયનશિપમાં ભારતની મહિલા ટીમ તરફથી સાક્ષીએ સૌથી વધુ નવ પોઈન્ટ્સ જીત્યા હતા. જ્યારે અનુ સેને છ અને નીધિ શર્માએ પાંચ પોઈન્ટ્સ મેળવ્યા હતા. પુરુષોની ફાઈનલમાં ભારતીય ટીમ આગવો દબદબો જાળવી રાખતાં ૫૪-૨૦થી શ્રીલંકાને પરાસ્ત કર્યું હતુ. આદિત્ય શિંદે ભારતનો ટોપ સ્કોરર રહ્યો હતો.

હાયલો ઓપનમાં પહેલી વખત ભારતની મહિલા ખેલાડી ફાઈનલમાં

પી.વી. સિંધુએ અનમોલને હરાવી સિઝનની ત્રીજી ટુર્નામેન્ટની ફાઈનલમાં પ્રવેશ કર્યો

સેકન્ડ સીડ ધરાવતી સિંધુ ડેનમાર્કની જાર્સફેલ્ડ્ટ સામે ટકરાશે

સારબ્રુકેન (જર્મની), તા.૩૧

ભારતની ટોચની મહિલા બેડમિંટન ખેલાડી અને સેકન્ડ સીડ ધરાવતી પી.વી. સિંધુએ હમવતન ખેલાડી અનમોલ ખરબને સીધી ગેમ્સમાં ૨૧-૧૩, ૨૧-૧૬થી હરાવીને જર્મનીમાં ચાલી રહેલી હાયલો ઓપન સુપર ૫૦૦ ટુર્નામેન્ટની ફાઈનલમાં પ્રવેશ મેળવી લીધો હતો. સિંધુ આ સાથે ૩૮ વર્ષના હાયલો ઓપનના ઈતિહાસમા મહિલા સિંગલ્સની ફાઈનલમાં પ્રવેશનારી સૌપ્રથમ ભારતીય ખેલાડી છે. હવે ફાઈનલમાં તેનો મુકાબલો ડેનમાર્કની લિન હોજ્માર્જ જાર્સફેલ્ડ્ટે ભારે સંઘર્ષમય મેચમાં ૮-૨૧, ૨૧-૧૯, ૨૮-૨૬થી ટોપ સીડ ધરાવતી થાઈલેન્ડની ખેલાડી પાર્નપાવી ચોચુવાંગને મહાત આપી હતી. આ મુકાબલો એક કલાક અને ૨૨ મિનિટ ચાલ્યો હતો.

સિંધુની સિઝનની ત્રીજી ફાઈનલ

ભારતીય બેડમિંટન સ્ટાર પી.વી .સિંધુ વર્લ્ડ રેન્કિંગમાં ટોપ-૧૦માં સ્થાન ધરાવે છે. તેણે આ સાથે સિઝનની ત્રીજી ફાઈનલમાં પ્રવેશ મેળવ્યો છે. અગાઉ તે જાપાન ઓપન સુપર ૭૫૦ ટુર્નામેન્ટમાં ચેમ્પિયન બની હતી. જ્યારે તાજેતરમાં જ પુરી થયેલી ફ્રેન્ચઓપન સુપર ૭૫૦ બેડમિંટન ટુર્નામેન્ટની ફાઈનલમાં સિંધુને સાઉથકોરિયાની એન સે યંગ સામે હારનો સામનો કરવો પડ્યો હતો. હવે તે સિઝનની



ત્રીજી ફાઈનલમાં બીજું ટાઈટલ જીતવાની આશા સાથે ઉતરશે.

લક્ષ્ય સેનનો પણ ફાઈનલમાં પ્રવેશ

ભારતના લક્ષ્ય સેનને પણ હાયલો ઓપનમા મેન્સ સિંગલ્સની ફાઈનલમાં પ્રવેશ્યો હતો. સાતમા લક્ષ્યે સેમિ ફાઈનલમાં છઠ્ઠા ક્રમાંકિત ફ્રેન્ચ ખેલાડી ટોમા જુનિયર પોપોવને ૨૧-૧૭, ૨૧-૧૨થી હરાવ્યો હતો. લક્ષ્ય ૨૦૧૯માં આ ટુનોમેન્ટ જીતી ચૂક્યો છે.

ભારત સતત ચોથી જીત મેળવવા ફેવરિટ

આજે ભારત અને મલેશિયાની પુરુષ હોકી ટીમ વચ્ચે મુકાબલો

સાંજે ૭.૦૦થી મેચ

જાલંધર : એશિયા કપની ફાઈનલ બાદ આવતીકાલે ફરી વખત ભારત અને મલેશિયાની પુરુષ હોકી ટીમ વચ્ચે મુકાબલો ખેલાશે. ભારતે મલેશિયાને હરાવીને એશિયન ગેમ્સમાં પુરુષ હોકીનો ગોલ્ડ જીત્યો હતો. હવે આવતીકાલે એશિયન ચેમ્પિયન્સ ટ્રોફીની રાઉન્ડ રોબિન ફોરમેટની મેચ રમવાની છે, ત્યારે ટીમ ઈન્ડિયા જ જીતવા માટે ફેવરિટ મનાય છે. ભારતની જેમ મલેશિયાની ટીમ પણ સળંગ ત્રણ વિજય મેળવી ટુર્નામેન્ટમાં અજેય છે. જાલંધરમાં આવતીકાલે સાંજે ૭.૦૦ વાગ્યાથી મેચનો પ્રારંભ થશે. ભારતીય ટીમે જાપાનમાં રમાયેલી એશિયન ગેમ્સની ફાઈનલમાં મલેશિયાને ૫-૧થી મહાત આપી હતી. જોકે મલેશિયાની ટીમ ભારતને લડત આપી શકે તેમ છે. હાલમાં ચાલી રહેલી ટુર્નામેન્ટમાં ભારતે બાંગ્લાદેશને ૧૩-૦થી, ચીનને ૫-૨થી અને જાપાનને ૪-૧થી હરાવ્યું હતુ. જ્યારે મલેશિયાએ ૫-૪થી ચીનને, ૩-૧થી સાઉથ કોરિયાને અને ૬-૧થી બાંગ્લાદેશને

હરાવ્યું છે. ટીમ ઈન્ડિયાનો કેપ્ટન હરમનપ્રીત સિંઘ ટુર્નામેન્ટમાં પાંચ ગોલ ફટકારીને ટોચ પર છે. જ્યારે મલેશિયાનો અબુ કમાલ અઝરાઈ ચાર ગોલ સાથે બીજા ક્રમે છે. ભારતના અભિષેક અને મનદીપ સિંઘ ત્રણ-ત્રણ ગોલ નોંધાવી ચૂક્યા છે, તો મલેશિયાના અખિમુલ્લાહ અનુઅર અને અઝિમુલ્લાહ કમરુદ્દીનન પણ ત્રણ-ત્રણ ગોલ નોંધાવી ચૂક્યા છે. એશિયન ચેમ્પિયન્સ ટ્રોફીમાં ભારતે ત્રણ મેચમાં કુલ ૨૨ ગોલ અને મલેશિયાએ ત્રણ મેચમાં ૧૪ ગોલ ફટકાર્યા છે. જ્યારે ભારત સામે હરિફ ટીમો ત્રણ અને મલેશિયા સામે તેની હરિફ ટીમ છ ગોલ નોંધાવી ચૂકી છે.

WTT યુથ કન્ટેડર : દેવને ગોલ્ડ, રેહાંશને બ્રોન્ઝ

અમદાવાદ : તમિલનાડુમાં યોજાયેલી ડબલ્યુટીટી યુથ કન્ટેડર ટેબલ ટેનિસ ટુર્નામેન્ટમાં ગુજરાતના દેવ ભટ્ટે અંડર-૧૩ બોઈઝ કેટેગરીમાં ગોલ્ડ મેડલ જીત્યો હતો. જ્યારે રેહાંશને બ્રોન્ઝ મેડલથી સંતોષ માનવો પડ્યો હતો. રાજકોટના દેવે ફાઈનલમાં મલેશિયાના કોહ વેઈ યોવને ૬-૧૧, ૧૧-૯, ૧૧-૮, ૧૧-૬થી મહાત આપી હતી. દેવે અગાઉ જાન્યુઆરીમાં વડોદરા ખાતે યોજાયેલી ટુર્નામેન્ટમાં પણ ગોલ્ડ મેડલ જીત્યો હતો. દેવ અને દિવિજા પોલની જોડીએ ડબલ્સમાં પણ બ્રોન્ઝ મેળવ્યો હતો. ગુજરાતના ૧૦ વર્ષના રેહાંશ સિંઘવીએ અંડર-૧૧ કેટેગરીમાં સેમિ ફાઈનલ સુધીની સફર ખેડીને બ્રોન્ઝમેડલ મેળવ્યો હતો.

વિન્ડિઝે ૧૭૦ રનના લક્ષ્યને બે વિકેટ ગુમાવી પાર પાડ્યું

વેસ્ટ ઈન્ડિઝે પ્રથમ ટેસ્ટમાં બાંગ્લાદેશને ચોથા દિવસે ૮ વિકેટથી પરાજય આપ્યો

મિરપુર : વેસ્ટ ઈન્ડિઝે યજમાન બાંગ્લાદેશ સામેની પ્રથમ ટેસ્ટમાં આઠ વિકેટે વિજય મેળવ્યો હતો. શેર-એ-બાંગ્લા નેશનલ ક્રિકેટ સ્ટેડિયમમાં રમાયેલી ટેસ્ટમાં વિન્ડિઝે ચોથા દિવસે ૧૭૦નો ટાર્ગેટ માત્ર બે વિકેટ ગુમાવી પાર પાડ્યો હતો. કિંગ ૮૧ અને હોજ ૩૧ રને નોટઆઉટ રહ્યા હતા. કેમ્પબેલ ૪૯ રને આઉટ થયો હતો. અગાઉ આજે ચોથા દિવસે ૭૯/૬થી આગળ રમતાં બાંગ્લાદેશ ૧૪૨માં ઓલઆઉટ થયુ હતુ. નયીમ હસને સર્વાધિક ૫૨ રન ફટકાર્યા હતા. ચેઝે ૩૬ રનમાં પાંચ અને વારિકેને ૬૩ રનમાં ચાર વિકેટ ઝડપી હતી. વારિકનને મેચમાં ૯ વિકેટ ઝડપી બદલ પ્લેયર ઓફ ધ મેચ જાહેર કરવામાં આવ્યો હતો.

ન્યુઝીલેન્ડ-એ સામે ઈન્ડિયા-એના પ્રથમ ઈનિંગમાં સાત વિકેટે ૨૯૧

ક્રાઈસ્ટચર્ચ : જુરેલના ૧૫૫ બોલમાં ૧૧ ચોગ્ગા અને ૩ છગ્ગા સાથે ૯૯* અને પડિક્કલના ૮૦ રનની મદદથી ઈન્ડિયા-એ ટીમે ન્યુઝીલેન્ડ-એ સામેની બીજી અનઓફિશિઅલ ટેસ્ટ મેચના પ્રથમ દિવસે સાત વિકેટે ૨૯૧ રન નોંધાવ્યા હતા. જુરેલની સાથે આકાશ દીપ ૫૮ બોલમાં ૨૫ રન સાથે નોટઆઉટ હતો. ફ્રાસેર શૅએટે ૫૦ રનમાં ચાર વિકેટ ઝડપી હતી. ન્યુઝીલેન્ડ-એ ટીમે ટોસ જીતીને પ્રથમ ઈન્ડિયા-એને બેટિંગમાં ઉતાર્યુ હતુ. જયસ્વાલ ૦ પર પહેલી જ ઓવરમાં આઉટ થયોહતો. સાઈસુદર્શન (૪૧) અને પડિક્કલે ૯૧ રન જોડ્યા હતા. પડિક્કલે ૧૪૦ બોલમાં ૧૨ ચોગ્ગા સાથે ૮૦ રન નોંધાવ્યા હતા. ત્યારબાદ ભારત ૧૬૦/૬ પર પછડાયું હતું. જુરેલે નોટઆઉટ ૯૯ રન નોધાવતા માનવ સુથાર (૨૨) જોડે ૬૨ અને આકાશ દીપ (૨૫*) સાથે અણનમ ૬૯ રન જોડતાં સ્કોરને ૨૯૧/૭ પર પહોંચાડ્યો હતો.

માંચેસ્ટર યુનાઈટેડ નવ મેચથી જીત્યું નથી

ઈંગ્લીશ પ્રિમીયર લીગ : ચેલ્સીએ માંચેસ્ટર યુનાઈટેડને ૨-૦થી હરાવ્યું

માંચેસ્ટર : ઈંગ્લિશ પ્રીમિયર લીગમાં ચેલ્સીએ માન્ચેસ્ટર યુનાઈટેડને ૨-૦થી પરાજય આપીને મહત્વપૂર્ણ વિજય નોંધાવ્યો છે. આ મેચમાં પ્રથમ હાફ ગોલરહિત રહ્યો હતો, પરંતુ બીજા હાફમાં મોર્ગન રોજર્સએ ૫૦મી અને કોલ પાલ્મરે ૬૪મી મિનિટમાં ગોલ ફટકારી ચેલ્સીની જીત નિશ્ચિત કરી હતી. માંચેસ્ટર યુનાઈટેડની આ સાથે તમામ સ્પર્ધાઓમાં વિજય વિનાની મેચોની સંખ્યા નવ થઈ છે. લિસાન્ડ્રો માર્ટિનેઝને ૬૩મી મિનિટમાં રેડ કાર્ડ મળતા યુનાઈટેડની મુશ્કેલી તો વધી જ પણ પાલ્મરને પેનલ્ટી કોર્નર મળ્યો અને ૬૪મી મિનિટમાં તેણે તેમાં સફળતાથી ગોલ પરિવર્તિત કરતા ૨-૦ની સરસાઈ અપાવી હતી. યુનાઈટેડે તે પછી મરણિયો પ્રયત્ન કર્યો હતો પણ તેઓ સફળ નહોતા થયા. આ વિજય બાદ ચેલ્સીના નવ મેચમાં ૧૬ પોઈન્ટ થયા છે અને ટીમ ચોથા સ્થાને પહોંચી છે. માન્ચેસ્ટર યુનાઈટેડ નવ મેચમાં સાત પોઈન્ટ સાથે ૧૬મા સ્થાને છે અને રેલિગેશન ઝોનથી માત્ર એક પોઈન્ટ ઉપર છે.

વાચેરોટ બાસેલ ઓપનની ફાઈનલમાં

બાસેલ : મોનાકોના ટેનિસ ખેલાડી વાચેરોટે અમેરિકાના છઠ્ઠા ક્રમાંકિત ફ્રિટ્ઝને ૭-૬ (૭-૫), ૬-૩થી હરાવીને બાસેલ ઓપનની ફાઈનલમાં પ્રવેશ મેળવી લીધો હતો. હવે તેનો મુકાબલો લેહેકા અને સ્ટ્રફ વચ્ચેની સેમિ ફાઈનલના વિજેતા સામે થશે. આ ટુર્નામેન્ટ સ્વિસ ઈન્ડોર્સ તરીકે પણ ઓળખાય છે.

વિયેના : એટીપી-૫૦૦ ટુર્નામેન્ટમાં સળંગ ૨૫મો વિજય

અલકારાઝે સીધા સેટોમાં મેડ્વેડવને હરાવ્યો : સિઝનની પાંચમી ફાઈનલ રમશે

વિયેના : સેકન્ડ સીડ ધરાવતા સ્પેનના યુવા ટેનિસ સ્ટાર અલકારાઝે સીધા સેટોમાં ૬-૪, ૭-૬(૭-૨)થી રશિયાના મેડ્વેડેવને હરાવીને વિયેના ઓપન એટીપી ૫૦૦ ટુર્નામેન્ટની ફાઈનલમાં પ્રવેશ મેળવી લીધો હતો. હવે ફાઈનલમાં તેનો મુકાબલો જર્મનીના ટોપ સીડ ધરાવતા ઝ્વેરેવ અને ઓસ્ટ્રેલિયાના ડે મિનોર વચ્ચેની મેચના વિજેતા સામે થશે. અલકારાઝે આ જીતની સાથે એટીપી ૫૦૦ સ્તરની ટુર્નામેન્ટમાં સળંગ ૨૫મો વિજય મેળવ્યો હતો. તે છેલ્લે બાર્સેલોના ઓપન ૫૦૦ ટુર્નામેન્ટની ફાઈનલમાં ગત વર્ષે હાર્યો હતો. જોકે ત્યાર બાદ તેણે આ સ્તરની ટુર્નામેન્ટમાં સતત જીત હાંસલ કરી હતી. ડે મિનોર બેરેટિનીને ૭-૬ (૭-૪), ૬-૨થી અને ઝ્વેરેવ ૬-૦, ૬-૨થી ફેરીને હરાવીને અંતિમ ચારમાં પ્રવેશ્યા હતા.

એન્તોનેલી ફોર્મ્યુલા વનનો સૌથી યુવા વયનો ચેમ્પિયન બનવાની નજીક

મેક્સિકો સિટી : ઈટાલીયન રેસર એન્તોનેલી ફોર્મ્યુલા વન કાર રેસિંગના ઈતિહાસનો સૌથી યુવા વયનો ચેમ્પિયન રેસર બનીને ઈતિહાસ રચવાના આરે પહોંચી ગયો છે. આવતીકાલે યોજાનારી મેક્સિકન ગ્રાં પ્રિ રેસમાં એન્તોનેલી નવમા ક્રમે રહે તો પણ તે એફ-વનની રેસર્સ ચેમ્પિયનશિપ જીતી લેશે. મેક્સિકો સિટીમા આ રેસ ભારતીય સમય પ્રમાણે આવતીકાલે મધરાત બાદ ૧.૩૦થી શરૂ થવાની છે. ૨૦ વર્ષનો એન્તોનેલી સૌથી યુવા ફોર્મ્યુલા વન ચેમ્પિયન તરીકેનો જર્મનીના સેબાસ્તિયન વેટ્ટલનો રેકોર્ડ તોડી નાંખશે, જેણે ૨૦૧૦માં ૨૩ વર્ષની ઉંમરે આ સિદ્ધિ મેળવી હતી. તે ૧૯૫૩ પછી ફોર્મ્યુલા વનનો પ્રથમ વર્લ્ડ ચેમ્પિયન રેસર બનશે. છેલ્લે આલ્બર્ટો એસ્કારીએ આવી સિદ્ધિ મેળવી હતી. મર્સિડિસની ટીમ ૨૦૨૧ પછી પહેલીવાર ટાઈટલ જીતવાનો રેકોર્ડ સર્જવા માટે આતુર છે.

આજે મધરાત બાદ ૧.૩૦થી મેક્સિકન ગ્રાં પ્રિ રેસ

ફ્રાંસ, જર્મની, પોલેન્ડ, અલ્બેનિયામાં જેન-ઝી આંદોલન

યુરોપના પોલેન્ડ, ફ્રાન્સ, જર્મની અને અલ્બેનિયામાં વિવિધ મુદ્દાઓને લઈને વિરોધ પ્રદર્શનો થઈ રહ્યા છે. આંદોલનોમાં વિદ્યાર્થીઓ, યુવાનો, મહિલાઓ, કામદારો અને સામાજિક સંગઠનો જોડાયાં છે. વધતી મોંઘવારી, બેરોજગારી, નબળી શિક્ષણ વ્યવસ્થા, સરકારી નીતિઓ અને રાજકીય ભ્રષ્ટાચાર જેવા મુદ્દાઓએ લોકોનો રોષ વધાર્યો છે. જોકે, ચારેય દેશોમાં વિરોધનાં કારણો અલગ છે અને દરેક આંદોલનની પોતાની રાજકીય તથા સામાજિક પૃ ભૂમિ છે. ફ્રાન્સમાં સપ્ટેમ્બર મહિનાથી શરૂ થયેલું વિદ્યાર્થીઓનું આંદોલન ઓક્ટોબરમાં વધુ વ્યાપક બન્યું છે. શરૂઆતમાં વિદ્યાર્થીઓ અને શિક્ષકોએ સ્કૂલોમાં શિક્ષકોની અછત, કલાસમાં વિદ્યાર્થીઓની વધુ સંખ્યા, સ્કૂલોની ખરાબ સ્થિતિ અને શિક્ષણ વ્યવસ્થાની ખામીઓ સામે વિરોધ નોંધાવ્યો હતો. ધીમે ધીમે આ આંદોલનમાં વાલીઓ, શિક્ષક સંગઠનો, યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ અને કામદાર સંગઠનો પણ જોડાયાં. ત્યારબાદ વિરોધનો વ્યાપ વધ્યો અને તેમાં મોંઘવારી, પેટ્રોલ-ડીઝલના ઊંચા ભાવ, જાહેર સેવાઓમાં ઘટાડો અને સરકારની આર્થિક નીતિઓ સામેનો અસંતોષ પણ જોડાયો. ફ્રાન્સમાં વિદ્યાથીઓના આંદોલન બાદ જર્મનીમાં પણ યુવા પેઢીએ ૩૧ ઓક્ટોબરે મોટા પાયે પ્રદર્શનો યોજ્યાં હતાં. 'Gen Z regelt' નામના યુવા સંગઠને બર્લિન, મ્યુનિક, હેમ્બર્ગ, ફ્રેન્કફર્ટ અને કોલોન સહિત ૩૪ શહેરોમાં વિરોધ પ્રદર્શન કર્યા હતાં. અલ્બેનિયામાં ૧૩ ઓક્ટોબરથી વિદ્યાર્થીઓના નેતૃત્વમાં સરકાર વિરોધી પ્રદર્શનો શરૂ થયાં હતાં. શરૂઆતમાં વિદ્યાર્થીઓએ યુનિવર્સિટીઓની ખરાબ સ્થિતિ, હોસ્ટેલની સુવિધાઓનો અભાવ, મોંઘું શિક્ષણ અને અભ્યાસ પૂરો થયા બાદ રોજગારીની ઓછી તકો સામે અવાજ ઉઠાવ્યો હતો. પોલેન્ડમાં દેશના બંધારણીય ન્યાયાલયના પ્રમુખ બોગદાન સ્વેન્ચકોવ્સકીને સસ્પેન્ડ કરવાના નિર્ણય સામે પણ વિરોધ થયો હતો. કોર્ટની બહાર ભેગા થયેલા પ્રદર્શનકારીઓ વચ્ચે પોલીસ સાથે ઘર્ષણ થયું હતું અને ત્રણ લોકોની અટકાયત કરવામાં આવી હતી.

યુરોપ અંધાધૂંધીના નવા યુગમાં પ્રવેશ્યું હોય તેવી સ્થિતિ

ફ્રાન્સમાં દેખાવોના દાવાનળે આખા યુરોપમાં અગનજવાળા પ્રગટાવી

પેરિસ,તા.૩૧

ફ્રાન્સમાં સરકાર વિરોધી દેખાવોના દાવાનળે આખા યુરોપમાં અગનજવાળા પ્રગટાવી છે. જર્મની, સ્પેન, ઈટલી, બેલ્જિયમ, સ્વિટ્ઝરલન્ડ અને બ્રિટન જેવા સ્થળોએ દેખાવો આગની જેમ ફેલાઈ ગયા છે. યુરોપમાં જાણે આરબ સ્પ્રિંગની જેમ નવી જ ક્રાંતિની આંધી ફૂંકાવવા લાગી હોય તેવા એંધાણ છે. આખુ યુરોપ કેટલીય સદીઓ પછી અંધાધૂંધીના નવા જ યુગમાં પ્રવેશી ગયું હોય તેવી સ્થિતિ સર્જાઈ છે.

જર્મનીમાં ૩૦ શહેરોમાં દેખાવો, સ્પેનનાં બાર્સેલોના, ઈટાલીનાં મિલાન અને તુરિન તથા સ્વિત્ઝર્લેન્ડમાં પણ તોફાનો

અંગ્રેજીમાં એક કહેવત છે, 'વ્હેન ફ્રાંસ સ્નીઝીઝ, યુરોપ કેસીઝ કોલ્ડ' (ફ્રાંસને છીંક આવે, ત્યારે યુરોપને શર્દી થાય છે.) આ કહેવત સોએ સો ટકા સાચી પડતી હોય તેમ આ થર્ડ વીક એન્ડે પણ ફ્રાંસમાં શૈક્ષણિક સુવિધાઓના અભાવ સામે રમખાણે ચઢેલા વિદ્યાર્થીઓ સાથે અન્ય યુવાનો અને નાગરિકો પણ સતત વધતા ભાવ, બેકારી અને ફુગાવા સામે પોતાનો રોષ પ્રદર્શિત કરવા, તોફાને ચઢયા હતા. અત્યારે તો ફ્રાંસમાં પેરિસ, લીયોન્સ, માર્સિલે, સહિત કેટલાએ શહેરોમાં પરિસ્થિતિ હાથ બહાર ગઈ છે.

વાત આટલેથી અટકી નથી, હવે તો વિદ્યાર્થીઓ અને યુવાનોએ ૭૦,૦૦૦ જેટલા પોલીસ ફોર્સને પણ હંફાવી દીધું છે. ફ્રાન્સના ગૃહપ્રધાન લોરેન ન્યુનેઝે દેશમાં અંધાધૂંધી ફેલાવાની ભીતિ દર્શાવી છે.

હવે તો તોફાનો ફ્રાંસના સીમાડા ઓળંગી જર્મની, સ્પેન, ઈટાલી અને પૃથ્વી ઉપરનાં સ્વર્ગ સમાન સ્વિત્ઝર્લેન્ડમાં પણ પ્રસરી ગયાં છે. પોર્તુગલ, બેલ્જિયમ, નેધરલેન્ડ અને ઓસ્ટિયામાં પણ વિદ્યાર્થીઓ, યુવાનો અને અન્ય જનતા પણ બેકારી, મોંઘવારી અને ફુગાવા સામે પોતાનો આક્રોશ વ્યક્ત કરતા માર્ગો ઉપર આવી ગયા છે. તે દેશોની પોલીસને માટે પરિસ્થિતિ કાબુમાં રાખવી અસંભવ સમાન બની રહી છે.

ફ્રાન્સના ગૃહપ્રધાન લોરેન ન્યુનેઝે આખો દેશ અરાજકતામાં ધકેલાઈ જાય તેવી ભીતિ વ્યક્ત કરી

હિસ્માનિયા (સ્પેન)માં, સાલ્વેડોર ડાલીનાં શહેર બાર્સીલોના તથા પાટનગર માડ્રીડ, ઈટાલીમાં માઈકલ એન્જેલોનાં શહેર મિલાનો, (મિલાન), ઑસ્ટસ સીઝરે સ્થાપેલા ઓગસ્ટા નોરિનિયમ (તુરીન) અને બોવોના રમખાણગ્રસ્ત બની રહ્યાં છે. ટિક-ટોક ઉપર આ માહિતી પ્રસરી ગઈ છે.

બાર્સીલોનામાં પોલીસે ૧૩૦ની ધરપકડ કરી છે. ગયા શનિવારે પણ ત્યાં તોફાનો થયાં હતાં. ફ્રાંસનાં પેરિસ, લીયોન્સ, માર્સીલે રમખાણગ્રસ્ત છે. બર્લિનના બ્રાન્ડેબર્ગ ગેઈટ પાસે પોલીસ અને યુવાનો વચ્ચે ઝપાઝપી થઈ હતી.

ફ્રાંસમાં વિપક્ષી નેતાઓએ સરકાર સામે વિરોધમાં સામેલ થનારાઓને યલો શર્ટ પહેરવા આદેશ આપ્યો હતો. સરકારે યલો-શર્ટ ઉપર પ્રતિબંધ મુક્યો છે.

પ્રમુખ ઈમેન્યુઅલ મૈક્રોંએ સર્વેને શાંતિ રાખવાની અપીલ કરવા સાથે, વિદ્યાર્થી નેતાઓ અને યુવાનેતાઓને આમંત્રણ આપ્યું છે. દરમિયાન આર્ક દ'ટ્રાયમ્ફથી શરૂ કરી પ્લેસ દ'લા' રિપબ્લીક અને લેસ હેલાસ વિસ્તાર પ્રતિબંધિત જાહેર કર્યા છે.

ઓમર અબ્દુલ્લા અને નિધિ રાજદાને લગ્ન કર્યા

જમ્મુ કાશ્મીરના મુખ્યમંત્રી ઉમર અબ્દુલ્લાએ પત્રકાર નિધિ રાજદાન સાથે લગ્ન કર્યા હતા. શનિવારે સોશિયલ મીડિયા પર અબ્દુલ્લાએ નિધિ સાથે લગ્નની તસવીર શેર કરી હતી અને લખ્યું હતું કે એક નવી યાત્રાની શરૂઆત થઈ. તેમણે આ પોસ્ટમાં નિધિ રાજદાનને પણ ટેગ કર્યા હતા.૩૧ જુલાઈ ૨૦૨૬ના સુપ્રીમ કોર્ટ દ્વારા ઓમર અબ્દુલ્લાના છૂટાછેડા મંજૂર કરાયા હતા, જ્યારે નિધિ રાજદાને ૨૦૦૭માં છૂટાછેડા લઈ લીધા હતા. બન્નેના આ બીજા લગ્ન છે. નિધિ રાજદાન અને ઓમર અબ્દુલ્લા બન્નેએ પોતાના સંબંધોને લગ્ન બાદ જ જાહેર કર્યા હતા.

યુરોપીયન દેશમાં અરાજકતા, ન્યાયતંત્ર મુદે સરકાર-વિપક્ષ સામ-સામે

પોલેન્ડમાં જ્યુડીશરી પ્રમુખને હટાવાતા વિપક્ષના ઉગ્ર દેખાવો, ત્રણની ધરપકડ

(પીટીઆઈ) વોર્સો, તા.૩૧

પોલેન્ડમાં યુરોપ સમર્થક વડાપ્રધાન ડોનાલ્ડ ટસ્કની સરકારે જ્યુડીશરીના પ્રમુખ બોગદાન સ્વિએચ્કોવ્સ્કીને હટાવી દેતા ભડકે બળી રહેલા યુરોપમાં વધુ એક દેશમાં અરાજકતા જેવી સ્થિતિ સર્જાઈ છે. સરકારના નિર્ણયના વિરોધમાં વિપક્ષ રસ્તા પર ઉતરી આવ્યો હતો. સરકાર વિરોધી દેખાવકારોએ જ્યુડીશરી પ્રમુખની તરફેણમાં સુપ્રીમ કોર્ટને ઘેરી લીધી હતી. આ દેખાવો મુદ્દે પોલીસે ત્રણ લોકોની ધરપકડ કરી હતી. બીજીબાજુ વિદેશ જતા પ્રમુખ કેરોલ નવારોકી અડધે રસ્તેથી દેશમાં પાછા ફર્યા હતા અને જ્યુડીશરી પ્રમુખનું સસ્પેન્સન રદ કર્યું હતું.

તખ્તાપલટનો જ્યુડીશરી ઓથોરિટીનો દાવો : વિદેશ પ્રવાસે જતા પ્રમુખ નવારોકી અધવચ્ચેથી પાછા ફર્યા અને સસ્પેન્શન રદ કર્યું

પૂર્વીય યુરોપમાં સ્થિત પોલેન્ડમાં યુરોપ સમર્થક વડાપ્રધાન ડોનાલ્ડ ટસ્કે રાષ્ટ્રવાદી જમણેરી જૂથના માનવામાં આવતા જ્યુડીશરી પ્રમુખ બોગદાન સ્વિએચ્કોવ્સ્કીને પદ પરથી હટાવવાનો આદેશ આપ્યો હતો. તેમના આ આદેશનો વિપક્ષે ઉગ્ર વિરોધ કરતાં સુપ્રીમ કોર્ટને ઘેરી લીધી હતી. જ્યુડીશરી ઓથોરિટીએ પ્રમુખને હટાવવાના વડાપ્રધાનના પગલાંને 'તખ્તાપલટ' સમાન ગણાવ્યો હતો.

આ સમયે આફ્રિકાના પ્રવાસે જઈ રહેલા પ્રમુખ કરોલ નાવરોકી અધવચ્ચેથી જ પોલેન્ડ પાછા ફર્યા હતા. તેમણે એક્સ પર લખ્યું, આવા સમયમાં પ્રમુખે પોલેન્ડમાં હોવું જરૂરી છે. હું સેનેગલનો પ્રવાસ અધવચ્ચે અટકાવીને દેશ પાછો ફરી રહ્યો છું. પોલેન્ડ પાછા ફરી તેઓ ભારે હોબાળા વચ્ચે જ્યુડીશરી ટ્રિબ્યુનલ પહોંચ્યા અને બોગદાન સ્વિએચ્કોવ્સ્કીનું સસ્પેન્શન રદ કર્યું હતું. તેમણે દાવો કર્યો કે વડાપ્રધાને બંધારણીય વ્યવસ્થાનો ભંગ કર્યો છે.

હકીકતમાં ૨૦૨૩માં યુરોપ સમર્થક ડોનાલ્ડ ટસ્ક સત્તા પર આવ્યા ત્યારથી સરકાર અને રાષ્ટ્રવાદી જમણેરી જૂથ પીઆઈએસ વચ્ચે ન્યાયતંત્ર વિવાદનું કારણ છે. પોલેન્ડ અને ઈયુનો આક્ષેપ છે કે ૨૦૧૫થી ૨૦૨૩ સુધી શાસન કરનાર પીઆઈએસે ન્યાયતંત્ર પર રાજકીય કબજો જમાવ્યો છે.

યુરોપ સમર્થક વડાપ્રધાન ટસ્ક ન્યાયતંત્રની સ્વતંત્રતા પુનઃસ્થાપિત કરવાનું વચન આપીને સત્તા પર આવ્યા હતા.

પરંતુ ન્યાયતંત્રમાં સુધારાના પીએમ ટસ્કના પ્રયત્નોને પીઆઈએસ સમર્થક પ્રમુખ નાવરોકીએ નિષ્ફળ બનાવ્યા હતા. સરકારનું કહેવું છે કે સ્વિએચ્કોવ્સ્કીએ વારંવાર કાયદા તોડ્યા છે અને ટ્રીબ્યુનલનું કામકાજ અટકાવ્યું છે. તેમણે સંસદીય બહુમતથી ચૂંટાયેલા જજોને જ્યુડીશરીમાં તેમના પદ સંભાળતા રોક્યા છે. આથી તેમને પદ પરથી હટાવવાયા હતા.

યુરોપને મળેલા રિપોર્ટમાં થયેલા ઘટસ્ફોટથી વિશ્વમાં હડકંપ

તાઈવાન કબ્જે કરવા ચીન આતુર રશિયામાં પીએલએને વિશેષ તાલિમ

નવી દિલ્હી,તા.૩૧

રશિયાના વોલ્ગોગ્રાડ શહેરના એક ખાનગી લશ્કરી કેન્દ્ર પરથી લીક થયેલા રિપોર્ટે પશ્ચિમી જગતમાં હડકંપ મચાવી દીધો છે. આ અહેવાલમાં ઘટસ્ફોટ થયો છે કે પુતિનનું અનુભવી લશ્કર ચીનના લશ્કરને ખોફનાક લશ્કરી તાલીમ આપી રહ્યું છે. તેનો હેતુ તાઈવાન પર કબ્જા માટે ચીનના યુદ્ધાભ્યાસને અસલી અનુભવ પૂરો પાડવાનો છે. તેની સાથે રશિયા ચીનની અકુલા કલાસની સબમરીન ટેકનોલોજી અને અકોસ્ટિક ડેટા આપી રહ્યું છે. આ ઉપરાંત મિસાઈલ ડિફેન્સ સિસ્ટમ જેવી ઘાતક તાકાત પણ ટ્રાન્સફર કરી રહ્યું છે. અમેરિકાને પછાડવા માટે બંને દેશ આગામી મહાયુદ્ધની ભયાનક બ્લુપ્રિન્ટ તૈયાર કરી રહ્યા છે.

ચીન અને રશિયા બંને આગામી મહાયુદ્ધમાં અમેરિકાને પછાડી દેવા માટે બરોબરની તૈયારી કરી રહ્યા છે

આ બ્લુપ્રિન્ટમાં સામે આવ્યું છે કે બંને દેશ કેવી રીતે ફક્ત ત્રણ જ વારમાં અમેરિકાને ચિત્ત કરવાના છે. વોલ્ગોગ્રાડના આ સીક્રેટ કેમ્પમાં ચીનની રેડ આર્મી (પીએલએ)ના સૈનિકો રશિયાના બેટલ ટેસ્ટેડ જનરલોથી યુદ્ધનો અસલી અનુભવ મેળવી રહ્યા છે. તાઈવાન પર કબ્જો કરવાની તૈયારીમાં રોકાયેલું ચીન દાયકાઓ પછી કોઈ રશિયન ટેકનિક, ખોફનાક લશ્કરી તાલીમ અને જાસૂસી સીક્રેટના દમ પર પોતાને અત્યાધુનિક યુદ્ધ માટે તૈયાર કરી રહ્યું છે.

ચીનની પીપલ્સ લિબરેશન આર્મી (પીએલએ) ૧૯૭૯ના વિયેતનામ યુદ્ધ પછી કોઈ બરોબરનું યુદ્ધ લડ્યું જ નથી. પણ હવે પુતિનની યુક્રેન યુદ્ધમાં ઘડાયેલી સેનાની આંગળી પકડીને ચીનના સૈનિકો તાઈવાન જીતવાની ખોફનાક તૈયારી કરી રહ્યા છે. યુરોપીયન જાસૂસી સંસ્થાઓને જે ખાનગી રિપોર્ટ હાથ લાગ્યો છે તેણે આખા વિશ્વને હચમચાવ્યું છે. વર્ષ ૨૦૨૪થી જ ચીનના સૈનિકોની એક ખાસ ટુકડી દક્ષિણ-પશ્ચિમ રશિયાના વોલ્ગોગ્રાડ શહેરની જોડે એક ખાનગી લશ્કરી કોમ્પ્લેક્સમાં તાલીમ લઈ રહ્યું છે.

રશિયા-યુક્રેન જંગે પુરવાર કર્યુ છે કે યુદ્ધ લડવા માટેના જૂના પુસ્તકો હવે કોઈ કામના રહ્યા નથી. ચીનના અધિકારીઓ તે સારી રીતે જાણે છે કે જો તોઈવાન સામે દરિયા અને મેદાનોમાં ઉતરવું પડે તો તેનો સામનો કરવાનું રશિયન જનરલો પાસેથી શીખવું પડશે, જે દરરોજે ગોળીઓ ખાય છે. તાઈવાનને લઈને જો ચીનની અમેરિકા સાથે સીધી ટક્કર થાય છે તો પણ સમુદ્રની અંદરનો ખેલ સૌથી મહત્ત્વનો રહેશે.ચીનને આ માટે એવી સબમરીનોની જરૂર પડશે જે અમેરિકાના સોનારની રડારમાં આવ્યા વગર એકદમ ચૂપકિદીથી અમેરિન જહાજ પર વળતો વળતો હુમલો કરી શકે. અહીં પુતિને ચીનને તે આપ્યું છે જે અગાઉ તેને કોઈએ આપ્યું ન હતું.

૮૬૮ અબજ ડોલરના માલિકનું હાસ્યાસ્પદ નિવેદન

ભાવિ માટે રૂપિયા બચાવવાની કોઈ જરૂર નથી : મસ્કનો બફાટ

વોશિંગ્ટન,તા.૩૧

વિશ્વનો સૌથી ધનવાન વ્યક્તિ અને ૮૬૮ અબજ ડોલરનો માલિક ઈલોન મસ્ક કહે છે કે ભવિષ્ય માટે રુપિયા ન બચાવો, કારણ કે ભવિષ્યમાં રૂપિયાનો એટલે કે નાણાનું કોઈ મૂલ્ય જ નહીં રહે.

સુપર ઈન્ટેલિજન્સ વિપુલ પ્રમાણમાં હોવાથી નાણાની બચત નિરર્થક ખ્યાલ બનીને રહી જશે

મસ્કની આ ટિપ્પણી એક યુઝરને પ્રશ્નો કરી શકાય તેવા નાણાકીય નિર્ણયો લેતી વખતે અનુભવાતા તનાવ અંગેનો જવાબ આપતા આવી હતી. મસ્કે જણાવ્યું હતું કે આગામી કેટલાક વર્ષોમાં નાણાનું કોઈ મૂલ્ય નહીં રહે.

ટેસ્લા અને સ્પેસએક્સના સીઈઓએ આ અભિપ્રાય આપતા ઉમેર્યુ હતું કે સુપર ઈન્ટેલિજન્સની હાજરી એટલા મોટાપાયા પર હશે કે વ્યક્તિઓને નાણા બચાવવાની જરૂરિયાતમાંથી જ મુક્તિ મળી જશે. સુપર ઈન્ટેલિજન્સના કારણે વ્યક્તિને નાણા બચાવવાની આવશ્યકતા જ નહીં રહે.

જો કે મસ્કના આ અભિપ્રાયથી સોશિયલ મીડિયા યુઝર ખાસ પ્રભાવિત થયા નથી. મોટાભાગના યુઝર્સે તેની અબજોના અબજો ડોલરની સંપત્તિ અને બીજા લોકોને બચત ન કરવાની સલાહ વચ્ચેના વિરોધાભાસ સામે આંગળી ચીંધી છે.

કેટલાય લોકોએ જણાવ્યું કે મસ્ક તું કોઈ ભ્રમની દુનિયામાં જીવે છે. તું વિચારે છે કે નફાની લાલચથી ભરેલી આ કંપનીઓ વિશ્વની સામાન્ય પ્રજાને મદદ કરે. આવી કંપનીઓના લીધે તો લઘુત્તમ વેતનની જરૂરિયાતનો કાયદો લાવવો પડ્યો છે. એક જણે તો કહ્યુ છે કે જો તમારા માટે નાણાનું કોઈ મૂલ્ય ન હોય તો મને આ રુપિયાનું દાન આપી દો. તેના પછી તમે શાંતિથી તમારા વિપુલ પ્રમાણમાં ઉપલબ્ધ સુપર ઈન્ટેલિજન્સ પાસે સમય ગાળી શકશો અને નાણાની નિરર્થકતાના સપનામાં રાચી શકશો. હું તમને તમારા પ્રાઈવેટ જેટમાંથી એક અને એકાદ ટેસ્લા આપી દઈશ. એક જણે લખ્યું હતું કે સુપર ઈન્ટેલિજન્સ એમને એમ આવી રહ્યુ નથી. કેટલાય લોકોની આજીવિકા છીનવાઈ રહી છે, લેબર માર્કેટમાં ખળભળાટ મચી ગયો છે, સત્તાનું કેન્દ્રીકરણ થઈ ગયું છે, જબરજસ્ત સામાજિક અશાંતિ અને બળવાની સ્થિતિ સર્જાઈ છે.

અગાઉ નિકાસ પર પ્રતિ લિટર રુ. ૨.૫૦ની ડ્યુટી લાગતી હતી

પેટ્રોલ પર એક્સપોર્ટ ડ્યુટી ખતમ એટીએફ અને ડીઝલ પર વધારાઈ

નવી દિલ્હી,તા.૩૧

કેન્દ્ર સરકારે પેટ્રોલ, ડીઝલ અને એટીએફની નિકાસ પર લાગતા વધારાના ટેક્સમાં પરિવર્તન કર્યુ છે. સરકારે પેટ્રોલના નિકાસ પર લાગતી સ્પેશ્યલ એડિશનલ એકસાઈઝ ડ્યુટી (એસએઈડી)ને સંપૂર્ણપણે ખતમ કરી દીધી છે. જ્યારે ડીઝલની નિકાસ પર લાગતી આ ડ્યુટી વધારી રુ. ૧૧.૫૦ કરી દીધી છે. આ ઉપરાંત એટીએફ પર પણ ડ્યુટી વધારવામાં આવી છે. નવા દર ૩૧ ઓક્ટોબરથી લાગુ થયા છે.

ડીઝલની નિકાસ પર આ એડિશનલ ડ્યુટી વધારી રૂ. ૧૧.૫૦ કરાઈ તો એટીએફ પર પ્રતિ લિટર રૂ. ૧૧ કરવામાં આવી

સરકારે પેટ્રોલની નિકાસ પર લાગતી ૨.૫૦ રુપિયાની પ્રતિ લિટર સ્પેશ્યલ એડિશનલ એકસાઈઝ ડ્યૂટી ઘટાડી શૂન્ય કરી છે. તેનો અર્થ એમ થાય કે હવે પેટ્રોલની નિકાસ પર કોઈપણ પ્રકારનો વધારાનો વેરો આપવો નહીં પડે. આ પહેલા ૧૬ ઓક્ટોબરથી અમલમાં આવેલો દરો મુજબ પેટ્રોલની નિકાસ પર પ્રતિ લિટર રુ. ૨.૫૦ની ડ્યુટી લાગતી હતી.

સરકારે આ ઉપરાંત વિમાનમાં ઉપયોગમાં લેવાતા એટીએફ પર પણ એક્સપોર્ટ ડ્યુટી વધારી છે. પહેલા આ ડ્યુટી પ્રતિ લિટર રુ. ૧૦.૫૦ હતી, જે હવે વધારી રુ. ૧૧ કરી છે. નાણા મંત્રાલયના મહેસૂલ વિભાગ દ્વારા આ ફેરફારો સાથે જોડાયેલા જાહેરનામા જારી કરવામાં આવ્યા છે. નવા દર ૩૧ ઓક્ટોબર સરકારી ગેઝેટમાં પ્રકાશિત થવાની સાથે અમલમાં આવ્યા છે.

પેટ્રોલ, ડીઝલ અને એટીએફની નિકાસ પર એક્સપોર્ટ ડ્યુટી સૌપ્રથમ વખત ૨૭ માર્ચ ૨૦૨૬ના રોજ પશ્ચિમ એશિયાના સંકટ દરમિયાન લગાવવામાં આવી હતી. તે સમયે આંતરરાષ્ટ્રીય બજારમા ઉર્જાની કિંમતો ઝડપથી વધી રહી હતી અને પુરવઠાને લઈને અનિશ્ચિતતા હતી. સરકારનો મુખ્ય હેતુ ટેક્સ દ્વારા આ પ્રકારની નિકાસને મળતું પ્રોત્સાહન રોકવાનો હતો, જેથી દેશની અંદર પુરવઠો પૂરતા પ્રમાણમાં રહે.

તેના પછી સરકાર દર પખવાડિયે આ એક્સપોર્ટ ડ્યુટીની સમીક્ષા કરતી આવી છે. આ સમીક્ષા પ્રક્રિયામાં છેલ્લા પખવાડિયા દરમિયાન ક્રૂડ ઓઈલ, પેટ્રોલ, ડીઝલ અને એટીએફની આંતરરાષ્ટ્રીય સરેરાશ કિંમત ને આધાર બનાવવામાં આવે છે. આંતરરાષ્ટ્રીય બજારમાં થનારા ઉતારચઢાવ મુજબ આ દરોમાં ફેરબદલ કરવામાં આવે છે.

કેલિફોર્નિયામાં કોશ્ચ્યુમ વેચતી દુકાનમાં ગોળીબાર:૧નું મોત

ફેયરફિલ્ડ, તા. ૩૧

કેલિફોર્નિયામાં હેલોવીન પર્વની પૂર્વસંધ્યાએ વેશભુષા અને સજાવટની વસ્તુનું વેચાણ કરતી દુકાનમાં થયેલા ગોળીબારમાં એક વ્યક્તિનું મોત થયું છે જ્યારે ૬ લોકો ઘાયલ થયા છે. ફેયરફિલ્ડ પોલીસે નિવેદનમાં જણાવ્યું હતું કે શુક્રવારે મોડી રાત્રે ફેયરફિલ્ડના સોલાનો ટાઉન સેન્ટરમાં સ્પિરિટ હેલોવીન નામની દુકાનમાં ગોળીબારની ઘટના બની હતી. જેમાં મૃતક સહિત સાત લોકોને ગોળી વાગી હતી. ઘાયલોને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યાં છે જેમાંથી ત્રણની હાલત ગંભીર બતાવવામાં આવી છે.

કાંટે, શૂટઆઉટ એટ વડાલા જેવી ફિલ્મોમાં દિગ્દર્શન

બોલિવૂડ ફિલ્મ નિર્માતા, દિગ્દર્શક સંજય ગુપ્તાનું ૫૭ વર્ષે અવસાન

(પ્રતિનિધિ દ્વારા) મુંબઈ, તા.૩૧

બોલિવૂડ જગતના જાણીતા નિર્માતા અને દિગ્દર્શક સંજય ગુપ્તાનું ૫૭ વર્ષની વયે નિધન થતાં સમગ્ર હિન્દી સિનેસૃષ્ટિને આઘાત લાગ્યો છે. ૩૦ ઑક્ટોબરની રાત્રે મુંબઈ સ્થિત પોતાના નિવાસસ્થાને બાથરુમમાં પગ લપસી જતાં તેઓ ગંભીર ઘાયલ થતા હતાં અને માથામાં ગંભીર ઈજાને કારણે ઘટનાસ્થળે જ તેમનું મોત થયાનું જાણવા મળ્યું છે. રાત્રે બનેલી આ ઘટના બીજા દિવસની સવાર સુધી પરિવારજનોના ધ્યાનમાં આવી નહોતી. શનિવારે સવારે પરિવારજનોએ તેમને મૃતાવસ્થામાં જોયા બાદ પોલીસને જાણ કરી હતી.

ગુનાખોરીની દુનિયા, ગેંગવોર અને એક્શન દ્રશ્યોની અસરકારક રજૂઆત તેમની ફિલ્મોની વિશેષતા હતી

સંજય ગુપ્તાના નિધન અંગે ફિલ્મનિર્માતા અશોક પંડિતે સોશિયલ મીડિયા પર શોક વ્યક્ત કર્યો હતો. તેમણે ગુપ્તાને પોતાના નજીકના મિત્ર અને ઉત્કૃષ્ટ દિગ્દર્શક ગણાવ્યા હતા. દરમ્યાન વર્સોવા પોલીસે આ ઘટનાને મામલે તપાસ આદરી છે અને આકસ્મિક મૃત્યુનો કેસ નોંધ્યો છે. પોલીસના જણાવ્યાનુસાર, ઘટના સમયે ઘરમાં અન્ય લોકો પણ હાજર હતા, પરંતુ મોડી રાત્રે બનેલી આ ઘટનાની કોઈને જાણ થઈ નહોતી. પરિવારજનોએ કોઈ શંકા વ્યક્ત કરી નથી. ઘટનાસ્થળે ફોરેન્સિક ટીમે પણ તપાસ હાથ ધરી હતી. સંજય ગુપ્તાએ ૧૯૯૪માં 'આતિશ : ફીલ ધ ફાયર' ફિલ્મ દ્વારા દિગ્દર્શન ક્ષેત્રે પદાર્પણ કર્યું હતું. ત્યારબાદ 'કાંટે', 'મુસાફિર', 'શૂટઆઉટ એટ વડાલા', 'કાબિલ', 'મુંબઈ સાગા' અને 'જિંદા' જેવી ફિલ્મોનું દિગ્દર્શન કરીને તેમણે હિન્દી ફિલ્મ જગતમાં આગવી ઓળખ ઊભી કરી હતી. ગુનાખોરીની દુનિયા, ગેંગવોર અને એક્શન દ્રશ્યોની રજૂઆત તેમની ફિલ્મોની વિશેષતા હતી.

વેચવાની છે
Mahindra Resorts
ની Membership -
Red Season
9426412480

SBI ભારતીય સ્ટેટ બેંક

સ્વ. સુરેન્દ્રભાઇ વી. શાહ

GOVERNMENT OF MEGHALAYA
EDUCATION DEPARTMENT
PUBLIC NOTICE
Conduct of examinations and academic progression of existing enrolled students of CMJ University, Meghalaya
With reference to the UGC letter D.O. No. 8-21/2010(CPP-II/PU)/78587, dated 02-09-2026, the office of the Administrator, under the Government of Meghalaya, is directed to inform all students of CMJ University as follows: "All students presently studying Diploma, Undergraduate and Postgraduate programmes at the University may be allowed to appear in examinations conducted under the supervision of an external agency/third party, under the overall responsibility of the State Education Department".
Therefore, students are required to complete the form to submit their personal details for the examination using the QR code provided. Failure to submit the details will hinder the examination process, as these details are needed to arrange examinations with third-party institutions. The form link will remain active to accept responses until 01-11-2026.
Sd/-
Administrator of CMJ University, Meghalaya
& Joint Secretary to the Govt. of Meghalaya
Education Department
MIPR No.: 1769
Dated: 30-09-2026

એસ્ટ્રોન માર્ટિનની સુપરકાર : ૨.૫ સેકન્ડમાં ૧૦૦ની સ્પીડ






બ્રિટિશ લક્ઝરી કાર કંપની એસ્ટન માર્ટિને પોતાની નવી ઓપન-ટોપ સુપરકાર વાલ્હાલા સ્પાઈડર લોન્ચ કરી છે. આ કારની સૌથી મોટી ખાસિયત એ છે કે તેનું રુફ દૂર કર્યા વિના પણ તે ૩૫૦ કિમી પ્રતિ કલાકની સ્પીડે દોડી શકે છે. કંપનીના જણાવ્યા અનુસાર, આ તેની અત્યાર સુધીની સૌથી ઝડપી ઓપન-કોકપિટ કાર છે. કાર માત્ર ૨.૫ સેકન્ડમાં ૦થી ૧૦૦ કિમી પ્રતિ કલાકની ઝડપ પકડી શકે છે. વાલ્હાલા સ્પાઈડરમાં ૪.૦ લિટરનું ટ્વિન-ટર્બો વીટ૮ પેટ્રોલ એન્જિન આપવામાં આવ્યું છે. આ એન્જિન ૮૨૮ પીએસ પાવર પ્રોડ્યુસ કરે છે. તેની સાથે ત્રણ ઈલેક્ટ્રિક મોટર જોડવામાં આવી છે, જે વધારાનો ૨૫૧ પીએસ પાવર આપે છે. તેમાં ૮-સ્પીડ ડ્યુઅલ કલચ આપવામાં આવ્યા છે. બે ઈલેક્ટ્રિક મોટર આગળના વ્હીલ્સને પાવર આપે છે. જ્યારે, ત્રીજી મોટર પાછળના ભાગમાં ટ્રાન્સમિશન સાથે જોડાયેલી છે. કારમાં સ્ટાન્ડર્ડ તરીકે દૂર કરી શકાય તેવી બ્લેક ફેબ્રિક રુફ આપવામાં આવી છે. તેને કારમાં જ સ્ટોર કરી શકાય છે. જોકે, આ રુફ લગાવેલું હોય ત્યારે કારની ટોપ સ્પીડ ૨૦૦ કિમી પ્રતિ કલાક સુધી મર્યાદિત રહે છે. વાલ્હાલા સ્પાઈડરના પ્રોડક્શનમાં એસ્ટ્રોન માર્ટિન પરફોર્મન્સ ટેકનોલોજીઝની મદદ લેવામાં આવી છે. તે એસ્ટન માર્ટિનની ફોર્મ્યુલા-૧ ટીમનું ટેકનિકલ કન્સલ્ટિંગ યુનિટ છે. કારમાં કાર્બન ફાઈબર મોનોકોક સ્ટ્રક્ચર અને એક્ટિવ એરોડાયનેમિક સિસ્ટમ આપવામાં આવી છે. આ સિસ્ટમ કારની સ્પીડ અને ડ્રાઈવિંગ મોડ પ્રમાણે આગળ અને પાછળના એરોડાયનેમિક ભાગોને ગોઠવે છે. રેસ મોડમાં ૧૫૦ માઈલ પ્રતિ કલાકની ઝડપે કાર ૬૦૦ કિલોથી વધુ ડાઉનફોર્સ ઉત્પન્ન કરી શકે છે.

રુફને દૂર કર્યા વિના કાર ૩૫૦ કિમીની સ્પીડે દોડે છે : કારમાં ૪.૦ લિટરનું ટ્વિન-ટર્બો વીટ૮ પેટ્રોલ એન્જિન છે

વાલ્હાલા સ્પાઈડરના પ્રોડક્શનમાં કંપનીની ફોર્મ્યુલા-૧ ટીમની ટેકનિકલ કન્સલ્ટિંગ યુનિટની મદદ લેવામાં આવી છે

નિર્દેશક માક્સિમ કુઝનેતસોવની ફિલ્મ સૈયામી કરે છે

સૈયામી ખેરે ઈન્ડો રશિયન ફિલ્મ માટે મોસ્કોમાં જઈ શૂટિંગ કર્યું

મુંબઈ, તા. ૩૧

સૈયામી ખેર માક્સિમ કુઝેનેતસોવ નિર્દેશિત ઈન્ડો રશિયન ડ્રામા ફિલ્મમાં કામ કરી ઈન્ટરનેશનલ લેવલે સક્રિય બની છે. સૈયામીએ આ ફિલ્મનું તાજેતરમા મોસ્કોમાં શૂટિંગ કરી પોતે પહેલીવાર રશિયાની મુલાકાતે ગઈ હોવાનું જણાવ્યું હતું.



સૈયામીએ જણાવ્યું હતું કે સંપૂર્ણ વિદેશી કસબીઓ સાથે કામ કરવાનો આ મારો અલગ જ અનુભવ બની રહ્યો હતો. અમે રશિયામાં આ ફિલ્મનું શૂટિંગ કર્યું હતું. હું પહેલીવાર રશિયા ગઈ છું. મોસ્કોમાં કામ કરવાનો માહોલ એકદમ અલગ જ છે.

સરહદ અને ભાષાના બંધનો ફગાવી કામ કરવાની ખૂબ મજા આવી તેમ જણાવી સૈયામીએ ઉમેર્યું હતું કે રશિયનોની ફિલ્મ બનાવવાની તરાહથી મને ઘણું શીખવા મળ્યું છે.

રશિયન ભાષામાં બની રહેલી ફિલ્મમાં કામ કરી સૈયામીએ સરહદ અને ભાષાના અવરોધને ઓળંગ્યા

સલમાન માટે પોલીસ અધિકારીનું પાત્ર હોવાની અટકળો

ખલનાયક રીટર્ન્સમાં સલમાનની એન્ટ્રી બાબતે સુભાષ ઘઈ ફોડ પાડતાં નથી

મુંબઈ, તા. ૩૧

૧૯૯૩માં આવેલી હીટ ખલનાયકની સિકવન્સ ખલનાયક રીટર્ન્સમાં સંજયદત્તની સાથે સલમાનખાન પણ જોવા મળે તેવી સંભાવના છે.

સંજયદત્તના બલ્લુના પાત્ર સામે સલમાન માટે પોલીસ અધિકારીનું પાત્ર વિકસાવવામાં આવ્યું હોવાની અટકળો થઈ રહી છે. જો કે, સુભાષ ઘઈએ આ બાબતે કશો ફોડ પાડવાને બદલે એમ જણાવ્યું હતું કે પટકથા પુરી રીતે તૈયાર થાય તે પછી જ તેઓ કળાકારોની પસંદગીનો અંતિમ નિર્ણય લેશે.

સૂત્રોના જણાવ્યા અનુસાર સલમાન ખાન પોલીસ અધિકારી તરીકે બલ્લુને સહાય કરતો હોય એવી સ્ટોરી ડેવલપ કરવામાં આવી રહી છે. સલમાનખાને આ મામલે કશું જણાવ્યું નથી.

જો સલમાન આ ફિલ્મ કરવા સંમત થાય તો સુભાષ ઘઈ સાથે તે ફરી સાથે કામ કરશે. ૨૦૦૮માં આવેલી સુભાષ ઘઈની યુવરાજ ફિલ્મમાં બંને જણાંએ સાથે કામ કર્યું હતું. ૧૯૯૩માં આવેલી ખલનાયકમાં સંજયદત્તની સાથે માધુરી દિક્ષિત અને જેકી શ્રોફે મહત્વની ભૂમિકાઓ ભજવી હતી.

સલમાન ખાન અને સુભાષ ઘઈએ છેલ્લે ૨૦૦૮માં આવેલી યુવરાજ ફિલ્મમાં સાથે કામ કર્યું હતું

પાસ્ટ ટેન્સના પ્રિમિયરમાં પરેશ રાવલની પેટ છૂટી વાત

પરેશ રાવલ કહે છે ચાર દાયકામાં અઢીસો ફિલ્મો કરી પણ ૧૧ જ સારી

મુંબઈ, તા. ૩

દિલ્હીમાં પોતાની ફિલ્મ પાસ્ટ ટેન્સના પ્રિમિયરમાં સવાલ જવાબના કાર્યક્રમમાં પેટછૂટી વાત કરતાં પરેશ રાવલે જણાવ્યું હતું કે તેમણે ચાર દાયકા લાંબી કારકિર્દીમાં અઢીસોથી વધારે ફિલ્મોમાં કામ કર્યું છે પણ તેઓ તેમાંથી અગિયાર ફિલ્મોને જ સારી ગણે છે.

પરેશ રાવલે તેમની સારી ફિલ્મોમાં ૧૯૯૩માં આવેલી સરદાર, ૧૯૯૭માં આવેલી તમન્ના, ૨૦૦૮માં આવેલી ઓયે લકી લકી ઓયે, મુંબઈ મેરી જાન, ૨૦૨૫માં આવેલી ધ સ્ટોરીટેલર, હેરાફેરી અને ડકૈતનો સમાવેશ કર્યો હતો.પરેશ રાવલે ૧૯૮૪માં કેતન મહેતા નિર્દેશિત હોલી ફિલ્મ સાથે પોતાની કારકિર્દીની શરૂઆત કરી હતી. પરેશ રાવલે કોમેડી ફિલ્મોમાં પોતાની આગવી સ્ટાઈલ વિકસાવી છે. પરેશ રાવલે ગુજરાતી રંગભૂમિ પર અનેક સફળ નાટકો આપ્યા છે.

પરેશ રાવલની પ્રિય ફિલ્મોમાં સરદાર, હેરાફેરી ધ સ્ટોરી ટેલર, ઓયે લકી લકી ઓયેનો સમાવેશ

માને સામે મુછલે કરેલો માનહાનિનો કેસે ફગોવાયો

એક્ટર વિદ્યાન માને સંગીતકાર પલાશ મુછલ સામે કાનૂની કાર્યવાહી કરશે

મુંબઈ, તા. ૩૧

લોકોએ પબ્લિસિટી મેળવવા માટે પાયાવિહોણાં અને ખોટાં કેસો ન કરવા જોઈએ તેમ નિર્માતા અભિનેતા વિદ્યાન માનેએ તેમની સામે સંગીતકાર પલાશ મુછલે કરેલા માનહાનિના કેસને બોમ્બે હાઈકોર્ટે ફગાવી દીધો તેનો પ્રતિભાવ આપતાં જણાવ્યું હતું. માનેએ ઉમેર્યું હતું કે હું હવે પલાશ મુછલ સામે જરૂરી કાનુની કાર્યવાહી શરૂ કરવા માંગુ છું.



કેસની વિગતો અનુસાર માને અને મુછલ ડિસેમ્બર ૨૦૨૩માં સાંગલીમાં મળ્યા હતા અને માનેએ ફિલ્મ નઝરિયા માટે ૪૦ લાખ રૂપિયાની રકમ માર્ચ ૨૦૨૫માં ટ્રાન્સફર કરી દીધી હતી. પણ ફિલ્મ કદી પુરી ન થઈ અને નાણાં પણ પરત કરવામાં ન આવ્યા. માનેએ મુછલ સામે અંગત આક્ષેપો કરતાં મુછલે તે નકારી તેને દસ કરોડ રૂપિયાની માનહાનિની નોટીસ ફટકારી હતી. આ કેસને હાઈકોર્ટે ફગાવી દીધો હતો.

માનેએ મુછલ પર નઝરિયા ફિલ્મ બનાવવાના બહાને ૪૦ લાખની છેતરપિંડી આચરવાનો આક્ષેપ કરેલો

એઆઈ, સેમિકન્ડક્ટર અને રોબોટિક્સ કંપનીઓની છેલ્લા બે વર્ષથી ચાલી આવતી પ્રચંડ તેજીમાં અચાનક કડાકો

ચીનમાં એઆઈ કંપનીઓએ ૪ મહિનામાં ૪૮૦ અબજ ડોલર ગુમાવ્યા

ચીનનો આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સમાં તેજીનો દોર હવે અચાનક વર્ચ્યુઅલ વિશ્વમાંથી વાસ્તવિકતાની કઠોર ભૂમી પર આવીને ઊભો રહ્યો છે.

એઆઈ અને સેમિકન્ડક્ટર શેરોમાં આવેલા તીવ્ર વેચવાલીના દબાણને કારણે ચાર મહિનાથી પણ ઓછા સમયમાં લગભગ ૪૮૦ અબજ ડોલર (આશરે રૂ. ૪૦ લાખ કરોડ) જેટલી માર્કેટ વેલ્યૂ સાફ થઈ ગઈ છે.

રોઈટર્સના અહેવાલ અનુસાર, શાંઘાઈ સ્થિત ટોચની ૫૦ ટેક્નોલોજી કંપનીઓને ટ્રેક કરતો મુખ્ય 'STAR૫૦' ઈન્ડેક્સ જુલાઈના તેના ઉચ્ચતમ સ્તરથી લગભગ ૪૦ ટકા તૂટી ચૂક્યો છે. આ ઉપરાંત, ચીનનો વ્યાપક બ્લુ-ચિપ ઈન્ડેક્સ 'CSI૩૦૦' પણ જૂન મહિનાની ટોચથી આશરે ૨૦ ટકા ગગડ્યો છે. આ ઘટાડો ચીનની આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ, સેમિકન્ડક્ટર અને રોબોટિક્સ કંપનીઓ પ્રત્યે છેલ્લા બે વર્ષથી ચાલી આવતી પ્રચંડ તેજી અને ઉત્સાહમાં મોટો પલટો દર્શાવે છે.

શાંઘાઈ સ્થિત 'STAR50' ઈન્ડેક્સ જુલાઈના તેના ઉચ્ચતમ સ્તરથી લગભગ ૪૦ ટકા તૂટી ચૂક્યો છે. આ ઉપરાંત, ચીનનો વ્યાપક બ્લુ-ચિપ ઈન્ડેક્સ 'CSI300' પણ જૂન મહિનાની ટોચથી આશરે ૨૦ ટકા ગગડ્યો છે. આ ઘટાડો ચીનની આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ, સેમિકન્ડક્ટર અને રોબોટિક્સ કંપનીઓ પ્રત્યે છેલ્લા બે વર્ષથી ચાલી આવતી પ્રચંડ તેજી અને ઉત્સાહમાં મોટો પલટો દર્શાવે છે : રોબોટિક્સ, એઆઈ કે સેમિકન્ડક્ટરના કારણે લોકોને શું ફાયદો થશે અને ભવિષ્યમાં શું ગુમાવવાનું પણ આવશે તેના વિશે લોકોમાં સભાનતા આવતાની સાથે જે તે દિશામાં લોકોનો અણગમો શરૂ થઈ ગયો હોય તેમ જણાઈ રહ્યું છે. અતિશય ઊંચા મૂલ્યાંકનો, ભવિષ્યની માંગ પર સર્જાયેલા પ્રશ્નાર્થો, ચાઈનીઝ ટેક એક્સપોર્ટ પર સંભવિત નિયંત્રણો અને નફારૂપી વેચવાલીના દબાણે રોકાણકારોના વિશ્વાસને હચમચાવી દીધો છે : ઊંચા વેલ્યુએશન ઉપરાંત ચીનનો એઆઈ ઉદ્યોગ બીજી એક ગંભીર અડચણનો સામનો કરી રહ્યો છે.

જાણકારોના મતે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ, તેની વધતી જતી સરહદો, તેની પહોંચ અને તેના અવળા પરિણામો અને જોખમો અંગે પણ હવે લોકોમાં જાગ્રતી આવવા લાગી છે. રોબોટિક્સ, એઆઈ કે સેમિકન્ડક્ટરના કારણે લોકોને શું ફાયદો થશે અને ભવિષ્યમાં શું ગુમાવવાનું પણ આવશે તેના વિશે લોકોમાં સભાનતા આવતાની સાથે જે તે દિશામાં લોકોનો અણગમો શરૂ થઈ ગયો હોય તેમ જણાઈ રહ્યું છે.

લોકોના અચાનક બદલાયેલા વલણની અસર સીધી જ બજાર ઉપર જોવા મળી હતી. ઉલ્લેખનીય છે કે, ચીનના એઆઈ શેરોમાં આવેલા આ કડાકા પાછળ કોઈ એક માત્ર કારણ નથીત અતિશય ઊંચા મૂલ્યાંકનો, ભવિષ્યની માંગ પર સર્જાયેલા પ્રશ્નાર્થો, ચાઈનીઝ ટેક એક્સપોર્ટ પર સંભવિત નિયંત્રણો અને નફારૂપી વેચવાલીના દબાણે રોકાણકારોના વિશ્વાસને હચમચાવી દીધો છે.

સૌથી મોટી સમસ્યા એ હતી કે આ તેજી વાસ્તવિકતા કરતાં સટ્ટાખોરી પર વધુ આધારિત બની ગઈ હતી. રોકાણકારોએ એવી આશા સાથે નાણાં ઠાલવ્યા કે આ કંપનીઓને એઆઈ, એડવાન્સ્ડ ચિપ્સ અને રોબોટિક્સ ક્ષેત્રે અગ્રેસર બનાવવાના બેઈજિંગના મિશનનો સીધો લાભ મળશે. આર્થિક પ્રોત્સાહનોની સરકારી ખાતરીઓએ પણ બજારમાં ઉત્સાહ વધાર્યો, જેમાં ટેક્નોલોજી કંપનીઓ સૌથી મોટી લાભાર્થી તરીકે ઊભરી આવી. જેમ જેમ શેરના ભાવ વધતા ગયા, તેમ તેમ કંપનીઓના મૂલ્યાંકનો ભવિષ્યના વિકાસની અવાસ્તવિક અપેક્ષાઓ દર્શાવવા લાગ્યા.

રોકાણકારો માની રહ્યા હતા કે એઆઈ ઈન્ફ્રાસ્ટ્રક્ચરની માંગ અવિરત વધતી રહેશે અને ચિપ્સ, રોબોટિક્સ સિસ્ટમ્સ તેમજ ડેટા સેન્ટર ઘટકો સપ્લાય કરતી કંપનીઓ આ માંગને જંગી નફામાં બદલી નાખશે. પરંતુ અપેક્ષાઓ વાસ્તવિક બિઝનેસ ગ્રોથ કરતાં ક્યાંય વધુ ઝડપથી દોડતી હોય છે. જ્યારે શેરના ભાવમાં પહેલેથી જ આગામી વર્ષોના અતિ-ઝડપી વિકાસનો અંદાજ ગણી લેવાયો હોય, ત્યારે અપેક્ષામાં સહેજ પણ ખામી કે સેન્ટિમેન્ટમાં પલટો ભારે ઘટાડો નોંતરી શકે છે.

આ શેરોમાં રોકાણનું પ્રમાણ એટલું વિશાળ હતું કે ઘટાડો પણ તેટલો જ આઘાતજનક સાબિત થયો. રોઈટર્સ દ્વારા ટાંકવામાં આવેલા ગોલ્ડમેન સૅક્સના ડેટા અનુસાર, મેઈનલેન્ડ-લિસ્ટેડ 'A-શેર્સ' અને હોંગકોંગ-લિસ્ટેડ 'H-શેર્સ'માં એઆઈ શેરોનો હિસ્સો માર્કેટ કેપિટલાઈઝેશનમાં ૪૨ ટકા અને ટ્રેડિંગ ટર્નઓવરમાં ૫૭ ટકા જેટલો મોટો હતો.

બીજી મહત્ત્વની વાત એ છે કે, ઊંચા વેલ્યુએશન ઉપરાંત ચીનનો એઆઈ ઉદ્યોગ બીજી એક ગંભીર અડચણનો સામનો કરી રહ્યો છે.

આંતરરાષ્ટ્રીય બજારો, ખાસ કરીને અમેરિકા સુધીની પહોંચ પર લાદવામાં આવેલા નિયંત્રણો અને અસ્થિરતા વ્યાપક પ્રમાણમાં અસર કરી રહી છે. ચર્ચા એવી છે કે, એઆઈ ડેટા સેન્ટર્સમાં ઉપયોગમાં લેવાતા સાધનોના ચાઈનીઝ સપ્લાયર્સ પર અમેરિકા દ્વારા સંભવિત પ્રતિબંધો લાદવાની આશંકાએ વેચવાલીને વધુ તેજ બનાવી છે.

ઓપ્ટિકલ કમ્પોનન્ટ્સ આનું ઉત્તમ ઉદાહરણ છે. ઓપ્ટિકલ ટ્રાન્સસીવર્સ ડેટા સેન્ટર્સની સિસ્ટમ્સ વચ્ચે ડેટા ટ્રાન્સફર કરવામાં મદદ કરે છે, જે એઆઈ કમ્પ્યૂટિંગ માટે અનિવાર્ય કોમ્પોનન્ટ છે. ચાઈનીઝ ઉત્પાદકો 'Zhongji Innolight' અને 'Eoptolink Technology' એ ડેટા સેન્ટરની વધતી માંગ વચ્ચે મોટું રોકાણ આકર્ષ્યું હતું, પરંતુ યુએસ ડેટા સેન્ટર્સને સપ્લાય કરવાની તેમની ક્ષમતા પર નિયંત્રણો આવી શકે છે તેવી ચિંતા વચ્ચે તેમના શેરમાં જૂન-જુલાઈની ટોચથી લગભગ ૬૦ ટકા જેટલો કડાકો બોલી ગયો છે.

ઉલ્લેખનીય છે કે, ચીનની એઆઈ તેજીમાં સામાન્ય રિટેલ રોકાણકારોએ દેશની ટેક્નોલોજી ક્ષમતાના વિકાસના નામે મોટા પાયે શેરો ખરીદ્યા હતા. પરંતુ હવે તે ઉત્સાહ આકરી કસોટીમાંથી પસાર થઈ રહ્યો છે.

રોબોટ નિર્માતા 'Unitree', જેની શેર ઓફરિંગ રિટેલ રોકાણકારો દ્વારા ૮,૦૦૦ ગણી ઓવરસબ્સ્ક્રાઈબ થઈ હતી, તેના શેરમાં ઓગસ્ટના લિસ્ટિંગ બાદ ભારે પછડાટ જોવા મળી. ચિપમેકર્સ CXMT, MetaX Integrated Circuits અને Moore Threads Technology જેવી કંપનીઓએ પણ મોટો ઘટાડો વેઠવો પડ્યો છે.

ગયા વર્ષે ડેબ્યૂ વખતે અનુક્રમે ૭૦૦ ટકા અને ૪૦૦ ટકા ઉછળેલા MetaX અને Moore Threadsના શેરોએ જુલાઈ પછી પોતાનું અડધું મૂલ્ય ગુમાવી દીધું છે. તેવી જ રીતે Unitreeના તાજેતરના નાણાકીય પરિણામો આ મંદીનું વાસ્તવિક ચિત્ર રજૂ કરે છે. કંપનીએ ત્રીજા ક્વાર્ટરમાં વાર્ષિક ધોરણે ૭૦ ટકાની વૃદ્ધિ સાથે ૬૬.૫ કરોડ યુઆન (આશરે ૧૦ કરોડ ડોલર)ની આવક નોંધાવી હતી. જોકે, સંશોધન અને વિકાસ (R&D) ખર્ચ બમણાથી વધુ થઈ જવાને કારણે ચોખ્ખો નફો ૧૭.૪ ટકા ઘટીને ૧૧.૨૭ કરોડ યુઆન રહ્યો હતો, જે વિશ્લેષકોના અંદાજ કરતાં ઓછો હતો. તેના શેરમાં પણ અતિશય અસ્થિરતા રહી છે. આ પરિણામો દર્શાવે છે કે બિઝનેસની વૃદ્ધિ અને રોકાણકારોની અપેક્ષાઓ હંમેશા એક દિશામાં આગળ વધતી નથી.

બીજી વાત એવી છે કે, કડાકાને કારણે મૂલ્યાંકન ઘટ્યું છે ખરું, પરંતુ ચાઈનીઝ ટેક શેરો હજી પણ સસ્તા કે ખરીદવા યોગ્ય સોદા બની ગયા નથી. રોઈટર્સ



અનુસાર, STAR૫૦ ઈન્ડેક્સ હજી પણ તેની અગાઉની કમાણીના આશરે ૧૦૦ ગણા વેલ્યુએશન પર ટ્રેડ થઈ રહ્યો છે, જે અગાઉ લગભગ ૨૫૦ ગણો હતો. તેની સરખામણીમાં અમેરિકાનો નાસ્ડેક ૧૦૦ તેની ટ્રેઈલિંગ કમાણીના માત્ર ૩૦ ગણા આસપાસ ટ્રેડ થાય છે. બંને બજારો વચ્ચેની સરખામણી દરેક પાસામાં એકસમાન ન હોવા છતાં, આ તફાવત દર્શાવે છે કે ચીની ટેક શેરોમાં હજુ પણ અતિશય આશાવાદ વણાયેલો છે. રોકાણકારોએ હવે એ જોવાનું રહેશે કે બાકી રહેલા મૂલ્યાંકનો કંપનીઓની વાસ્તવિક આવક, નફો અને ટકાઉ કેશ ફ્લો ઉત્પન્ન કરવાની ક્ષમતા સાથે સુસંગત છે કે નહીં.

એઆઈ હાર્ડવેર અને રોબોટિક્સ જેવા ઝડપથી બદલાતા ઉદ્યોગોમાં આ બાબત અત્યંત મહત્વપૂર્ણ છે.

કોઈપણ કંપની નફાકારક સ્તરે પહોંચે તે પહેલાં તેણે રિસર્ચ, કમ્પ્યુટિંગ ક્ષમતા, મેન્યુફેક્ચરિંગ અને પ્રોડક્ટ ડેવલપમેન્ટમાં જંગી મૂડી રોકવી પડે છે.

આ ઉપરાંત તીવ્ર સ્પર્ધા પણ મોટો પડકાર છે. જેમ જેમ ચાઈનીઝ ઉત્પાદકો ક્ષમતા વધારશે, તેમ તેમ ચિપ્સ અને એઆઈ સાધનો બનાવતી કંપનીઓ ગ્રાહકો મેળવવા માટે ભાવ ઘટાડવાની સ્પર્ધામાં ઉતરશે. માંગ વધવા છતાં પણ આવી ગળાકાપ સ્પર્ધા નફાના માર્જિનને સંકોચી શકે છે.

આ મંદીના કારણે કંપનીઓ માટે મૂડી એકત્ર કરવી પણ મુશ્કેલ બની શકે છે, કારણ કે રોકાણકારો હવે અગાઉ જેવા અતિશય ઊંચા મૂલ્યાંકનો સ્વીકારવા તૈયાર નથી. આ ઘટાડો બેઈજિંગ માટે મોટો પડકાર ઊભો કરે છે, જે સામાન્ય નાગરિકોને શેરબજારમાં રોકાણ કરવા પ્રોત્સાહિત કરી રહ્યું હતું અને એક સ્થિર માર્કેટ બનાવવાનો પ્રયાસ કરી રહ્યું હતું.

રોકાણકારો હવે માત્ર વાતો નહીં, ટકાઉ નફાના નક્કર પુરાવા માંગે છે

જાણકારોના મતે માત્ર ટેક શેરો પર આધારિત તેજી વ્યૂહાત્મક ઉદ્યોગો તરફ મૂડી આકર્ષી શકે છે, પરંતુ જો રોકાણકારો કંપનીના વ્યાપારી હિતોને બદલે માત્ર તેની 'એઆઈ ઓળખ' જોઈને નાણાં રોકવા લાગે, તો તે રોકાણના નિર્ણયોને ભટકાવી દે છે.

જ્યારે આવી તેજી અટકે છે, ત્યારે સમગ્ર બજારના સેન્ટિમેન્ટને નુકસાન થાય છે. જે રોકાણકારો મોટા પાયે પ્રમોટ થયેલા ક્ષેત્રમાં નાણાં ગુમાવે છે, તેઓ ભવિષ્યના નવા લિસ્ટિંગ અને અન્ય શેરો પ્રત્યે પણ શંકાશીલ બની જાય છે.

આ ઘટના વૈશ્વિક બજારો માટે પણ એક ચેતવણીરૂપ છે. ચીનનો આ અનુભવ એવા સમયે સામે આવ્યો છે જ્યારે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ વિશ્વભરમાં સૌથી મોટો રોકાણ વિષય બની ગયો છે.

યુએસ ટેક શેરો પણ દબાણનો સામનો કરી રહ્યા છે, જોકે ત્યાં ઘટાડો આટલો ગંભીર નથી. રોકાણકારો એઆઈ ઈન્ફ્રાસ્ટ્રક્ચરમાં અબજો ડોલર ઠાલવી રહ્યા છે ત્યારે મૂળ પ્રશ્ન એ જ રહે છે : શું ભવિષ્યની કમાણી આ જંગી રોકાણ અને ઊંચા મૂલ્યાંકનોને યોગ્ય ઠેરવી શકશે? ચીનમાં આવેલા આ કરેક્શનનો અર્થ એવો નથી કે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સની ઉદ્યોગો બદલી નાખવાની ક્ષમતા પૂરી થઈ ગઈ છે કે તમામ એઆઈ કંપનીઓ ઓવરવેલ્યુડ છે. કેટલીક મજબૂત કંપનીઓ વધુ શક્તિશાળી બનીને ઊભરી શકે છે, કારણ કે હવે રોકાણકારો સક્ષમ બિઝનેસ મોડેલ ધરાવતી પેઢીઓ અને માત્ર અપેક્ષાઓ પર દોડતી કંપનીઓ વચ્ચેનો ભેદ પારખવા લાગ્યા છે. પરંતુ હવે ટેકનોલોજીકલ સંભાવનાઓ અને વાસ્તવિક નાણાકીય પરિણામો વચ્ચેના અંતરને નજરઅંદાજ કરવું મુશ્કેલ બની ગયું છે.

ચીનનો એઆઈ ઉત્સાહ એ ધારણા પર રચાયો હતો કે દેશની ટેક કંપનીઓ આગામી ઔદ્યોગિક વિકાસમાં કેન્દ્રીય ભૂમિકા ભજવશે. એ મહત્વકાંક્ષા હજુ પણ જીવંત છે, પરંતુ રોકાણકારો હવે માત્ર વાતો નહીં, ટકાઉ નફાના નક્કર પુરાવા માંગી રહ્યા છે. હવે સવાલ એ નથી રહ્યો કે કઈ કંપનીને એઆઈથી ફાયદો થશે; સવાલ એ છે કે કઈ કંપની આ આશાસ્પદ ટેકનોલોજીને એવા નફાકારક બિઝનેસમાં રૂપાંતરિત કરી શકશે જેનું મૂલ્યાંકન રોકાણકારો વ્યાજબી ઠેરવી શકે.

મોંઘવારી-બેરોજગારી જેવી મૂળભૂત સમસ્યાઓના વાસ્તવિક નિરાકરણમાં ખરેખર કોઈ નેતાને રસ નથી!

દેશના નેતાઓની માનસિકતાનું અધઃપતન

નવી દિલ્હી, તા.૩૧

ભારતમાં મોંઘવારી સતત વધી રહી છે. વધુમાં એઆઈ ટેક્નોલોજીના પગલે બેરોજગારી વધી રહી છે. દેશમાં જનતા આવી અનેક સમસ્યાઓથી ત્રસ્ત છે તેવા સમયે પ્રજાની પીડા દૂર કરવાની જવાબદારી જેના માથે છે તે સરકાર અને વિપક્ષ બંને અણછાજતા નિવેદનો કરવામાં વ્યસ્ત છે. બ્રિટિશરોની ગુલામીમાંથી આઝાદ થતા વેરવિખેર થઈ રહેલા દેશના એકીકરણમાં સિંહફાળો આપનારા સરદાર પટેલની જન્મજયંતીએ વડાપ્રધાન મોદી એકતાનગરમાં વિપક્ષના નેતાઓને 'દિમાગી નક્સલ' ગણાવે છે. બીજીબાજુ વિપક્ષ દિલ્હીમાં 'મોક સંસદ' યોજીને વોટચોરી, 'સર' મુદ્દે સીઈસી જ્ઞાનેશ કુમાર વિરુદ્ધ સાંકેતિક મહાભિયોગની કાર્યવાહીનું 'નાટક' રચ્યું હતું. પ્રજાની પીડા દૂર કરવા માટે નક્કર પગલાં લેવાના બદલે શાસક પક્ષ અને વિપક્ષ બંને માત્ર એકબીજાનો વિરોધ કરવાના દેખાવો કરી રહ્યા છે. દેશના નેતાઓનું આ પ્રકારનું વિદૂષક જેવું વર્તન તેમની માનસિકતાનું અધઃ પતન દર્શાવે છે.

દેશમાંથી નકસલવાદ ખતમ થયો છે પરંતુ દિમાગી નકસલવાદ વધ્યો છે

દેશને નક્સલવાદ કરતા વધારે ખતરો દિમાગી નક્સલવાદથી છે : પીએમ મોદી

રાજપીપળા તા.૩૧

દેશને નક્સલવાદ કરતા દિમાગી નક્સલવાદથી વધારે ખતરો છે, દેશમાંથી નક્સલવાદ તો ખતમ થયો છે પરંતુ દિમાગી નક્સલવાદ વધ્યો છે, દેશના લોકોને આનાથી સતર્ક રહેવું પડશે, દેશ વિરોધી તત્વો સામે દેશના લોકોએ સામૂહિક સામનો કરી દેશને સંપૂર્ણ સુરક્ષિત બનાવવાનો છે તેમ આજે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ નર્મદા જિલ્લાના એકતાનગર ખાતે સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૧મી

જન્મજયંતિ પ્રસંગે કહ્યું હતું.

એકતાનગર ખાતે નકસલ મુક્ત ભારતની થીમ પર રાષ્ટ્રીય એકતા દિવસની ઉજવણી અને રાષ્ટ્રીય એકતા પરેડ બાદ તેમણે કહ્યું હતું કે આપણું દુર્ભાગ્ય છે કે આ સમયે દેશનો વિપક્ષ પોતાના કર્તવ્યને ભૂલી ગયો છે. એ વિરોધ પક્ષ નહી પરંતુ અવરોધ પક્ષ બની ગયો છે. તેઓ હતાશા અને નિરાશામાં દેશના વિકાસના રસ્તે અડચણો ઊભી કરી રહ્યા છે. વિપક્ષો અડચણ નાખવાની રાજનીતિ કરી રહ્યા છે, તેઓ સંવિધાનની ગરિમા અને તેની મર્યાદાઓને ધૂળમાં મેળવવા કામ કરી રહ્યા છે. આ તાકાતો દેશને વહેંચવાના ષડયંત્રોમાં સતત જોડાયેલી છે.

તેમણે આરોપ લગાવ્યા કે કેટલીક તાકાતો દેશમાં સતત વિભાજન ઊભું કરવાનો પ્રયાસ કરી રહી છે, એક દાયકા કરતા વધુ સમયની રાજકીય હતાશા અને નિરાશા પછી હવે આ લોકો ખુલ્લેઆમ સામે આવી ગયા છે. વિદેશમાં કોણ ભારત વિરોધી તાકાતો

(અનુસંધાન ૧૩મે પાને)

વિરોધ પક્ષ દેશના વિકાસ માટેના પોતાના કર્તવ્યો ભૂલી અવરોધ પક્ષ બની ગયો હોવાનો એકતાનગરમાં વડાપ્રધાનનો આક્ષેપ

સીઈસી જ્ઞાનેશ કુમારને હટાવવા વિપક્ષનો સાંકેતિક મહાભિયોગ

૨૦૨૪ની લોકસભા ચૂંટણી ગેરકાયદે વિપક્ષની મોક સંસદમાં રાહુલનો દાવો

નવી દિલ્હી, તા. ૩૧

વોટચોરી, કરોડો મતદારોના નામ રદ કરવા સહિતના આરોપોનો સામનો કરી રહેલા મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમાર સામે કોંગ્રેસે મોક મહાભિયોગ પ્રક્રિયા હાથ ધરી હતી. સંસદમાં જેવી પ્રક્રિયા હાથ ધરાતી હોય છ તેવી આબેહુબ સાંકેતિક પ્રક્રિયા જોવા મળી હતી. જેમાં કોંગ્રેસના નેતા રાહુલ ગાંધીએ મોટો દાવો કર્યો હતો અને કહ્યું હતું કે ૨૦૨૪ની લોકસભાની ચૂંટણી ગેરકાયદે હતી. વિપક્ષની આ મોક સંસદ જોકે હાંસીને પાત્ર પણ બની હતી અને લોકોએ તેની ગંભીરતા પર પણ સવાલો ઉઠાવ્યા હતા.

કોંગ્રેસ અધ્યક્ષ ખડગેના નિવાસ સ્થાને ગાર્ડનમાં જ્ઞાનેશ કુમાર સામે મોક મહાભિયોગ પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી. સંસદ જેવા દ્રશ્યો ઉભા કરવામાં આવ્યા હતા. જેમાં ઈન્ડિયા ગઠબંધનના મોટા ભાગના નેતાઓ જોડાયા હતા. જ્યારે લોકસભાના પૂર્વ સ્પીકર મીરા કુમાર આ મોક સંસદના અધ્યક્ષ બન્યા હતા, તેઓ પોતાની આગવી શૈલીમાં બૈઠ



જાઈએ બૈઠ જાઈએ કહેતા જોવા મળ્યા હતા. ત્રણથી ચાર નેતાઓને મીરા કુમારે ટોક્યા હતા અને બેસી જવા કહ્યું હતું.

જ્યારે કોંગ્રેસના સાંસદ અને લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધીએ મોક સંસદને સંબોધતા કહ્યું હતું કે મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમાર સવાલોના ઘેરામાં છે, ભારતના ૧૩ કરોડથી વધુ મતદારોનું નામ મતદારોની યાદીમાંથી કાપી નાખવામાં આવ્યું. દેશના ૧૫ ટકા મતદારોને હટાવી દેવામાં આવ્યા. તમામ સરકારી

(અનુસંધાન ૧૩મે પાને)

ભાજપ વિરોધી મતદારોને યાદીમાંથી હટાવવા માટે જ મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમારે 'સર' પ્રક્રિયા હાથ ધરી : ખડગે

સેટેલાઈટના માધ્યમથી જવાબ મળ્યો

હવે સ્પેસમાં એઆઈ : ગૂગલે કવિતા લખાવીને મોડલ એક્ટિવેટ કર્યું

કેલિફોર્નિયા, તા.૩૧

ગૂગલે એઆઈ ટેકનોલોજીને પૃથ્વીની બહાર લઈ જવાની દિશામાં મહત્વપૂર્ણ સફળતા મેળવી છે. કંપનીના પ્રોજેક્ટ સનકેચર હેઠળ સ્પેસમાં મોકલવામાં આવેલા પ્રોટોટાઈપ સેટેલાઈટે પહેલી વખત એઆઈ મોડલ ચલાવીને તેનો જવાબ પૃથ્વી પર મોકલ્યો છે. તેની ખાસ વાત એ છે કે સેટેલાઈટમાં રહેલા એઆઈ મોડલને અંતરિક્ષ વિશે હાઈકુ (જાપાનીઝ કવિતાનું એક સ્વરૂપ) લખવાનો આદેશ આપવામાં આવ્યો હતો.

મોડલે ત્રણ પંક્તિની કવિતા લખીને તેનો જવાબ પૃથ્વી પર મોકલ્યો હતો.

ગૂગલના જણાવ્યા અનુસાર, આ પ્રયોગમાં સેટેલાઈટમાં લગાવવામાં આવેલા કંપનીના ખાસ એઆઈ

(અનુસંધાન ૧૩મે પાને)

પ્લેનેટ નામની કંપની સાથે બનાવેલો પ્રોટોટાઈપ સ્પેસએક્સના રોકેટ દ્વારા અંતરિક્ષમાં મોકલ્યો હતો

ભારતીયો ગૌમૂત્ર પીવે છે : યહુદી ધર્મગુરુનો વિવાદ

ધર્મગુરુએ હિન્દુઓનું અપમાન કરતા ઈઝરાયેલે માફી માગવી પડી

નવી દિલ્હી, તા.૩૧

ઈઝરાયેલ-અમેરિકન રબ્બી એટલે કે યહુદી ધર્મગુરુ યોસી મિઝરાહીએ હિન્દુઓની ગાય પૂજાની મજાક ઊડાવી અને ભારતીય ડોક્ટરો પર અપમાનજનક ટીપ્પણી કરી વિવાદ સર્જ્યો હતો. જોકે, આ વીડિયો વાયરલ થયા પછી ભારત અને ઈઝરાયેલમાં મિઝરાહીની આકરી ટીકા થઈ રહી છે. આ સંદર્ભમાં ભારત ખાતે ઈઝરાયેલના દૂતે શનિવારે ભારતીયો અને હિન્દુઓની માફી માગી હતી.

મિઝરાહીને ઈઝરાયેલ તથા બ્રિટનના મુખ્ય પ્રવાહના યહુદી સમુદાયોએ સંપૂર્ણપણે બહિષ્કૃત કર્યા : રાજદૂત

મધ્ય-પશ્ચિમ ભારત માટે ઈઝરાયેલના કોન્સ્યુલેટ જનરલ યાનિવ રેવાચે યહુદી ધર્મગુરુની ટીપ્પણીઓ અંગે કહ્યું કે, યોસી મિઝરાહીની વાતો ધૃણાસ્પદ અને અત્યંત વાંધાજનક છે. તેઓ યહુદી સમાજ અથવા ઈઝરાયેલનું પ્રતિનિધિત્વ નથી કરતા. યાનિવ રેવાચે

(અનુસંધાન ૧૩મે પાને)

ઈરાન ભડક્યું, વળતી અને આક્રમક કાર્યવાહીની ચેતવણી

ટ્રમ્પે છેવટે મિડ ટર્મ ચૂંટણી પહેલા જ ઈરાન પર હુમલો કરી દીધો !

વોશિંગ્ટન,તા.૩૧

ટ્રમ્પે અંતે ત્રીજી નવેમ્બરની મિડ ટર્મ ચૂંટણી પહેલા ઈરાન પર નાનો હુમલો કરી દીધો. ઈરાને દાવો કર્યો છે કે અમેરિકાએ કેશમ દ્વીપ પાસે હુમલો કર્યો છે. આ હુમલાનો ભોગ જો કે બે નૌકાઓ બની હતી. જેના પગલે ઈરાનના વડા મોજતબા ખામેનેઈએ જણાવ્યું હતું હતુ કે અમેરિકાએ યુદ્ધ શરુ કર્યુ છે, પરંતુ હવે યુદ્ધ અમે પૂરુ કરીશું. તેની સામે ટ્રમ્પે પણ જણાવ્યું હતું કે અમને ઈરાન યુદ્ધ પૂરુ કરવાની કોઈ ઉતાવળ નથી.

અમેરિકાએ યુદ્ધ શરૂ કર્યુ છે, પૂરુ અમે કરીશું, યુએસ-ઈઝરાયેલના લશ્કરી મથકોનો કચ્ચરઘાણ કાઢીશું : મોજતબા ખામેનેઇ

મોજતબા ખામેનેઈએ આદેશ આપ્યો છે કે દુશ્મનના કોઈપણ હુમલાનો આકરામાં આકરો જવાબ આપવામાં આવે. તેમણે જણાવ્યું હતું કે હવે અમારા હુમલાની કોઈપણ ભૌગોલિક સીમા નહીં હોય. તેની સાથે ઈરાને આ જંગ હિંદ મહાસાગર સુધી ફેલાવવાની ધમકી આપી હતી. હવે દુશ્મન ફરીથી હુમલો કરે છે તો ઈરાન નવા સંઘર્ષને ખતમ કરવાનો સમય અને શરતો પોતે જ નક્કી કરશે. ખામેનેઈએ બધા જ અમેરિકન

(અનુસંધાન ૧૩મે પાને)

અર્નબ વાવાઝોડુ લોપ્રેશરમાં ફેરવાયું ત્યાં દેશમાં આંધ્રના કાંઠેથી

સોમવારે વધુ એક વાવાઝોડું 'મુરાસુ' ત્રાટકશે, તેની દિશા દ.ગુજરાત ભણી

રાજકોટ,શનિવાર

આશ્ચર્યજનક રીતહજુ આંધ્રપ્રદેશ પુડુચેરીના કાંઠે ત્રાટકેલું અર્નબ વાવાઝોડુ આજે ઉત્તરપ્રદેશ ઉપર પહોંચીને લોપ્રેશર એરિયામાં ફેરવાયેલ છે જેના પગલે ત્યાં વરસાદી માહોલ જામ્યો છે ત્યાં હવે તા. ૨ નવેમ્બર સોમવારની સાંજની આસપાસના સમયે અને તે પણ આંધ્રપ્રદેશ કાંઠા નજીક એક પછી બીજું વાવાઝોડુ 'મુરાસુ 'ત્રાટકશે જે આગળ વધવાની અનુમાનિત દિશા હૈદ્રાબાદ,નાસિક થઈને દક્ષિણ ગુજરાત તરફની છે.

મોસમ વિભાગ અનુસાર આજે દક્ષિણ-પૂર્વ બંગાળની ખાડીમાં આંદામાન-નિકોબાર નજીક વેલમાર્કડ લોપ્રેશર આજે ડીપ્રેશનમાં ફેરવાયું છે અને શ્રીવિજયપુરમથી ૩૩૦ કિ.મી.ના અંતરે છે. તે પશ્ચિમ-ઉત્તર-પશ્ચિમ દિશા તરફ આગળ વધે છે અને આંધ્રપ્રદેશના કાંઠા નજીક પહોંચીને સાયક્લોનિક સ્ટોર્મ (વાવાઝોડા)માં ફેરવાશે. જો કે ગુજરાતને કેટલી અસર તે બે-ત્રણ દિવસ બાદ સ્પષ્ટ થશે. ઉલ્લેખનીય છે કે અર્નબ વાવાઝોડુ જમીન પર ત્રાટક્યું ત્યારે પૂર્વાનુમાન

(અનુસંધાન ૪થે પાને)

હવે આવનાર વાવાઝોડાનું નામ ભારતે સૂચવેલું અપાશે

અર્નબ પછી આવનાર વાવાઝોડાનું નામ 'મુરાસુ 'રાખવામાં આવશે. આ તમિલ ભાષાનો પ્રાચીન શબ્દ છે જેનો અર્થ થાય છે નગારું કે ઢોલ. પ્રાચીન સમયમાં રાજવીઓ તેનો ઉપયોગ લોકોને યુધ્ધની ઘોષણા કરવા, મહત્વપૂર્ણ જાહેરાત કરવા માટે થતો હતો. આ નામ ભારતે સૂચવેલું છે. દેશોએ સૂચવેલા નામો ક્રમાનુસાર વાવાઝોડાને આપવાનો હેતુ એ છે કે તેનાથી ચોક્કસ સાયક્લોન અને તેની ગતિવિધિથી જનતા અવગત રહી શકે. એકથી વધુ વાવાઝોડુ હોય ત્યારે મુંઝવણ થતી નથી.

ગુજરાત પહોંચતા પૂર્વે મહારાષ્ટ્રમાં ડીપ્રેશનમાં ફેરવાશે પણ દિશા જાળવી આગળ વધે તો રાજ્યમાં દિવાળી પૂર્વે માવઠાં

Ready Possession
Plots @ 30Lakh
All Amenities Ready
Bank Loan on Plots Available
Sanand, Ahmedabad
99300 69141 • 80004 44477

Pre-lease Property for sale
Best ROI long lease, Pharma Company
Premium Space on SG Highway, 14 feet height for Restaurant, Banquet Hall, Showrooms, Cafe, Office, IT, Pharma Industries, 18,000 carpet floors
M.: 9979751111

બંગલા જેવી વિશાળતા પ્રાઇવેટ લિવિંગ
4.5 BHK READY 1 Floor 4174 Sq.ft. Possession 1 Flat
Kailasam
9662207544/8866694276

અમદાવાદના પોશ વિસ્તાર SCIENCE CITY માં
પોતાના પ્લોટના માલિક બનો
Approx 500 થી 1000 sq.yd
M- 88 66 01 44 99

વેચવાનું છે રેડી પઝેશન
પેન્ટહાઉસ 5 BHK લક્ઝુરિયસ
6075 સ્ક્વેર ફૂટ
સાયન્સ પાર્ક, સાયન્સ સીટી
6358857120

પ્લોટ વેચવાનો છે
7575000630

FLAT FOR SALE
New Ready to move
3/4 BHK
Amenities: Garden, Swimming Pool, Gym at Swati Premier (Link-in Road), Sarathiya West (VIP Road)
Showroom at Swati Trinity
Whatsapp Call: 97144 66328

જોઈએ છે
રાજપથ ક્લબની મેમ્બરશીપ
Call: 88498 46417

બંગલો વેચવાનો છે
ગોકુલધામમાં પ્રાઈમ લોકેશન
4 BHK 588 / 380
M: 7863883302

Required on RENT/SELL
HOTEL • PG • BUILDING
Ambawadi - Navrangpura
Vastrapur - Satellite - Bopal
Shela - Shilaj - SG Highway
SPACE INDIA
97255 98964 - 99250 44360

વેચાણ/ ભાડે આપવાની છે
કોમર્શિયલ બીલ્ડીંગ, પરિમલ ગાર્ડન,
• ગ્રાઉન્ડ અને પહેલો માળ 2155 Sq. Ft.
• બીજો માળ 6620 Sq. Ft.
• ત્રીજો માળ 6620 Sq. Ft.
• ચોથો માળ 2505 Sq. Ft.
મો.9924122015

ફ્લેટ વેચવાનો છે
3 B H K, (ટેરેસ સાથે)
સત્યમ એપાર્ટમેન્ટ
(૧૦૦ મીટરમાં),નારણપુરા
M. 95 106 72 754

3BHK 1.23Cr++
88 66 27 44 99 - 93 75 97 64 44

SALE OR RENT
3 BHK LUXURIOUS FURNISHED
BUNGLOW AT NATURE EDGE, BAVLU, AHMEDABAD
9825060331

4BHK ફ્લેટ વેચવાના છે
3121 / 4130
DHYAANA REALTY

Retail Showroom for Sell / Rent
2908 Sq.Ft. Carpet
Call: 98250 18366

પ્લોટ્સ / જગ્યાઓ જોઈએ છે
સમગ્ર ગુજરાતમાં પ્લોટીંગ ની સ્કીમ ચાલુ હોય તેવા બિલ્ડરો પાસેથી મોટી સંખ્યામાં N.A., ટાઈટલ ક્લિયર પ્લોટો જોઈએ છે.
સંપૂર્ણ વિગત સાથે વ્હોટ્સએપ કરો
Mo. : 74050 04547
પ્લોટીંગની સ્કીમ માટે જગ્યાઓ. ઈન્ડસ્ટ્રીયલ પ્લોટો પણ જોઈએ છે.

પુષ્યનક્ષત્ર
ચોકસી ભાઈલાલ ડાહ્યાભાઈ

નવા કોમર્શિયલ લેન્ડમાર્કમાં
1600 સ્કે.ફૂટ થી 7500 સ્કે.ફૂટ
8200943067 | 9377150055

જમીન વેચવાની છે
9558707215

BOOK NOW
NO GST • READY TO MOVE
4 BHK WITH 2 BALCONY
2929 SQ. FT. 28 UNITS ONLY
BU RECEIVED
PARUL gracious
Near Commerce Six Roads Navrangpura
M. : 99798 84424
PR/GJ/Ahmedabad/Ahmedabad City/Ahmedabad Muni. Corp. / RAA 13785 / 030724 / 311226

4 BHK વેચવાનો છે
355 વાર
9909985401

BU RECEIVED
NO GST
નવી સ્કીમમાં ફ્લેટ
3 BHK 1.27Cr
4 BHK 2.55Cr
M. 63 52 52 88 47

બેસણું

અવસાન નોંધ

ચિત્તરંજન ઠાકોરલાલ શાહ

દુઃખદ અવસાન



મો.92272 09855

બેસણું

બેસણું

સ્થાનકવાસી જૈન બેસણું

સ્વ. અરવિંદભાઈ દીપચંદભાઈ કોઠારી

બેસણું

બેસણું



શ્રી સંજય ગજાનનભાઈ દાણી